અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express    Ahmedabad    RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

બધા પ્રોડ્યુસર મને વજન વધારવા માટે કહેતાં હતાં : સોનાલી



પેજ-09

સિક્સ પડતાં જ સ્ટાર્કનો પિત્તો ગયો:એક ઓવરમાં 3 વિકેટ લીધી

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 39.00 | 27.00 |
| વડોદરા | 41.00 | 27.00 |
| સુરત | 39.00 | 27.00 |

પેજ 5



ગૌતમ સિંઘાનિયા ફરી રેમન્ડના મેનેજિંગ ડિરેક્ટર બન્યા

05 MAY-2024 SUNDAY

ભારતમાં સોનાની દાણચોરી કરતા અફઘાનિસ્તાની ડિપ્લોમેટ ઝડપાઈ



પેજ 10

.....સુવિચાર.....

ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!


વર્ષ-13 । અંક-170 । વિક્રમ સંવત-2080 । ચૈત્ર વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## વડાપ્રધાન મોદીએ ઝારખંડના પલામુમાં પ્રચાર કર્યું : મોદીએ કહ્યું ભાજપ અને ઝારખંડ વચ્ચે ગાઢ સંબંધ

# મારા પર એક પૈસાના ભ્રષ્ટાચારનો આરોપ નથી : મોદી

(એજન્સી) રાંચી । તા. 04

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચાર માટે ઝારખંડ પહોંચ્યા હતા. તેમણે ઝારખંડના પલામુમાં પ્રચાર દરમિયાન એક રેલીને પણ સંબોધિત કરી હતી. રેલીમાં હાજર લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, 'ભાજપ અને ઝારખંડ વચ્ચે ગાઢ સંબંધ છે.' આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

**આખી દુનિયા ભારતની લોકશાહીની તાકાતને સલામ કરવા લાગી : મોદી**



**પલામુમાં પીએમ મોદીએ ચૂંટણી રેલીને સંબોધી :** ઝારખંડના પલામુમાં ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહ્યું કે, 'જે કામ વર્ષોથી નથી થયા, તે કામ જનતાના એક મતથી પૂર્ણ થયા છે. અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થયું છે. તમારા એક મતનું મહત્ત્વ તમે બધા સારી રીતે જાણો છો. વર્ષ 2014માં તમારા એક મતે એવું કામ કર્યું કે આખી દુનિયા ભારતની લોકશાહીની તાકાતને સલામ કરવા લાગી. વર્ષ 2014માં તમારા એક મતથી તમે કોંગ્રેસની ભ્રષ્ટ સરકારને હટાવીને તમારા એક મતથી ભાજપની સરકાર બની.'

**પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર પણ નિશાન સાધતા કહ્યું કે, 'એક એવી સ્થિતિ હતી, જ્યારે કોંગ્રેસ સરકાર આતંકી હુમલા પછી આખી દુનિયામાં સામે રડતી હતી. આજે સ્થિતિ એવી છે કે પાકિસ્તાન આખી દુનિયાના સામે રડી રહ્યું છે.એક મજબૂત ભારત હવે એક મજબૂત સરકાર ઈચ્છે છે. આખું ભારત કહી રહ્યું છે,મજબૂત ભારત માટે મજબૂત સરકાર, મજબૂત સરકાર માટે મોદી સરકાર.' રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, 'કોંગ્રેસના શહજાદા મોદીના આંસુમાં તેમની ખુશી શોધી રહ્યા છે. તેઓ કહે છે કે મોદીના આંસુ સારા લાગે છે. જનતાની સેવા કરતા 25 વર્ષ થવાના છે, પરંતુ આ 25 વર્ષમાં મોદી પર એક પૈસાના ભ્રષ્ટાચારનો પણ આરોપ નથી લાગ્યો.'

## સંદેશખાલીના ષડયંત્ર પાછળ સુવેન્દુ અધિકારી : TMCના દાવાથી ખળભળાટ

(એજન્સી) કોલકાતા । તા. 04

પશ્ચિમ બંગાળના સંદેશખાલી કેસમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા છે. ટીએમસીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને દાવો કર્યો છે કે લોકસભા ચૂંટણી પહેલા રાજ્યને બદનામ કરવાનું બીજેપી દ્વારા સંપૂર્ણ કાવતરું છે. આ વીડિયો બીજેપી મંડલ (બૂથ) પ્રમુખ ગંગાધર કોયલના સ્ટિંગ વીડિયોનો છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે બીજેપી સાંસદ સુવેન્દુ અધિકારીએ શેખ શાહજહાં સહિત તેના ત્રણ નેતાઓ સામે જાતીય સતામણીના ખોટા આરોપો લગાવ્યા છે. સ્ટિંગ વીડિયોમાં બીજેપી નેતાએ કહ્યું- સુવેન્દુએ બીજેપી નેતાઓને સ્થાનિક મહિલાઓને ઉશ્કેરવાનું કહ્યું હતું. બીજેપી સાંસદે કહ્યું હતું કે જ્યાં સુધી ટીએમસીના મજબૂત નેતાઓ પર બળાત્કારનો ખોટો આરોપ ન લાગે ત્યાં સુધી તેમની ધરપકડ કરવામાં આવશે નહીં.

**ભાજપના નેતાએ કબૂલ્યું- બળાત્કારના આરોપો લગાવવા માટે મહિલાઓને ઉશ્કેરવામાં આવી**

### એરફોર્સના પાંચ જવાન ઘાયલ, બેની હાલત ગંભીર : પૂંછમાં બે વાહનો પર ફાયરિંગ, સર્ચ ઓપરેશન ચાલુ

## જમ્મુ કાશ્મીરના પૂંછમાં વાયુસેનાના કાફલા પર આતંકી હુમલો

(એજન્સી) શ્રીનગર । તા. 04

જમ્મુ-કાશ્મીરના પૂંછમાં 4 મે શનિવારના રોજ થયેલા આતંકવાદી હુમલામાં એરફોર્સના પાંચ જવાનો ઘાયલ થયા છે. પૂંછના સુરનકોટ ગામમાં આતંકવાદીઓએ સુરક્ષાદળોના બે વાહનો પર ભારે ગોળીબાર કર્યો. ઘટનાની માહિતી મળતા જ સેના અને પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ.



**■ સેનાએ સમગ્ર વિસ્તારને કોર્ડન કર્યો, વધુ ટુકડીઓ મોકલાઇ**

જમ્મુ કાશ્મીરના પૂંછમાં વાયુસેનાના વાહનોના કાફલા પર આતંકવાદી હુમલો થયો છે. આ હુમલામાં પાંચ જેટલા જવાનો ઈજાગ્રસ્ત થયા હોવાની શક્યતા છે. હાલ સેનાએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે. આ વર્ષે ફોર્સ પર આતંકવાદીઓનો આ પહેલો મોટો હુમલો છે. સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે, આતંકવાદીઓએ ભારતીય વાયુસેનાના કાફલા પર ફાયરિંગ કર્યું. આ હુમલો સુરનકોટના સનાઈ ગામમાં થયો.

**■ ગયા વર્ષે ડિસેમ્બરમાં પણ સુરનકોટમાં હુમલો થયો હતો**

21 ડિસેમ્બરે સુરનકોટમાં આતંકવાદીઓએ સેનાના કાફલા પર હુમલો કર્યો હતો. જેમાં 5 જવાન શહીદ થયા હતા. આ ઘટનાને 4 આતંકીઓએ અંજામ આપ્યો હતો. આતંકવાદીઓએ અમેરિકન એમ-4 કાર્બાઈન એસોલ્ટ રાઈફલમાંથી સ્ટીલની ગોળીઓ ચલાવી હતી. આ સ્ટીલની ગોળીઓ સેનાના વાહનોની જાડી લોખંડની ચાદરમાંથી પસાર થઈને સૈનિકોને વાગી હતી.

**Quick Read**

### દિલ્હીના કનોટ પ્લેસમાં બિનવારસી હાલતમાં બેગ મળતાં ખળભળાટ, તપાસ શરૂ કરાઈ

નવી દિલ્હી | રાજધાની દિલ્હીના કનોટ પ્લેસમાંથી શનિવારે એક બિનવારસી બેગ મળી આવતા ખળભળાટ મચ્યો છે. હાલ દેશમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે આ વચ્ચે રાજધાની દિલ્હીમાં બિનવારસી બેગ મળતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઇ ગઇ છે. બનાવની જાણ થતા જ પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને તપાસ હાથ ધરી છે. આ બિનવારસી બેગ સીપીના એન બ્લોકમાં મળી છે. આ સાથે જ ફાયર વિભાગ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

### એલ્વિશ યાદવ ફરી મુશ્કેલીમાં EDએ લખનઉમાં મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો

નોઈડા | EDએ યુટ્યુબર એલ્વિશ યાદવ વિરુદ્ધ લખનઉમાં મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. EDને માહિતી મળી છે કે એલ્વિશ પાસે અનેક લક્ઝરી કારોનો કાફલો છે. સાપના ઝેરને લગતા કેસોમાં પણ મોટી રકમના વ્યવહારો ઝડપાયા છે. ED સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તથ્યો અને નોઈડામાં નોંધાયેલી FIRના આધારે કેસ નોંધવામાં આવ્યો છે. ઈડી ટૂંક સમયમાં એલ્વિશને સમન્સ મોકલી શકે છે.

### રાહુલ ગાંધીએ રાયબરેલીને બદલે રાવલપિંડીથી ચૂંટણી લડવી જોઈએ : આચાર્ય પ્રમોદ કૃષ્ણમ

નવી દિલ્હી| કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાયબરેલી લોકસભા બેઠકથી ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ દરમિયાન કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા નેતા અને કલ્કિ પીઠાધીશ્વર આચાર્ય પ્રમોદ કૃષ્ણમ )એ રાહુલ ગાંધીના રાયબરેલીથી ચૂંટણી લડવાના નિર્ણય પર ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'રાહુલ ગાંધીએ રાયબરેલીને બદલે રાવલપિંડીથી ચૂંટણી લડવી જોઈએ, કારણ કે પાકિસ્તાનમાં તેમની લોકપ્રિયતા અને માગ વધી રહી છે.'

### રાજીવ ગાંધીની હત્યા સાથે જોડાયેલી ગુપ્ત માહિતી ગાયબ: સિક્યોરિટી એક્સપર્ટનો દાવો

નવી દિલ્હી | સુરક્ષા નિષ્ણાત નમિત વર્માએ દાવો કર્યો છે કે ઈઝરાયલે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને ખતરાની શક્યતા વિશે ગુપ્ત માહિતી શેર કરી હતી. 1991માં રાજીવ ગાંધીની હત્યા બાદ તેની નકલ ગાયબ થઈ ગઈ હતી. નમિત વર્માએ કહ્યું કે ઈઝરાયલે છેલ્લા ત્રણ-ચાર દાયકામાં ભારત સાથે ઘણી મહત્વપૂર્ણ માહિતી શેર કરી છે. આમાં સૌથી મહત્ત્વનું રાજીવ ગાંધીના જીવને ખતરાની શક્યતા હતી. આ શક્યતા પણ સાચી સાબિત થઈ. તેમની હત્યા પછી દેશની રાજકીય પ્રણાલીઓ ખૂબ જ અલગ બની ગઈ.

### પેનડ્રાઈવ સ્કેન્ડલમાં નવો વળાંક

## અપહરણ કેસમાં SIT દ્વારા એચડી રેવન્નાની ધરપકડ

### કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવી



(એજન્સી) બેંગલુરુ । તા. 04

કર્ણાટક પોલીસની એસઆઈટીએ સેંકડો મહિલાઓના જાતીય શોષણના કેસમાં ફસાયેલા પૂર્વ વડાપ્રધાન દેવેગૌડાના પુત્ર જેડીએસ નેતા એચ.ડી. રેવન્નાની ધરપકડ કરી છે. હાલ એક પીડિત મહિલાના અપહરણ મામલે તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

**SITએ રેવન્નાને બે નોટિસ પાઠવી, છતાં હાજર ન થયો**

ગત ગુરુવારે મૈસુરમાં એક મહિલાનું અપહરણ થયું હોવાના આરોમાં કેસ નોંધવામાં આવ્યો હતો. તે મહિલા પણ જાતીય શોષણનો શિકાર બની હતી. કેસ નોંધાયા બાદ પોલીસે રેવન્નાના ખાસ સતીશ બબન્નાની ધરપકડ કરી હતી. આ મામલે એસઆઈટીએ રેવન્નાને બે વખત નોટિસ પાઠવી હતી, તેમ છતાં તે હાજર થયો નહતો, ત્યારે હવે તેની ધરપકડ કરવામાં આવી હતી.

**કર્ણાટકના મુખ્યમંત્રીએ ઈમરજન્સી બેઠક યોજી**

મુજબ આજે SITની ટીમ એક ડીવાયએસપી, બે ઈન્સ્પેક્ટર, એક પોલીસ કોન્સ્ટેબલ, સ્થાનિક પોલીસ કર્મચારીઓની ટીમ પીડિત મહિલાઓને લઈને રેવન્ના ઘરે પહોંચી હતી. આ દરમિયાન રેવન્નાની પત્ની ભવાની સહિત રેવન્નાના વકીલ અને કેટલાક JDS નેતા ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ કર્ણાટકના મુખ્યમંત્રીએ પ્રજ્વલ મામલે ટોચના પોલીસ અધિકારીઓ અને એસઆઈટી ટીમ સાથે ઈમરજન્સી બેઠક યોજી હતી.

### ભારતને 'ઝેનોફોબિક' કહેનાર બાઈડનને જયશંકરનો જવાબ

**ભારતમાં વિવિધ સમાજના લોકો આવે છે**



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનના તે નિવેદન પર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે ભારત અને જાપાનને 'ઝેનોફોબિક' દેશ કહ્યા હતા. વિદેશ મંત્રી એસ. જયશંકરે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, 'ભારતનો સમાજ હંમેશા અન્ય સમાજોના લોકો માટે ખુલ્લો રહ્યો છે. કેન્દ્ર સરકારનું CAA મુશ્કેલીમાં ફસાયેલા લોકો માટે દરવાજા ખોલે છે તેને ભારતની નાગરિકતા આપવાનું કામ કરે છે. આપણે તે લોકોના સ્વાગત માટે તૈયાર રહેવું જોઈએ, જેમને આવવાની જરૂર છે અને જેનો હક બને છે.'

### સત્ય બહાર આવવાના ડરથી આત્મહત્યા કરી...

## રોહિત વેમુલા દલિત નહોતો : તેલંગાણા પોલીસ

(એજન્સી) હૈદરાબાદ । તા. 04



હૈદરાબાદ પોલીસે તેલંગાણાના વિદ્યાર્થી રોહિત વેમુલાના મૃત્યુના 8 વર્ષ બાદ કેસ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. એ કહે છે કે રોહિત દલિત નહોતો. પોલીસે તેલંગાણા હાઈકોર્ટમાં દાવો કર્યો હતો કે રોહિત જાણતો હતો કે તે દલિત નથી. પોતાની જ્ઞાતિની ઓળખ છતી થવાના ડરથી તેણે આત્મહત્યા કરી લીધી હતી. અહેવાલમાં ભાજપના સિકંદરાબાદના ભૂતપૂર્વ સાંસદ અને હરિયાણાના વર્તમાન રાજ્યપાલ બંડારુ દત્તાત્રેય, વિધાન પરિષદના સભ્ય એન રામચંદ્ર રાવ, ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર અપ્પા રાવ, એબીવીપીના નેતાઓ સહિત અનેક અગ્રણી રાજકીય વ્યક્તિઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

**રોહિત વેમુલા મામલે આગળ વધુ તપાસ કરવામાં આવશે: તેલંગાણા પોલીસ**

રોહિત વેમુલાના મોતનો મામલો ફરી એક વખત ચર્ચામાં આવ્યો છે. વિદ્યાર્થી રોહિત વેમુલાના મોત મામલે તેલંગાણા પોલીસ વધુ તપાસ ચાલુ રાખશે. તેલંગાણા પોલીસના DGP દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ નોટમાં કહેવામાં આવ્યું છે કે, મૃતકની માતા અને તેમના ભાઈએ કેટલાક લોકો પર શંકા વ્યક્ત કરી છે. તેથી આ કેસની વધુ તપાસ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેલંગાણા પોલીસ દ્વારા 2 મેના રોજ હાઈકોર્ટમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સમાં સામે આવ્યું હતું કે, પોલીસે તમામને ક્લીનચીટ આપી દીધી છે. પોલીસના ક્લોઝર રિપોર્ટ બાદ હાઈકોર્ટે પરિવારને તેની સામે અપીલ કરવા માટે નીચલી કોર્ટનો દરવાજો ખખડાવવા જણાવ્યું હતું તો બીજી તરફ પોલીસના ક્લોઝર રિપોર્ટ બાદ હૈદરાબાદની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ફરી એક વખત રોહિત વેમુલાનો મુદ્દો ગરમાયો હતો. NSUI સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કરીને નવેસરથી તપાસની માંગ કરી હતી.

**■ DGPએ કહ્યું- માતાએ ઉઠાવ્યા સવાલ**

રોહિત વેમુલાની માતા અને તેના ભાઈ રાજા વેમુલાએ પોલીસના ક્લોઝર રિપોર્ટ પર સવાલો ઉઠાવ્યા છે. રાજા વેમુલાએ કહ્યું કે જિલ્લા કલેક્ટર એસસી સ્ટેટસ અંગે નિર્ણય લેશે. અમે સીએમ રેવન્ત રેડ્ડીને મળવા જઈશું.

**■ રોહત વેમુલાના મોત બાદ દેશભરમાં દેખાવો થયા હતા**

જાન્યુઆરી 2016માં રોહિત વેમુલાના મૃત્યુથી યુનિવર્સિટીઓમાં દલિતો સાથેના ભેદભાવ સામે દેશવ્યાપી વિરોધ થયો. હાલમાં તેલંગાણામાં કોંગ્રેસની સરકાર છે. જ્યારે આ ઘટના બની (2016માં), કે ચંદ્રશેખર રાવ રાજ્યમાં સત્તા પર હતા. કોંગ્રેસે આ મુદ્દે દેખાવોને સમર્થન આપ્યું હતું.

### અરબ સાગરમાં ભારતીય નૌકાદળની ફરી જોવા મળી તાકાત

## 20 પાકિસ્તાનીઓ માટે દેવદૂત બની ભારતીય નૌકાદળ

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

ભારતીય નૌસેનાએ અરબ સાગરમાં એક જહાજમાં ફસાયેલા 20 પાકિસ્તાનીઓ બચાવ્યા હોવાની વિગતો સાંપડી છે. સેનાએ એક ઈમરજન્સી કૉલ આવ્યા બાદ માછલી પકડવા જઈ રહેલા ઈરાની જહાજમાં ફસાયેલા પાકિસ્તાની સભ્યોને તુરંત મેડિકલ મદદ પુરી પાડી છે. આ ઘટનામાં ચાલક દળનો એક સભ્ય સંપૂર્ણ ડૂબી ગયો હતો, પરંતુ સેનાની તુરંત કાર્યવાહીના કારણે તેનો જીવ બચાવવામાં સફળતા મળી છે.



**સેના તમામ ખલાસીઓને મદદ પુરી પાડવા પ્રતિબદ્ધ**

સેનાએ કહ્યું કે, પેટ્રોલિંગ શિપ આઈએનએસ સુમેધાએ 30મી એપ્રિલે ઈરાની જહાજને મદદ પહોંચાડી હતી. અમારી એક મેડિકલન નિષ્ણાંતની ટીમ ઈરાની જહાજમાં ચઢી હતી અને ચાલક દળના એક સભ્યને તુરંત મેડિકલ મદદ પુરી પાડી હતી. ચાલક દળના એક સભ્યને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી અને તે બેહોશ પણ થઈ ગયો હતો. પરંતુ સેનાની મદદ કારણે તુરંત તેનો જીવ બચાવાયો છે. સેનાએ કહ્યું કે, ભારતીય નૌસેનાના એકમો આરબ સાગરમાં કામ કરતા ખલાસીઓની સુરક્ષા અને મદદ પુરી પાડવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે. ભારતીય નૌસેનાએ આજે (4 મે-2024) એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, અરબ સાગરમાં એક ઈરાની જહાજ જઈ રહ્યું હતું, જેમાં 20 પાકિસ્તાની ચાલક દળના સભ્યો સવાર હતા.

**ઈઝરાયેલ-હમાસના યુદ્ધના કારણે અરબ સાગર ખૂબ જ ચર્ચામાં**

ઉલ્લેખનીય છે કે, ઈઝરાયેલ-હમાસના યુદ્ધના કારણે લાલ સાગર ખૂબ જ ચર્ચામાં છે. કેટલાક બળવાખોરો લાલ સાગરમાંથી પસાર થતા અનેક જહાજો પર હુમલાઓ કરી રહ્યા છે, તો બીજીતરફ ભારતીય નૌસેના પણ આવી ઘટનાઓ પર ચાંપતી નજર રાખી અન્ય દેશોને બચાવ સહિતના તમામ મદદ કરી રહી છે.

## વડાપ્રધાન મોદીના નિવેદન મુદ્દે નારાજ થયા શરદ પવાર

**હું તેમની વ્યક્તિગત બાબતો પર બોલવા માંગતો નથી**

(એજન્સી) મુંબઇ । તા. 04



વડાપ્રધાન મોદીએ એક ઈન્ટરવ્યૂમાં શરદ પવારના પરિવાર અને મનમોહન સિંહની ટીકા કર્યા બાદ શરદ પવારે તેમના પર નિશાન સાધી વળતો જવાબ આપ્યો છે. આ ઉપરાંત મોદીએ ઉદ્ધવ ઠાકરે પર કરેલા નિવેદન મામલે પણ વડાપ્રધાન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, 'વડાપ્રધાને વર્ષ 2014ની ચૂંટણીમાં જીવનજરૂરી ચીજવસ્તુની કિંમતો સાત દિવસમાં ઘટાડવાનું પહેલું વચન આપ્યું હતું.

**મનમોહન ચુપચાપ કામ કરી દેશને પરિણામ આપતા હતા**

વડાપ્રધાન મોદીએ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પર કરેલી ટિપ્પણીનો જવાબ આપતા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે કહ્યું કે, 'મોદી આજે પણ તેમના (મનમોહન સિંહ) જ નિર્ણયો લાગુ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી પોતાના અને મનમોહન સિંહના 10 વર્ષના કાર્યકાળની તુલના કરે છે, પરંતુ મનમોહન સિંહની વિશેષતા એ હતી કે, તેઓ ચુપચાપ કામ કરતા હતા અને કોઈપણ હોબાળો કર્યા વગર દેશને પરિણામ આપતા હતા.

# હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે વાર્ષિક નવમી પાટોત્સવ પર્વની ભવ્ય ઉજવણી

(એજન્સી) અમદાવાદ | તા. 04

હરે કૃષ્ણ મુવમેન્ટ તેના વાર્ષિક નવમી પાટોત્સવ પર્વની ભવ્ય ઉજવણી હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે બુધવાર તા. 8 મે થી રવિવાર 12 મે, 2024 દરમ્યાન ઉજવી રહ્યું છે. પાંચ દિવસ સુધી ઉજવનાર આ પાટોત્સવની ઉજવણી હરે કૃષ્ણ મંદિર ના વાર્ષિકોત્સવ તથા હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ભગવાનના આ શુભ દિને થયેલ આગમનના પ્રસંગને દર્શાવે છે. મંદિરનું ઉદ્દઘાટન તા. 21 એપ્રિલ, 2015 ના રોજ અક્ષયતૃતિયાના શુભદિને કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ શ્રી શ્રી રાધા માધવ, શ્રી શ્રી લક્ષ્મી-નરસિંહ ભગવાન અને શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (કૃષ્ણ-બલરામ સ્વરૂપ) ભગવાનશ્રી ની ઉપસ્થિત અને તેમના મૂર્તિરૂપે હરેકૃષ્ણ મંદિર,



ભાડજ ખાતે થયેલ સ્થાપન ના શુભપ્રસંગને સિમાચિહ્ન રૂપે દર્શાવે છે. હરેકૃષ્ણ મંદિર ખાતે પાટોત્સવની ઉજવણી ખૂબ જ હર્ષોલ્લાસ અને આનંદ સાથે ઉજવવામાં આવે છે. આ ઉત્સવના ઉજવણીની શરૂઆત તા. 8 મે, 2024 શુક્રવારના રોજ શરૂ થઈ તા. 12 મે, 2024 રવિવાર, એમ સતત પાંચ દિવસ થનાર છે. દરરોજ સાંજે 6 વાગ્યાથી ઉત્સવની શરૂઆત થનાર છે. સમીસાંજમાં ખાસ કાર્યક્રમો જેવા કે પાલકી ઉત્સવ, સ્વર્ણરથ ઉત્સવ, મંદિરના વિશાળ કુંડમાં નૌકા વિહાર, ગરુડ વાહન ઉત્સવ, હનુમદ વાહન ઉત્સવ, ગજ વાહન ઉત્સવ, મહાઅભિષેક, ઝૂલન ઉત્સવ અને શ્રી શ્રી રાધા માધવની ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવશે. "હરિનામામૃતકીર્તનમ"નું નૃત્ય, અભિદેય - દ ક્થકર્સ દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર કથક નૃત્ય નું નિરૂપણ જેવા આહલાદક સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ શ્રી નયન પંચોલી એન્ડ ગ્રુપ દ્વારા સુંદર ભજનસંધ્યાનો કાર્યક્રમની સાથે હિંડોળા ઉત્સવ સમીસાંજે ઉજવાતા ભક્તોના ઉત્સાહમાં વધારો કરશે. દરરોજ સવારે એક ખાસ પાટોત્સવ યજ્ઞ કરવામાં આવનાર છે. તા. 8 મે, 2024 નો રોજ પાટોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રથમ દિવસે અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં ભવ્ય રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યું છે.

## ખાંભામાં વેપારી એસોસિયેશન દ્વારા મતદાન જાગૃતિ માટેની બેઠક યોજાઇ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

ખાંભા વેપારીઓએ લોકસભાની ચૂંટણી માં મતદાન ના શપથ લીધા ખાંભામાં સહજાનંદ ગુરુકુળ ખાતે વેપારી એસોસિયેશન મતદાન જાગૃતિ માટે બેઠક મળી હતી અહીં વેપારીઓએ લોકસભાની ચૂંટણી માં અચૂક મતદાન કરવાનાં શપથ લીધા હતા લોકસભાની ચૂંટણી ને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ઠેર-ઠેર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાય રહ્યા છે. ત્યારે ખાંભાના લોકોને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે વેપારીઓએ અપીલ કરી હતી ખાંભાના નાના-મોટા તમામ વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ વેપારીઓએ હું પણ મતદાન કરીશ તથા પરિવારને પણ મતદાન કરાવી તેવા શપથ લીધા હતા આ બેઠક નું આયોજન વેપારી એસોસિયેશનના પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણી અને બાબાભાઈ ખુમાણ દ્વારા કર્યું હતું.



આજ રોજ પાટણ લોક સભાના ઉમેદવાર માન. ચંદનજી ઠાકોર સાહેબના સમર્થનમા માન.દિનેશજી ઠાકોર સાહેબના નેતૃત્વ હેઠળ તેમના નિવાસ સ્થાને ચાણસ્મા મત વિસ્તારના એસ.સી સમાજના લોકો સાથે આવનાર તા.૭/૫/૨૦૨૪ ના રોજ મહત્તમ મત દાન થાય અને એસ.સી સમાજના વધુમાં વધુ લોકો કોંગ્રેસ તરફી મતદાન કરે તે સંદર્ભે ચર્ચા વિચારણા કરી સાથે સ્વરૂચિ ભોજન લીધું.

# દાહોદ ખાતે સેવા સદનના પ્રાંગણમાં વિશાળ રંગોળી દ્વારા મતદાતા જાગૃતિનો સંદેશ અપાયો




દિપક રાવલ : દાહોદ

આઈ. ટી. આઈ. દાહોદની તાલીમાર્થી બહેનો દ્વારા ' ચુનાવ કા પર્વ - દેશ કા ગર્વ '- સૂત્ર સાથે રંગોળી પુરવામાં આવી.

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ માટે ગણતરીના દિવસોમાં મતદાન થનાર છે, ત્યારે મતદાતાઓ ઉત્સાહભેર મતદાન કરે તે માટે સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ પાર્ટીસિપેશન એન્ડ ઈલેક્ટોરાલ પાર્ટીસિપેશન- SVEEP) અંતર્ગત મતદાતા જાગૃતિના અભિયાનને વધુ સઘન બનાવવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ વ્યાપક મતદાર મતદાર જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે, જેમાં જિલ્લા સેવા સદન દાહોદ ખાતે વિશાળ રંગોળી તૈયાર કરીને નગરજનોને પોતાના મતાધિકારનો અવશ્ય પ્રયોગ કરવા માટે સંદેશ આપવામાં આવ્યો હતો. રંગોળી એટલે રંગ અને કળાનું એવું મિશ્રણ કે જે એક બીજા સાથે બેજોડ રીતે જોડાયેલું છે. રંગોળીમાં અલગ અલગ સુંદર રંગોથી માનવીય ભાવો પણ રજૂ કરી શકાય છે, આપણે ત્યાં સામાન્ય રીતે દીવાળી જેવા પર્વ પર રંગોળી કરી વાતાવરણને ધબકતું રાખવામાં આવે છે. આ સુંદર રંગોના મિશ્રણ થકી દાહોદ જિલ્લામાં જિલ્લા સેવા સદન ખાતે લોકશાહીના સૌથી મોટા પર્વ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અન્વયે આઈ. ટી. આઈ. દાહોદની તાલીમાર્થી બહેનો દ્વારા વિશાળ રંગોળી દોરીને ' વન વોટ - વન વેલ્યુ ', ' ચુનાવ કા પર્વ - દેશ કા પર્વ ' સૂત્રો થકી નાગરિકોને મહત્તમ મતદાન કરવા અપીલ કરવામાં આવી રહી છે.



## ગળતેશ્વર તાલુકા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન

ખેડા : અશેષ વ્યાસ

લોકસભા ચૂંટણી અંતર્ગત વિવિધ વિભાગો દ્વારા મતદાન કરવા અંગે ચાલતા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત ગળતેશ્વર તાલુકાના આરોગ્ય વિભાગ ના કર્મનિષ્ઠ કર્મચારીઓ દ્વારા વિવિધ ગામોમાં ફરી આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ત્યારે થર્મલ પાવર સ્ટેશન કોલોની વિસ્તારમાં રહેતા કર્મચારીઓ અને તેમના પરિવાર ને મળી અચૂક મતદાન કરવા માટે શપથ લેવડાવ્યા હતા અને મતદાન જાગૃતિ અંગે ની પત્રીકા કોલોની વાસી ઓ ને આપી લોકશાહી ના પર્વ ને વધારે માં વધારે મતદાન કરી ઉજવવા મતદારોને જાગૃત કર્યા હતા

# હારિજ ખાતે સિદ્ધેશ્વરી જિનિંગમાં બ્રહ્મ સમાજની ચિંતન શિબિર યોજાઇ

નિતીન ઠાકર : ચાણસ્મા

હારીજ ખાતે સમગ્ર પાટણ લોકસભા બેઠકના બ્રહ્મ સમાજ ની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજ ઉપસ્થિત રહ્યો હતો.સિધેશ્વરી જીનિંગ માં યોજાયેલ સંમેલનમાં જીગરભાઈ મેહતા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું. ગોતરકા આશ્રમના પૂજ્ય સંત શ્રી નિજાનંદબાપુએ જણાવ્યું હતું કે સાંસ્કૃતિક વારસો હંમેશા બ્રહ્મણો માટે રહ્યો છે.વડાપ્રધાને કાશી વિશ્વનાથ હોય કે રામમંદિર પાવાગઢ જેવા અનેક મંદિરો ધર્મ સાથે દેશના વિકાસમાં દુનિયામાં નામ રોશન કર્યું છે. સાંસ્કૃતિક ધરોહર ને આગળ ધપાવવા કોઈ કમી રાખી નથી જેનું ઋણ ચૂકવવા ભાજપા ના ઉમેદવાર ભરતસિંહ ને મત આપી નરેન્દ્રભાઈ મોદી અને યોગી આદિત્યનાથ ના હાથ મજબૂત કરવા



આહવાન કર્યું હતુ. બ્રહ્મ સમાજના અગ્રણીઓ સહીત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આયોજક જીગરભાઈ મહેતા, હરગોવન શીરવાડીયા, અમીરામઆસલ હીતેશભાઈ પાટીલ સિધ્ધપુર, મનીષભાઈ સિધ્ધપુર, ઉર્વિસભાઈ પંડ્યા સિધ્ધપુર,હેમંતભાઈ શુક્લા ખેરાલુ વિનાયકભાઈ પંડ્યા ખેરાલુ,જયેશભાઈ જોષી વઢીયાર નૈયડ સમાજ, સુરેશભાઈ વ્યાસ પાટણવાડા સમાજ, સુનીલભાઈ વ્યાસ પાટણવાડા,યોગીનીબેન વ્યાસ, પ્રજ્ઞાબેન ઠાકર, નિરંજનભાઈ ઠાકર, ટીનાભાઈ ઠાકર, રશ્મિનભાઈ ઠાકર તેમજ સિદ્ધપુર પાટણ કાંકરેજ રાધનપુર સમી હારિજ ચાણસ્મા ખેરાલુ,તાલુકા માંથી બ્રહ્મ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## બગસરામાં વહીવટી તંત્ર દ્વારા રન ફોર યુનિટ અંતર્ગત નગરપાલિકા ખાતેથી વિવિધ અધિકારી ઓની ઉપસ્થિતિમાં મહારેલીનું આયોજન કરાયું



અશોક મણવર : અમરેલી

ગુજરાતમાં લોકસભા ચૂંટણીને હવે માત્ર બે દિવસ બાકી છે ત્યારે લોકો જાગૃતી આવે અને વધુમાં વધુ મતદાન થાય તે અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા મતદાન ચુનાવ અંતર્ગત અલગ અલગ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે તેના ભાગરૂપે બગસરા નગરપાલિકા ખાતે પ્રાંત અધિકારી કે.વી.નંદા ના માર્ગદર્શન હેઠળ રન ફોલ યુનિટ અંતર્ગત એક મહા રેલીનું આયોજન કરાયું આ રેલી બગસરા નગરપાલિકા એથી પ્રસ્થાન કરી શહેરના સરદાર ચોક,નાનું બસ સ્ટેશન, હોસ્પિટલ રોડ સહિત વિવિધ માર્ગો પર ચુનાવ કા પર્વ અંતર્ગત હાથમાં બેનરો સાથે મતદાન જાગૃતિ અંતર્ગત એક રેલીનું આયોજન કરાયું આ તકે બગસરા મામલતદાર , તાલુકા વિકાસ અધિકારી પ્રાંત અધિકારી નગરપાલિકા સ્ટાફ શિક્ષક ગણ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને પદ અધિકારીઓની ઉપસ્થિતિમાં મહા રેલીનું આયોજન કરી આગામી 7 મે ના રોજ વધુમાં વધુ મતદાન થાય તે અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

# ગુજરાત એફડીસીએ દ્વારા ફૂડ આર્ટિકલ્સના પેકેજિંગ માટે રિસાયકલ્ડ ટિનના ગેરકાયદેસર વપરાશ ઉપર તવાઈ

(એજન્સી) અમદાવાદ | તા. 04

ગુજરાત સરકારના ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશને (એફડીસીએ) ફૂડ આઈટમ્સના પેકેજિંગ માટે રિસાયકલ્ડ ટિનનો ગેરકાયદેસર વપરાશ કરતાં ઉત્પાદકો પર બાજ નજર રાખવા માટે તમામ જિલ્લા નિયુક્ત અધિકારીઓને તાજેતરમાં નિર્દેશ જાહેર કર્યો છે. એફડીસીએએ પોતાના સંબંધિત વિસ્તોરમાં આવી ગેરરીતિઓ ઓળખી કાઢવા અને જરૂર જણાય ત્યાં કાયદાકીય પગલાં લેવા માટે અધિકારીઓને આદેશ આપ્યો છે. ફૂડ આઈટમ્સ, ખાસ કરીને ખાદ્ય તેલના પેકેજિંગ માટે રિસાયકલ કરેલા ડબ્બાના વ્યાપક ઉપયોગ વચ્ચે ગુજરાત એફડીસીએનો આ નિર્દેશ ખૂબ જ મહત્વ ધરાવે છે. રિસાયકલ કરેલા ટિન પહેલેથી એક વખત ઉપયોગમાં લેવાઈ ચૂકેલા હોય છે અને ફૂડ આઈટમના વપરાશ પછી ગ્રાહક દ્વારા તેનો નિકાલ કરવામાં આવે છે અને ત્યારબાદ અનૈતિક રીતરસમો અપનાવતા પેકર્સ દ્વારા તેનો પેકિંગ માટે ફરીથી ઉપયોગ કરવામાં આવે છે. ગુજરાત એફડીસીએ દ્વારા તાજેતરમાં લેવાયેલા પગલાંનો આશય ફૂડ આઈટમ્સના પેકિંગ માટે રિસાયકલ કરેલા ડબ્બાના ગેરકાયદેસર ઉપયોગને ડામીને ગ્રાહકોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો મુજબ ખાવાની કોઈપણ વસ્તુના પેકેજિંગ માટે વપરાયેલા કન્ટેનર ડબ્બાનો ફરીથી ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે. આ પ્રતિબંધ ગ્રાહકોના આરોગ્યની સુરક્ષા માટે ફૂડ ઓથોરિટીઝ દ્વારા અમલમાં મૂકાયેલા મહત્વના પગલાં દર્શાવે છે. રિસાયકલ કરેલા ડબ્બા વ્યાપકપણે ઉપલબ્ધ હોવા છતાં ઘણાં ગ્રાહકો તેના ઉપયોગ સાથે સંકળાયેલા સંભવિત જોખમોથી હજુય અજાણ છે. યોગ્ય રીતે સાફ કર્યા વિના કે રિપર્પઝ કરાય વિના ફરીથી ઉપયોગમાં લેવાતા આવા ડબ્બા સમય જતાં આરોગ્યને લગતા મોટા જોખમો ઊભા કરી શકે છે. લોકો અજાણતાં જ ખાદ્ય ચીજવસ્તુઓને લગતા ચેપ, એલર્જિક રિએક્શન અથવા ગંભીર સ્વાસ્થ્યની સ્થિતિમાં મૂકાઈ શકે છે. કેટલાક અભ્યાસો સૂચવે છે કે નુકસાન પામેલા કે રિસાયકલ કરેલા ડબ્બા માનવ શરીર પર પેટના ભાગના અવયવો પર ગંભીર અસરો ઊભી કરી શકે છે. પર્યાવરણીય પરિબળોના લીધે પણ કેમિકલ રિએક્શન અને ડબ્બાને કાટ લાગવા જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આનાથી સંગ્રહ કરેલી ખાદ્ય સામગ્રી સમય પહેલા જ બગડી શકે છે જેનાથી ગ્રાહકની સુખાકારી જોખમમાં મૂકાય છે. સત્તાવાળાઓ દ્વારા લેવાયેલા પગલાં ગ્રાહકની કાયદાકીય સુરક્ષા સુનિશ્ચિત કરે છે. જોકે લોકો માટે એક માહિતગાર ગ્રાહક બનવું પણ એટલું જ મહત્વનું છે. ખાદ્ય સામગ્રીના સંગ્રહ કરવાની રીતો રીતો અને અસરો, નવા કાયદા તથા તેમની આસપાસ ચાલતી ગેરરીતિઓ અંગે જાગૃત રહેવાથી વ્યક્તિ તેના પોતાના સ્વાસ્થ્યની રક્ષા કરી શકે છે.

## ધનસુરા ગોકુલનાથજી મંદિરે મહાપ્રભુજીનો પ્રાગટ્ય દિવસની ઉજવણી કરવામાં આવી



રાકેશ મહેતા : ધનસુરા

અખંડ ભુમંડલાચાર્ય જગદગુરુ મહાપ્રભુજી ના 547 મા પ્રાગટય મહોત્સવ ધનસુરા ગોકુલનાથજી મંદિર ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં મંદિર પરિસર મા સમસ્ત વૈષ્ણવ સમુદાય મોટી સંખ્યામા વહેલી સવાર દર્શન મંગળા.કેસર સ્નાન. સણગાર. રાજભોગ માટે થી જોડાયો હતો મહાપ્રભુજી ના પ્રાગટય શુભ દીવસે સાંજ ના ઠાકોરજી ને વાજતે ગાજતે બગી મા બિરાજમાન કરી ભવ્ય શોભાયાત્રા મંદિર થી ડીજે ના તાલે નિકળી જેમા મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજ રંગબેરંગી વસ્ત્રો સાથે ભજન કિર્તન સાથે શોભાયાત્રા ચાર રસ્તા થિ બસ સ્ટેન્ડ ના રૂટે નિજ મંદિરે પરત આવી હતી.પ્રાગટય દિવસ ના મનોરથી સ્વ. નવનીતલાલ. બી. શાહ પરીવાર તરફ થી સમગ્ર વૈષ્ણવો ને પ્રસાદ આયોજન કરાયુ હતું. ગોકુલનાથજી મંદિર ના હોદ્દેદારો ટ્રસ્ટીઓ સાથે મંદિર ના મુખ્યાજી સાથે સમગ્ર વૈષ્ણવ સમાજે 547 પ્રાગટય દિવસ નું સુંદર આયોજન કરી મહાપ્રભુજી નો પ્રાગટય દિવસ ની ઉજવણી કરી હતી.

## પરિક્રમા : નદીના પ્રવાહમાં શહેરાવ ઘાટ ખાતે મગરો પાણીમાં તણાઇને આવ્યા છે, પગપાળા નદી ઓળંગવી જોખમી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા ઉત્તવાહિની પરિક્રમાને હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે કેટલાંક લોકોઓ દ્વારા એવી ભ્રમક વાતો ફેલાઈ રહી છે કે નર્મદા નદીના દર્શન પણ તંત્ર કરવા દેતું નથી તે વાત પાયા વીહોણી છે. નર્મદા નદી પગે ચાલીને નદી ઓળંગી શકાય તેવી હાલ પરિસ્થિતિ નથી કાચો કામચલાઉ પુલ પાણીમાં ધોવાઇને ગરકાવ થઇ ગયેલ છે અને નદીના પ્રવાહમાં શહેરાવ ઘાટ ખાતે મગરો પણ પાણીમાં તણાઇને આ સ્થળે આવ્યા છે. અહીં કેટલાંક મગરો દેખાવા પણ મળ્યા છે અને પાણીનો પ્રવાહ ખૂબ વેગીલો અને ઝડપી છે. તેમાં લોકો તણાઈ જાય તેટલો કરંટ છે. જેથી પગે ચાલીને નદી ઓળંગવા ઉપર કે હોડી મારફત નદી ઓળંગવી મુશ્કેલી છે. અને આવુ કરવામાં આવે તો કોઈ ડીઝાસ્ટરની ઘટના બનવાની પુરેપુરી સંભાવના દેખાય છે. નેથી લોકોના જીવ બચાવવો પરિક્રમાવાસી લોકોના જીવને જોખમમાં



મૂકવો ઉચિત નથી કોઈ અનિચ્છનીય બનાવ કે ડિઝાસ્ટર ન થાય તે માટે અમે સલામતી અને સાવધાની માટે આ પગલા લેવા માટેની ફરજ પડી છે. નર્મદા પરિક્રમા વૈકલ્પીક રૂટ પર વાહન મારફત અને પગે ચાલીને પરિક્રમા કરી શકાશે. તે માટે કોઈજ પ્રતિબંધ નથી વહીવટી તંત્ર દ્વારા પરિક્રમા ના શરૂઆતથી જ લોકોને પુરતો સહયોગ અને સલામતી સાવધાની માટે પુરતા પગલા લેવામાં આવ્યા છે.

## ચૂંટણીના રોજ પત્રકારિતા કરનાર ડાંગ જિલ્લાના પત્રકારોને પોસ્ટલ બેલેટથી મતદાન કરવાથી બાકાત

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીઓ તથા કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતુ.પરંતુ ચૂંટણીના દિવસે ચૂંટણી પ્રક્રિયામાં વ્યસ્ત એવા પત્રકારોને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાથી બાકાત રાખવામાં આવ્યા હતા.જેના કારણે ડાંગ જિલ્લાનાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રીક મીડિયા સાથે સંકળાયેલા પત્રકારોમાં નારાજગી સાથે રોષની લાગણી જોવા મળી હતી.લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ દરમિયાન ડાંગ જિલ્લામાં ચૂંટણી ફરજની વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારી તથા કર્મચારીઓએ આહવાનાં સરકારી માધ્યમિક શાળા ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. ૧૭૩ ડાંગ વિધાનસભાના મતદાર મંડળના આહવા ખાતે ઉભા કરાયેલા ફેસીલીટેસન સેન્ટર ખાતે છેલ્લા ચાર દિવસથી પોસ્ટલ બેલેટથી મતદાન પ્રક્રિયા ચાલી રહી છે.

## પાટણ સંસદીય બેઠકના ઉમેદવાર માટે અભિનેતા હિતુ કનોડીયાએ ધિણોજ ગામે રેલી સાથે મતદારોનો સંપર્ક કરી પ્રચાર કર્યો

(એજન્સી) પાટણ | તા. 04

અભિનેતા હિતુ કનોડીયા સાથે ફોટો શેશન કરવવા ચાહકો ઉમટી પડ્યા, જ્યારે લોકસભા ની ચૂંટણી ની મતદાનની તારીખ ને ગણત્રી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે મતદારોને રીઝવવા બંન્ને પક્ષના કાર્યકરો એડીચોટી નું જોર લગાવી રહ્યા છે. ત્યારે ચાણસ્મા ના મેઘા વિલેજ ધિણોજ ગામે પાટણ સંસદીય બેઠકના ભાજપ ના ઉમેદવાર ભરતજી ડાભી ના સમર્થનમાં ધારાસભ્ય અને ગુજરાતી ફિલ્મ ના અભિનેતા હિતુ કનોડીયા ધિણોજ ગામે પ્રચાર રેલી માં આવી પહોંચતા મોટી સંખ્યા તેમના ચાહકો અને મતદારો જોડાયા હતા તો બીજી બાજુ હિતુ કનોડીયા નો ચાહકવર્ગ ફોટા પડાવી આનંદ વ્યક્ત કર્યો



હતો રેલીમાં ભાજપના મૂકેશભાઈ પટેલ દાઢી વિનય સિંહ ઝાલા કિરણભાઈ જાની ધિણોજ ગ્રા પં ના પૂર્વ સરપંચ નાનજીભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યા માં ગામલોકો જોડાયા હતા.

# મતદાન કરનાર અને કરાવનાર બંનેને અગવડ સુનિશ્ચિત કરતું મહિસાગર જિલ્લા વહીવટીતંત્ર

ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર સૂચના

ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ (બાંધકામ), ઉત્તર મધ્ય રેલ્વે ,ઝાંસી , ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી, નીચેના કામ માટે **સિંગલ પેકેટ** ઓપન ટેન્ડર પર ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. **24-05-2024** ના રોજ 15:00 કલાક સુધી વેબસાઈટ **https://www.ireps.gov.in** પર ટેન્ડરો ઑનલાઈન સબમિટ કરી શકે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

ટેન્ડર નંબર :- ઈ-ટેન્ડર નોટિસ નંબર :- JHS-DY-CEE-C-T-06-R2-2023

**કામનું નામ :-** મહોબા-ખૈરાર જંક્શનને બમણું કરવા અને લલિતપુર-બિરારી લાઇનના ડબલિંગના સંબંધમાં 25KV,50HZ, AC વર્તમાન/નવા SP/SSP/TSS અને SSP/SP/TSS ઈમારતોનું વિદ્યુતીકરણ/ડિઝાઇન, સપ્લાય, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ NC રેલવેમાં JHS ડિવિઝનના લલિતપુર ખાતે ફ્લાયઓવર સાથે.

**અંદાજિત કિંમત:-** રૂ :5,65,00462.70, **બાનાની રકમ:-** રૂ: 432500/- , **પૂર્ણ થવાનો સમયગાળો:-** લણણી અને ચોમાસાના સમયગાળા સહિત 06 મહિના. **ટેન્ડર ખોલવાની તારીખ :-** 24-05-2024, **માન્યતા અવધિ :-** 60 દિવસ . **નોંધ :** સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિશન માટે, ભારતીય રેલ્વેની વેબસાઈટ **https://www.ireps.gov.in** ની મુલાકાત લો.

794/24 (D)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @ CPRONCR

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહિસાગર જિલ્લા ચુંટણીતંત્ર દ્વારા છાંયડો કે શેડ ન હોય તેવા કુલ-૨૩૭ મતદાન મથકો ઉપર શેડની, હિટવેવથી બચવા મતદાન મથક દિઠ-૧૦ જગ પીવાના પાણી તથા ૧ જગ રેડી ટુ યુઝ ORS, દરેક મતદાન મથક ઉપર મેડીકલની ફસ્ટ એઇડ કીટ તથા પુરતાં પ્રમાણમાં ORSના પેકેટ વગેરેની વ્યવસ્થા કરવામાં આવનાર છે. વધુમાં, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ દરેક મતદાન મથકો માટે આરોગ્યની ટીમો નિમાયેલા ઝોનલ અધિકારીશ્રી સાથે સંકલનમાં રહી કામ કરશે.

## અમદાવાદ-એમજીઆર ચેન્નઇ સેન્ટ્રલ હમસફર એક્સપ્રેસમાં બે વધારાના કોચ ઉમેરવામાં આવશે

(એજન્સી) અમદાવાદ | તા. 04

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વે અમદાવાદ-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ હમસફર એક્સપ્રેસ (સાપ્તાહિક) ટ્રેનમાં અસ્થાયી ધોરણે બે થર્ડ એસીના અતિરિક્ત કોચ ઉમેરવામાં આવશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર 22920/22919 અમદાવાદ-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સાપ્તાહિક હમસફર એક્સપ્રેસ ટ્રેનમાં અમદાવાદથી 6 મે 2024 થી 27 મે 2024 સુધી અને એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલથી 8 મે 2024 થી 29 મે 2024 સુધી બે થર્ડ એસીના કોચ ઉમેરવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજ,રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## દાહોદ શહેર-જિલ્લામાં મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ચારથી વધુ લોકોને એકઠા થવા ઉપર પ્રતિબંધ

દિપક રાવલ : દાહોદ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ નું મતદાન તા. ૦૭/૦૫/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદાન મથકમાં તથા આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો શાંતિપૂર્વક મતદાન કરી શકે તે માટે મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ચારથી વધુ વ્યક્તિઓને મતદાન મથક નજીક એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા અંતર્ગત તા. ૦૭/૦૫/૨૦૨૪ ના રોજ મતદાન શરૂ થયાથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ચાર કરતા વધારે વ્યક્તિઓની મંડળી કોઈએ ભરવી નહીં કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહી અથવા તો ચાર કરતા વધુ વ્યક્તિઓએ એકઠા થવું નહીં.ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિ, લગ્ન ના વરઘોડાને, સિવાય કે તે માટે આયોજકે સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી મેળવી હોય, સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિ, સ્મશાન યાત્રાને, ચૂંટણી પંચની સ્થાયી સૂચનાઓ મુજબ આપેલ પ્રવૃતિઓ તથા વ્યક્તિઓને. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે. દાહોદ શહેર-જિલ્લાના તમામ વિસ્તારમાં આ જાહેરનામું લાગુ પડશે.

## બીલીયા ખાતે ગ્રામજનોને મતદાન અંગેની જાણકારી માટે ચુનાવી પાઠશાળા યોજાઇ



દિપક રાવલ : દાહોદ

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો જાગ્રત થઈને અચૂક મતદાન કરે તે માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે ઉપક્રમે બીલીયા ગામ ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચુનાવી પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોને ચાર્ટના નમૂના દ્વારા સી. યુ. તેમજ બી. યુ. ની કામગીરી તેમજ ચૂંટણી પ્રકિયા અંગેની વિસ્તૃત જાણકારી આપી દરેક મતનું મહત્વ સમજાવીને ૭ મે ના મંગળવારના દિવસે અચૂક મતદાન કરવા માટે અપીલ કરી હતી તેમજ ગામમાં રેલી કાઢીને અચૂક મતદાન કરવા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### મુળ મહારાષ્ટ્ર અને હાલ ગોત્રી સાંઈ ગ્રેસ ફ્લેટમાં રહેતા ડોલી બોસ્કો ડિસિલ્વા ફિલાન્સીંગનું કામ કરે છે.

# મિલકતના ઝઘડામાં માતા-બહેને ઊંઘની 25 ગોળી ખાધી, બચી જતાં ભાઈએ માર માર્યો




(એજન્સી) વડોદરા | તા.04

15 વર્ષથી મિલકતની વહેચણીને લઈ યુવક અને તેની માતા તેમજ બહેન વચ્ચે ઝઘડો ચાલતો હતો. મિલકત માટે યુવક માતા અને બહેનને અપશબ્દો બોલી મારામારી કરતો હતો. ત્યારે કંટાળી બહેન અને માતાએ એક સાથે ઉંઘની 25 ગોળીઓ પી લઈને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બહેન અને માતા બચી જતા, યુવકે આવી બહેનને માર માર્યો હતો.

મુળ મહારાષ્ટ્ર અને હાલ ગોત્રી સાંઈ ગ્રેસ ફ્લેટમાં રહેતા ડોલી બોસ્કો ડિસિલ્વા ફિલાન્સીંગનું કામ કરે છે. તેમણે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, મારા પિતની મિલકત ગોવા અને નિઝામપુરામાં આવેલી છે. તેની વહેચણીને લઈ મારા ભાઈ ચિરાગ બોસ્કો ડિસિલ્વા (રહે, યુગ કોમ્પ્લેક્ષ, વાસણા) સાથે વર્ષ 2009થી મારો તથા માતા મીનાક્ષીનો ઝઘડો ચાલ્યા કરે છે. જ્યારે ચિરાગ મને અને માતાને મળે ત્યારે તે અમને અપશબ્દો બોલી માર મારે છે. મામાનો દીકરો પથીક પીયુષ પંડ્યા અમારા વિશે ભાઈને ઉશ્કેરણી કરે છે.

ત્યારે મારા ભાઈ ચિરાગથી કંટાળી ગત તા.1એ મેં અને માતાએ રાત્રે એક વાગે ઘરે ઉંઘની 25 ગોળીઓ પી લીધી હતી. અમને ઘેન ચડી જતા અમે સુઈ ગયા હતા. સાંજે પાંચ વાગે મારી માસી શકુંતલા જોષી તથા અમારા ડ્રાઈવર શાકિર મારા ઘરે આવ્યા હતા અને અમને ઉઠાડ્યા હતા. મેં મારી મિત્રને ઘરે બોલાવી હતી. ત્યારે હું તેની ગાડીમાં બેસવા જતા મારો ભાઈ ત્યાં આવી ગયો હતો. તેણે મને અપશબ્દો બોલી માર માર્યો હતો. મારી મિત્રે મને છોડાવી હતી. માસી અને મારી મિત્ર મને તથા માતાને હોસ્ટિપલ લઈ ગયા હતા. ડોલીબહેને કહ્યું કે, મારા પિતા આર્કિટેક્ટ હતા. વર્ષો પહેલાં તેમનું અવસાન થઈ ગયું હતું. ચિરાગ મારાથી પાંચ વર્ષ મોટો છે. તે વગર કારણે મને અને માતાને માર મારતો હતો. ભાઈ કહેતો કે, તારો અને માતાનો ભાગ મારા નામે કરી દો. તમે લેડિઝ છો તમને કશું નહીં મળે. એક દિવસ તેણે માતાનું ગળુ દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ડોલીબહેને કહ્યું કે, ચિરાગ ઘરમાં ડ્રગ્સ બનાવે છે. તે ઘરે મેજિક મશરૂમ ઉગાડતો હતો. તેનો ઉપયોગ ડ્રગ્સ બનાવવામાં થાય છે. મેં બે વર્ષ અગાઉ એસઓજી તથા પોલીસ કમિશનરને જાણ કરી હતી. પરંતુ કાર્યવાહી થઈ નહોતી. મેં રૂબરૂ એસઓજીમાં ફોટો તેમજ તે મશરૂમની કેટલીક માહિતી આપી હતી. પરંતુ ત્યારે કોઈ કાર્યવાહી થઈ નહોતી.

## ન્યૂઝ કોર્નર

### મિત્રને આપેલી 4 લાખની ચેઇન ગીરવી મુકી 2.70 લાખ ચાંઉ

સુરત | ભેંસાણ રોડ પર શ્રીજીનગરીમાં રહેતા 24 વર્ષીય દિનેશ હીરાભાઈ ભરવાડ પાલનપુર પાટિયા ખાતે ઝેરોક્ષની દુકાન ચલાવે છે. તેમના કાકાના દીકરાના વતનમાં લગ્ન હતા. જેથી દિનેશ ભરવાડ પાસે 4 લાખની સોનાની ચેઈનનું જોખમ હોવાથી મિત્રને રાખવા આપી હતી. બાદ મિત્ર રવિ મળ્યો ન હતો ને ફોન બંધ આવતો હતો. આશાપુરી જવેલર્સની દુકાને પહોંચી બીલ બતાવી પૂછપરછ કરતા વેપારી જગદીશસીંહે કહ્યું કે, ચેઈન મુથુટ ફાઈનાન્સ કડોદરામાં ગીરવી મુકી છે અને 2.70 લાખ રવિને આપેલ છે.

### 15 વર્ષીય સગીરાને ભગાડી જતાં ફરિયાદ

નડિયાદ | મહુધા તાલુકાના એક ગામમાં રહેતી 15 વર્ષીય કિશોરી શખ્સ ભગાડી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ બનાવ અંગે મહુધા પોલીસ સ્ટેશન થી મળતી વિગતો અનુસાર તાલુકાના એક ગામમાં રહેતી 15 વર્ષીય સગીરાને તા. 30 એપ્રિલ ની રાતે હસમુખ પરમાર નામનો યુવક લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હતો. આ બનાવની જાણ પરિવારજનોને થતા પરિવારજનોએ સગીરાની શોધખોળ હાથ ધરી હતી.

### રિક્ષામાં ઘરેણા લૂંટતી ટોળકીની 3 મહિલા સહિત 5 પકડાયા

સુરત | એકલી જતી વૃદ્ધાને રિક્ષામાં બેસાડી સોનાના ઘરેણાં સહિતની લૂંટ કરતી ટોળકીનો ક્રાઈમબ્રાંચે પર્દાફાશ કર્યો છે. જેમાં 3 મહિલા સહિત 5 જણાને માન દરવાજા પાસેથી પકડી પાડી સોનાના ઘરેણાં, રિક્ષા, ફોન સહિત 2.13 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં ક્રાઈમબ્રાંચે મોહંમદ અસ્પાક ઉર્ફે ગોલ્ડન મોહંમદ અબ્બાસ શેખ, મેહમુદ રજાક શેખ, મહિલા અસ્મા હુસેન પઠાણ, મેમુના રજાક શેખ અને સલમા અહેમદ અન્સારીની ધરપકડ કરી છે. માન દરવાજાની નુરી ફિરોજ શેખ અને તમન્ના ઉર્ફે કાલુભાભીને વોન્ટેડ જાહેર કરી છે. ડિંડોલી, સિંગણપોર, અડાજણ અને રાંદેરમાં 7 ગુના કરેલા છે.

# યુનિ. પોલીસ સ્ટેશન યુગલનાં લોહીથી લથપથ

### નખત્રાણાનાં પ્રેમી-પંખીડાંએ પોતાનાં ગળાંમાં તીક્ષ્ણ હથિયારના ઘા માર્યા, પ્રેમિકાનું મોત; પ્રેમી ગંભીર

(એજન્સી) રાજકોટ | તા.04

રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ પોતાના ગળામાં બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયાર વડે આત્મહત્યાની કોશિશ કરી હતી. જેમાં પ્રેમિકાનું ઘટના સ્થળ પર જ મોત થયું છે. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

રાજકોટ પોલીસ ફરી એક વખત ચર્ચામાં આવી છે. આજે રાત્રીના સમયે રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ આત્મહત્યાની કોશિશ કરી હતી જેમાં યુવતીનું પોલીસ સ્ટેશનમાં જ મોત નીપજ્યું હતું. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રેમી પંખીડા મૂળ કચ્છના નખત્રાણાના મોટી વિરાણી ગામના રહેવાસી હતા અને ગઈકાલે બંને ઘરેથી ભાગી રાજકોટ પહોંચ્યા હતા હાલ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પોલીસ સ્ટેશનની અંદર બનેલી ગંભીર ઘટના પગલે જવાબદાર પોલીસ સામે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે જોવું મહત્વનું રહેશે.

પ્રાપ્ત વિગત મુજબ કચ્છ જિલ્લાના નખત્રાણાના મોટી વિરાણી ગામના રહેવાસી પ્રેમી પંખીડાએ રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં અંદર નાગરિક સુવિધા કેન્દ્રમાં આપઘાતની કોશિશ કરી હતી. જેમાં પ્રેમિકાનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે પ્રેમીને ગંભીર ઈજા પહોંચતા હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી સર્જરી કરવામાં આવી રહી છે. આ બનાવની જાણ થતા ડીસીપી કક્ષાના અધિકારીઓ પોલીસ સ્ટેશન દોડી ગયા હતા અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.



રાજકોટ ડીસીપી ઝોન 2 સુધીર દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રેમી વિનોદ ગોપાલ સતવારા (ઉ.વ.19) અને પૂજા રૂપા ભદ્ર (ઉ.વ.23) ગત તારીખ 2 એપ્રિલના રોજ ઘરેથી નાસી છૂટ્યા હતા બંને વચ્ચે પ્રેમ સબંધ હતો. આ બનાવ અંગે 3 તારીખના રોજ નખત્રાણા પોલીસે ગુમનોંધ આધારે તપાસ શરૂ કરી હતી અને લોકેશન રાજકોટ હોવાનું માલુમ થતા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી જેના પગલે બન્નેને રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા અને નખત્રાણા પોલીસને જાણ કરવામાં આવી હતી.

### અચાનક પ્રેમી-પંખીડાંએ અંદરથી દરવાજો બંધ કરી દીધો

બન્ને પ્રેમી-પંખીડાંને પોલીસ સ્ટેશનની અંદર નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે બેસાડવામાં આવ્યાં હતાં અચાનક પ્રેમી-પંખીડાંએ અંદરથી દરવાજો બંધ કરી પોતપોતાના ગળામાં બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયાર વડે આત્મહત્યાની કોશિશ કરી હતી, જેમાં પ્રેમિકાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે પ્રેમીને ગંભીર રીતે ઈજા પહોંચતાં સારવાર અર્થે રાજકોટ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેની સર્જરી પણ ચાલુ છે. હાલ યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે રાજકોટ પોલીસ સ્ટેશનમાં બનેલી આ ઘટના હાજર પોલીસ માટે બેરદકાર માનવામાં આવી રહી છે. બન્ને પ્રેમી પંખીડા હોવાથી તેમને નાગરિક સુવિધા કેન્દ્રમાં રાખતા સાથે તેમના પર નજર કેમ રાખવામાં ન આવી તેમજ બન્નેને એકલા શા માટે રાખવામાં આવ્યા તે મોટો સવાલ ઉદભવી રહ્યો છે. ત્યારે જવાબદારો સામે કાર્યવાહી થશે કે કેમ તે સૌથી મોટો સવાલ છે.

# સફાઈકામગીરી: બારડોલીમાં ખાડીની અંદર જેસીબી ઉતારીને ગંદકી દૂર કરતું પાલિકાતંત્ર



(એજન્સી) બારડોલી | તા.04

બારડોલીની ખાડીમાં બોક્સ ડ્રેઈનનું કામ કરાયા બાદ સફાઈ કામગીરી નહી થતાં,પાણીના વહેણમાં અડચણ થઈ રહી હતી. જેમાં ડી.એમ.નગરમાં પ્રવેશ સાથે જ ખાડીમાં પુલની કામગીરી કરી હોવાથી, અંદર મટીરીયલના ઢગલા પણ પડ્યા હોય, જેના કારણે ગંદકી થતી હોવાથી રહીશો મુશ્કેલીમાં મુકાયા હતા. આખર પાલિકાના આરોગ્ય વિભાગે ખાડીમાં જેસીબી ઉતારી ખાડીમાં પ્રવેશ સાથે સફાઈ કામગીરી કરી છે.

સોસાયટી પાસે જ બે મોટા પાઈપ નાંખીને ખાડીનું પાણી અંદરથી પ્રવેશીને અંદર ગ્રાઉન્ડ થઈ,ક્રિષ્ના નગરના પુલિયા પાસે નીકળે છે. ચોમાસામાં પાણી બેક થઈને સોસાયટીમાં પ્રવેશે છે. ખાડી બન્યાને એક વર્ષ જેટલો સમય થયો હોવા છતાં સફાઈ કરવામાં આવી નથી. મટીરીયલના ઢગલા પણ અંદર જ પડયા હતા. જેના કારણે પાણીનો પ્રવાહ અવરોધવા સાથે ગંદકી થઈ હતી.

# મગરનો હુમલો: ઓરસંગ નદીમાં પશુ ચરાવતા આધેડ પર મગરનો હુમલો, પત્નીએ બચાવ્યો

ચાંદોદ | ચાંદોદ પાસેના જૂના માંડવા ગામે ઓરસંગ નદીમાં પશુ ચરાવવા ગયેલા આધેડ ઉપર મગરે હુમલો કરતાં બચાવમાં પત્નીએ હાથમાં રહેલી લાકડીના ફટકા મગરને મારતાં મગર આધેડને છોડી જતો રહ્યો હતો. મગરે આધેડનો ડાબો પગ ગંભીર રીતે કરડી ખાધો હોઈ પ્રથમ ડભોઇ રેફરલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે એસએસજી હોસ્પિટલ વડોદરા ખસેડાયા હતા.

શુક્રવારની ઢળતી સાંજે યાત્રાધામ ચાંદોદ પાસેના જૂના માંડવાના પશુપાલક 55 વર્ષીય ભગવાનસિંહ બળવંતસિંહ અંબાલીયા તેમના પત્ની મીનાબેન સાથે ઓરસંગના કાંઠે પશુ ચરાવવા ગયા હતા. દરમિયાન પશુઓને પાણી પીવડાવવા તેઓ નદી કાંઠે પહોંચ્યા ત્યારે મગર એકાએક કિનારે આવી ભગવાનસિંહનો ડાબો પગ મોંમાં પકડી ખેંચવા લાગ્યો હતો. આથી હાજર પત્નીએ બચાવ માટે બૂમાબૂમ કરી હાથમાં રહેલી લાકડીના ઉપરા છાપરી ફટકા મગરને મારતાં મગર પગ છોડી પાણીમાં ચાલ્યો ગયો હતો. પરંતુ મગરે પોતાના જડબામાં આધેડનો પગ ખૂબ મજબૂતીથી પકડ્યો હોવાથી પગમાં ખૂબ ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક ડભોઈ રેફરલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર અર્થે વડોદરા એસએસજી હોસ્પિટલ રીફર કરાયા હતા.

# શહેરના મોરબી રોડ પર વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મોત

(એજન્સી) રાજકોટ | તા.04



શહેરમાં હાર્ટએટેકના બનાવોનો સીલસીલો યથાવત રહ્યો છે ત્યારે વધુ એક યુવકનું મોત નીપજતા તેના પરિવારમાં શોક છવાયો છે. મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટીમાં રહેતા ધવલભાઈ પ્રવીણભાઈ ગોપાલકા (ઉ.વ.32) પોતાના ઘેર હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ તેને સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું.

બનાવને પગલે બી-ડિવિઝન પોલીસે તપાસ કરતા મૃતક યુવાન ધવલ બે ભાઈમાં મોટો હોવાનું અને રિક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવતો હતો અને તેને બે સંતાન હોવાનું પરિવારે જણાવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી યુવાનોમાં હૃદયરોગનું પ્રમાણ વધ્યું છે અને હાર્ટએટેકથી થતાં મૃત્યુનું પ્રમાણ પણ વધ્યું છે.

# એસી ચલાવવા ચાલુ કરેલા ટેમ્પોમાં બ્રેકને બદલે એક્સિલેટર દબાતાં હોટેલમાં ઘૂસ્યો

(એજન્સી) વડોદરા | તા.04



ગેંડા સર્કલ સારાભાઈ કેમ્પસના એટલાન્ટિસ કે-10 કોમ્પ્લેક્સ સ્થિત કંપનીમાં મહારાષ્ટ્રથી ટેમ્પો આવે છે. ગુરુવારે રાત્રે 11-30 વાગ્યાની આસપાસ ચાલક અને લોડર સતીશ પાંડે ટેમ્પો પાસે હાજર હતા.સતીશે ટેમ્પો ચાલુ કરી એક્સિલેટર દબાવતાં ટેમ્પો મોપેડને અડફેટે લઈ લિટલ ભારત રેસ્ટોરન્ટમાં કાચ તોડી ઘૂસી ગયો હતો. ઘટનામાં મોપેડનો કુચ્ચો થઈ ગયો હતો, જ્યારે ગ્રાહક અને હોટલ સંચાલક દંપતીનો બચાવ થયો હતો. ઘટના સંદર્ભે સમાધાન થતાં કાર્યવાહી થઈ નહોતી. ગોરવા પીઆઇ કિરટી લાઠિયાએ કહ્યું કે, ચાલકે એસી ચાલુ કરવા ટેમ્પો ચાલુ કર્યો હતો. ટેમ્પો આગળ વધવા લાગતાં બ્રેકની જગ્યાએ એક્સિલેટર દબાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. લિટલ ભારત રેસ્ટોરન્ટના સંચાલક કેતન ગોહિલે કહ્યું કે, કંપનીના ટેમ્પો ચાલક સહિતના લોકો રોજ રેસ્ટોરન્ટની પાછળ દારૂ પીવે છે. જે જગ્યાથી ટેમ્પો રેસ્ટોરન્ટમાં ઘૂસ્યો ત્યાં હું અને મારી પત્ની રોજ બેસીએ છીએ. ત્યાં ગ્રાહકો પણ હતા. બે મિનિટ પહેલાં જ અમે ત્યાંથી ઊઠી સાઈડમાં બેઠાં હતાં.

# હવામાન: તાપમાન 41 ડિગ્રી, રોડ પરનો સિલકોટ પીગળ્યો

(એજન્સી) વડોદરા | તા.04



શહેરમાં મેની શરૂઆત સાથે પારો 40 ડિગ્રી ઉપર પહોંચ્યો છે. 3 દિવસ 40 થી 41 ડિગ્રી તાપમાન રહેશે. ચૂંટણીના દિવસે 7 મેના રોજ મહત્તમ પારો 42 ડિગ્રી પર પહોંચેશે. ગરમી વધવાથી રોડ પર ડામર પીગળ્યો હતો. હાલમાં ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યો છે. વાતાવરણ શુષ્ક રહેવાથી ગરમીમાં વધારો જોવા મળી રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સની અસરથી ભેજવાળા પવનો ફૂંકાઈ રહ્યા છે જેને કારણે શહેરમાં પારો 40 થી 41 ડિગ્રીની વચ્ચે નોંધાઈ રહ્યો છે. શુક્રવારે મહત્તમ પારો 1.2 ડિગ્રી વધીને 40.8 ડિગ્રી, લઘુતમ પારો 24.4 ડિગ્રી નોંધાયો હતો.

પવનની ગતિ 9 કિમીની નોંધાઈ હતી. ભેજનું પ્રમાણ સવારે 43 ટકા અને સાંજે 15 ટકા નોંધાયું હતું. તાપમાન સતત 40 ડિગ્રીની ઉપર પહોંચતાં ડામર પીગળી ગયો હતો, જેથી રાહદારી અને વાહન ચાલકોને મુશ્કેલી પડી હતી. સ્ટ્રક્ચરલ એક્સપર્ટ ડો.આઈઆઈ પંડ્યાએ કહ્યું કે, પાણી રોડમાં ન ઊતરે તે માટે સિલકોટ લગાવાય છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### અકસ્માત: રેલવે પ્લેટફોર્મ પર બેટરી કારના ચાલકે કચડી નાંખતા એકનું મોત

સુરત | રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નં.1 ફર્સ્ટ ફ્લોર પર છે. એથી સિનિયર સિટિઝન અને દિવ્યાંગ પેસેન્જરોને પ્લેફોર્મ પર લાવવા અથવા લઈ જવા માટે બેટરી ઓપરેટેડ કારની સુવિધા મૂકાઈ છે. શુક્રવારના બપોરે ત્રણેક વાગ્યા આસપાસ પ્લેટફોર્મ નંબર એકના પાર્સલ વિભાગના એન્ડ પાસ બેટરી ઓપરેટેડ કારનો હોર્ન બંધ થઈ ગયો હતો. જેથી બેટરી ઓપરેટેડ કાર ચલાવનાર કોન્ટ્રાક્ટર રાહુલે હોર્ન કાઢીને એક સાઈડ પર રિપેરિંગ કામ કરી રહ્યો હતો. તે જ સમયે બીજો કોન્ટ્રાક્ટર અરૂણ ચંદેલ બેટરી ઓપરેટેડ કાર પર બેસી ગયો હતો અને તેણે એક્સિલેટર પર પગ મૂકી દીધો હતો.

### ઠગાઈ: કેરાલાના વેપારીને ઉધાર હીરા, દાગીના વેચતાં 49 લાખ ગયા

સુરત | મોટા વરાછાના બી.ડી. જ્વેલર્સના વેપારીએ કેરાલાના વેપારીને ડાયમંડ જવેલરીનો માલ ક્રેડિટ પર આપવામાં 49.22 લાખ ગુમાવ્યા છે. પેમેન્ટ લેવા જતા 'આપકા માલ બેચકે શોરૂમ બનાડાલા હૈ, આપ પૈસે ભુલ જાના, અબ કી બાર પૈસે કી ઉઘરાણી કરને આયે તો ગલત કેસ કરકે ફસા દુંગા' કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વેપારી કેશવ કરમશીભાઈ કોઠીયાએ વરાછા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે હનીફા અબ્દુલ્લા પનીકાવીટીલ (રહે.થાલીકુલમ, કેરાલા) સામે ઠગાઈનો ગુનો નોંધ્યો છે.

# ચલથાણ નજીક નેશનલ હાઈવેના રેલવે ઓવરબ્રિજની રેલિંગ તકલાદી

(એજન્સી) પલસાણા | તા.04



પલસાણા તાલુકાનાં ચલથાણ ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર 48 ઉપર રેલ્વે ઓવરબ્રિજ નજીક છેલ્લા ત્રણ મહિનામાં રેલિંગ તોડીને બે અલગ અલગ ઘટનાઓમાં વાહનો નીચે ખાબકતાં ત્રણ વ્યક્તિના મોત નિપજ્યાં છે. છતા આ જગ્યા ઉપર નબળી રેલિંગની જગ્યાએ મજબૂત રેલિંગ બનાવવાની કામગીરી રાત્રિ દરમ્યાન સલામતી રહે તેવી કોઈ પણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી નથી.

નેશનલ હાઈવે નંબર 48 ઉપર ચલથાણ ગામની સીમમાં રેલ્વે ઓવરબ્રિજની આજુબાજુમાં સલામતી માટે લગાવવામાં આવેલી રેલિંગ હવે સલામત રહી નથી. છેલ્લા ત્રણ મહિનામાં આ જગ્યા પર અલગ અલગ ઘટનાઓમાં બે ટ્રક રેલિંગ તોડીને નીચે પલટી મારી જતાં સર્જાયેલા અકસ્માતમાં ત્રણ વ્યક્તિના મોત થયા છે. આવી જગ્યા ઉપર યોગ્ય સલામતી વ્યવસ્થા કરવાની જગ્યાએ માત્ર બે પીપ મૂકી પ્લાસ્ટિકની પટ્ટી લગાવી દેવામાં આવી હતી. જો કે, બીજો અકસ્માતમાં એક દંપતીના મોતની ઘટના બાદ એક જગ્યાએ કામ ચલાઉ ધોરણે ફરી રેલિંગ લગાવવામાં આવી છે. હાલમાં હવે આ જગ્યા ઉપર ઓવરબ્રિજની કામગીરી પણ શરૂ થનાર છે. જેને લઈ રોડ પણ પહોળો કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે ચલથાણ રેલવે ઓવરબ્રિજ ઉપર બંને બાજુ યોગ્ય રેલિંગ બનાવવામાં આવે અથવા તો સલામતીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે એ જરૂરી છે નહીં તો આ પ્રકારના ગંભીર અકસ્માતો બનતા રહેશે એમાં કોઈ બેમત નથી.

### પરિવારે હોબાળો મચાવીને તોડફોડ કરી: વારસિયા રોડની હોસ્પિટલમાં મહિલાને લેબર રૂમમાં લઇ ગયા બાદ શરીર ભૂરું પડી ગયું

# નવજીવન હોસ્પિટલમાં સગર્ભાનું પ્રસૂતિ વેળા મોત

(એજન્સી) વડોદરા | તા.02



વારસિયા રોડની ગાઈનેક ડો.હરીશ ઉદવાનીની નવજીવન હોસ્પિટલમાં 25 વર્ષની સગર્ભાનું મોત થયું હતું. જેથી પરિવારે તબીબ પર બેદરકારીના આક્ષેપ સાથે હોબાળો કરી હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. મૃત્યુનું કારણ જાણવા એસએસજીમાં પીએમની કાર્યવાહી કરી હતી. વારસિયા પોલીસે સ્થળ પર બંદોબસ્ત ગોઠવ્યો હતો. આજવા રોડ કમલાનગરમાં મહેશ ઓડ વારસિયા રિંગ રોડ પર પંચશીલ પાસે પાણીપૂરીની લારી ચલાવે છે અને તેમને 2 સંતાનો છે. તેમનાં પત્ની કોમલબેન ફરી સગર્ભા થતાં વારસિયા રિંગ રોડની નવજીવન હોસ્પિટલમાં સારવાર શરૂ કરી હતી.10 મહિના થવા છતાં લેબર પેઈન ન થતાં ડોક્ટરે તે માટે કાર્યવાહી હાથ ધરી સવારે 6 વાગે બોલાવ્યાં હતાં. જ્યાં ટ્રીટમેન્ટ શરૂ કર્યા બાદ 12:30 વાગ્યે લેબર રૂમમાં લઈ જવાયાં હતાં. પ્રસૂતિની પ્રક્રિયા વેળા તેમની તબિયત લથડી હતી અને શરીર ભૂરું પડી ગયું હતું. તેમને આઈસીયુમાં રાખવાની જરૂર જણાતા નજીકની હોસ્પિટલમાંથી ટીમ બોલાવી હતી, પણ તેમણે સ્થિત ખરાબ હોવાથી ના પાડી હોવાનું ડો.હરીશ ઉદવાણીએ કહ્યું હતું.

2:30 વાગ્યે વારસિયા પોલીસની હાજરીમાં પરિવારને કોમલબેનના મોતની જાણ કરાઈ હતી. જેથી પરિવારમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો અને હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પરિવારે મૃતદેહ સ્વીકારવાની ના પાડતાં પોલીસે સમજાવી પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરી હતી. સગર્ભા કોમલબેનનું મૃત્યુ થયા અંગે પરિવારજનોને જાણ કરતાં પહેલાં જ ડોક્ટરે વારસિયા પોલીસને બોલાવી હતી. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, અમને જાણ કરતાં પહેલાં જ ડોક્ટરે 10 થી 11 જેટલા પોલીસને તેમની કેબિનમાં બોલાવી લીધા હતા. ત્યારબાદ અમને બોલાવી જાણ કરી હતી. ડોક્ટરે પણ આ વાતને સમર્થન આપ્યું હતું કે, અમે અગમચેતીના ભાગરૂપે પોલીસને બોલાવી હતી.

# હાસ્ય આખા શરીરને આરામ આપવાની સાથે શારીરિક તાણને પણ દૂર કરે છે

(એજન્સી) ભુજ | તા.04

જાન્યુઆરી ઈ.સ ૧૯૯૮માં ડો. મદન કટારીયા દ્વારા મુંબઈમાં 'વિશ્વ હાસ્ય દિવસ'ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. હાસ્ય એક યોગની જેમ વ્યકિતને ઊર્જાવાન બનાવવાની સાથે સમાજમાં શાંતિ, ભાઈચારો અને સદભાવના વધે તેવા ઉદેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં ખુશહાલી ફેલાવવા માટે દર વર્ષે મેના પહેલા રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે 'વિશ્વ હાસ્ય દિવસ' ૫ મે ના રોજ મનાવવામાં આવશે.ડો. મદન કટારીયા પોતાના એક અનુભવમાં જણાવે છે કે હાસ્ય અસરકારક દવા છે. આંધ્રપ્રદેશમાં વિશ્વ મોહન નામના એક વ્યકિત હતા. તે હાસ્ય યોગથી જોડાયા પહેલાં તેમને લગભગ દરેક પ્રકારની બીમારી હતી અને તે હસનાર વ્યક્તિઓથી ખૂબ જ ચીડાતા હતા. એક વખત ડો. મદન કટારીયાનાં લાફ્ટર ક્લબના મેમ્બરે તેમને ક્લબમાં બોલાવ્યા તો તે શરૂઆતમાં તો મન વિના આવતા હતા, પરંતુ ક્લબમાં આવ્યાં બાદ છેલ્લાં ૨૨ વર્ષમાં જે બદલાવ ન આવ્યો તે બદલાવ છ મહિનામાં જ દેખાવા લાગ્યો. તેમની હેલ્થ વધુ સારી થતી ગઈ. તે રોજ ઘણી દવાઓ લેતા હતા. પરંતુ છેલ્લા છ મહિના બાદ તેમની દવાઓની સંખ્યામાં ઘટાડો થતો ગયો. હસવું એ એક ઉપચારનું સૌથી સુખદ સ્વરૂપ છે. તેમાં ફક્ત તમારા આત્માને જ નહીં પણ તમારા શરીરને પણ સાજા કરવાની શક્તિ છે. તે આખા શરીરને આરામ આપવાની સાથે શારીરિક તાણને દૂર કરે છે અને રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે.

## ન્યુઝ ફ્લેશ

### કુંભારડીમાં લીમડાના ઝાડ સાથે દોરી બાંધી કિશોરે આપઘાત કર્યો

ગાંધીધામ | ભચાઉનાં કુંભારડી ગામની વાડીમાં રહેતા ૧૭ વર્ષીય કિશોરે લીમડાનાં ઝાડ પર દોરી વડે ગળેફાસો ખાઈ આપઘાત કરી લીધું હતું.તો બીજી બાજુ ગાંધીધામનાં સેકટર ૧માં ગોસ્વામી હોસ્પિટલની પાછળ ટાટા પાવર બિલ્ડીંગમાં રહેતા યુવાનનો પોતાના ઘરે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.ભચાઉનાં કુંભારડી ગામની સીમમાં વાડી પર રહેતા ૧૭ વર્ષીય રોહિત ભાણાભાઈ કોળીએ કોઈ કારણોસર સર વાડીનાં લીમડાનાં ઝાડ પર દોરી વડે ગળેફાસો ખાઈ લીધું હતું. જેમાં તેનું મોત થયું હતું. જેમાં ભચાઉ પોલીસે અકસ્માત મોત દાખલ કરી મૃતદેહને પી. એમ. અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### મહુધા પાલિકાના મુસીબતનગરના રહિશોનો મતદાન નહીં કરવા નિર્ણય

મહુધા | ખેડા સંસદીય ક્ષેત્રના મહુધા પાલિકાના વોડ નંબર બેમાં આવતા ખાડિયા મુસીબતનગરના સમસ્યાવાળા રોડની સામેની બાજુ કાંસ બનાવી દેતા રહિશોએ લોકસભા ચૂંટણીમાં મતદાનથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. મહુધા પાલિકા તંત્રના વહીવટથી સ્થાનિક જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. મહુધા પાલિકા દ્વારા મુસીબત નગરના કાંસનું કામ રદ કરીને મુસીબત નગરની સમસ્યાવાળા રોડની સામેની બાજુએ કાંસ બનાવતા મુશ્કેલી વેઠી રહેલા નાગરિકો રોષે ભરાયા છે.અગાઉ આ કામ નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો દ્વારા સુચવવામાં આવ્યું હતું. એક સાથે ચાર કામ મંજૂર પણ થયા હતા.

### ટ્રકને ઓવરટેક કરવા જતા કાર ઝાડ સાથે અથડાઇ, અમદાવાદના 2 ના મોત

આણંદ | નેશનલ હાઈવે નં.૪૮ ઉપર આવેલ આણંદ તાલુકાના અડાસ ગામના ગોહીલનગર પાટીયા પાસે ગુરુવારે મોડી રાત્રે પુરપાટ ઝડપે જઈ રહેલી એક કારના ચાલકે ઓવરટેક કરવાની લ્હાયમાં સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા કાર રોડની સાઈડમાં આવેલા એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રહેતા આસીફખાન નાસીરખાન પઠાણ તથા શાહપુર વિસ્તારમાં રહેતા મુસ્તુફા ઉર્ફે શાબાઝખાન પઠાણ અન્ય ચાર મિત્રોને કારમાં સાથે લઈ ગુરુવારે રાત્રીના સુમારે અમદાવાદથી વડોદરા તરફ જવા નીકળ્યા હતા. મધ્યરાત્રિના લગભગ ત્રણ કલાકની આસપાસના સુમારે નેશનલ હાઈવે નં.૪૮ ઉપર આવેલી આણંદ તાલુકાના અડાસ ગામના ગોહીલનગરના પાટીયા પાસેથી તેઓની કાર પસાર થઈ રહી હતી.

## આગ, અકસ્માત, રેસ્ક્યૂની કામગીરીમાં ફાયર વિભાગ કરે છે લોકોની મદદ

# ત્રાણાય સેવામહે : ભાવનગર ફાયર વિભાગે 4 માસમાં 154 ઈમર્જન્સી કોલ્સ અટેન્ડ કર્યાં

(એજન્સી) ભાવનગર | તા.04

ફાયર વિભાગની મુખ્ય કચેરી તથા મનપાની બે ઝોનલ કચેરીમાં ફાયરના 8 વાહનો તથા બે બોટ સાથે 47 લોકોનો સ્ટાફ 24X7 ફાયર સ્ટાફ તૈનાત



ભાવનગર : દુનિયામાં અગ્નિશામકોને તેમની સેવા માટે સન્માનિત કરવા તથા સેવા દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા અગ્નિશામકોને યાદ કરવા માટે આંતરરાષ્ટ્રીય ફાયરફાઈટર્સ ડેની ઉજવણી ૪મી મે ના રોજ કરવામાં આવે છે. ફાયર વિભાગ આગ સિવાય પુર, અકસ્માત, કુદરતી હોનારતોમાં રેસ્ક્યૂની કામગીરી કરે છે. ભાવનગરમાં આગ, અકસ્માત જેવી ઘટનાઓમાં ત્રાણાય સેવામહેના સુત્ર સાથે લોકોની મદદે પહોંચવા માટે ફાયર વિભાગ 24X7 કામગીરી કરે છે.

આગ, અકસ્માત, કુદરતી હોનારતોમાં લોકોની મદદે પહોંચતા અગ્નિશામકોને તેમની સેવા માટે સન્માનિત કરવા તથા સેવા દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા અગ્નિશામકોને યાદ કરવા માટે આંતરરાષ્ટ્રીય ફાયરફાઈટર્સ ડેની ઉજવણી ૪મી મે ના રોજ કરવામાં આવે છે. ભાવનગરમાં ઈમર્જન્સી પરિસ્થિતિને પહોંચીવળવા માટે ફાયર વિભાગ 24X7 તૈનાત રહે છે તથા શહેરના પૂર્વ અને પશ્ચિમની ઝોનલ કચેરીમાં બે શિફ્ટમાં ફાયર વિભાગ તૈનાત હોય છે. ભાવનગર ફાયર વિભાગમાં ચીફ ફાયર ઓફિસરથી લઈ ફાયરમેન સહિત કુલ ૪૭ લોકોનો સ્ટાફ છે. ભાવનગર ફાયર વિભાગ પાસે અગ્નિશામકના કુલ ૮ વાહનો તથા ૭ લોકો બેસી શકે તેવી કેપેસિટિ ધરાવતી ૨ બોટ છે. આ ઉપરાંતના વધુ ૪ નવા ફાયર ટેન્ડરની ઓર્ડર અપાયા છે જે આગામી દિવસોમાં આવી ગયા બાદ ઉપયોગમાં લેવાશે. આગ ક્યાં અને કેવી રીતે લાગી છે તેના આધારે જુદાં -જુદાં પ્રકારના વાહનો ફાયર વિભાગ મોકલે છે. ભાવનગર ફાયર વિભાગ પાસે કુલ ૮ વાહનો છે જે પૈકી ૨ મીની ફાઈટર, ૧ ફાયર ટેન્ડર, ૧ ફોમ ટેન્ડર, ૪ વોટર બાઉઝર છે. ફાયર વિભાગ આગ કાબૂમાં લેવા ઉપરાંત ફાયર રેસ્ક્યૂ, કુવા, તળાવ, ડેમમાં ડુબેલા લોકોનું રેસ્ક્યૂ કરવાની કામગીરી કરે છે તે ઉપરાંત વીવીઆઈપી બંદોબસ્તમાં પણ ફાયર વિભાગ જોડાય છે.

રાજ્યમાં સર્જાતી મોટી દુર્ઘટનાઓમાં રાજ્ય સરકારના આદેશથી ફાયર વિભાગ અન્ય શહેરોમાં સર્જાતી ઈમર્જન્સી સ્થિતિમાં પણ મદદે જાય છે. વર્ષ-૨૦૨૨માં મોરબી પુલ દુર્ઘટના વખતે ભાવનગર ફાયર વિભાગની સાત સભ્યોની ટીમ ૩ દિવસ રેસ્ક્યૂ કામગીમીમાં જોડાઈ હતી તથા સુરતમાં વર્ષ ૨૦૦૬માં આવેલા પુરમાં પણ ભાવનગર ફાયર વિભાગના ૧૪ સભ્યોની ટીમ ૧૮ દિવસ રેસ્ક્યૂ કામગીરીમાં જોડાઈ હતી.

### આણંદમાં કોમ્પ્લેક્સના ચોથા માળેથી પટકાતા ડોક્ટરનું મોત

આણંદ : આણંદ શહેરના સરદાર પટેલ માર્ગ ઉપર આવેલા કોમ્પલેક્સના ચોથા માળેથી શુક્રવારે વહેલી સવારે એક ૪૩ વર્ષીય ડોક્ટર નીચે પટકાતા તેનું મોત નિપજ્યું હતું. જો કે ઘટનામાં હત્યા કે આત્મહત્યા તે અંગે અનેક તર્કવિતર્કો થઇ રહ્યા છે. હાલ આણંદ શહેર પોલીસે અપમૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરી છે.આણંદના બાકરોલ-વડતાલ રોડ પર આવેલી તુલસીઆંગન સોસાયટીમાં રહેતા ડો.શ્રેયલ વિનુભાઈ પટેલ (ઉં.વ.૪૩) વ્યવસાયે ડેન્ટીસ્ટ હતા અને શેરબજારમાં ટ્રેડીંગનું કામ કરતા હતા. બાકરોલ ટી-પોઈન્ટ નજીક સરદાર પટેલ માર્ગ ઉપર આવેલા ક્રિષ્ના એરોન કોમ્પલેક્સ ખાતે તેઓ ઓફીસ તથા ડેન્ટલ ક્લીનીક ધરાવતા હતા. ગત ગુરુવારના રોજ ડો.શ્રેયલ નિયત સમયે ઓફીસ આવ્યા હતા અને જરૂરી કામ પૂર્ણ કર્યું હતું. જો કે મોડી સાંજે પત્ની સાથે વાતચીતમાં તેમણે ઓફીસમાં કામ હોવાથી રાત્રી રોકાણ ઓફીસમાં જ કરશે તેમ જણાવ્યું હતું. દરમિયાન શુક્રવારે વહેલી સવારે પત્નીને જાણવા મળ્યું હતુ કે, કોમ્પલેક્સના ચોથા માળે આવેલી ઓફીસના પાછળના ભાગેથી નીચે પટકાતા ડોક્ટરનું મોત નિપજ્યું છે. જેથી પરિવારજનો ઘટના સ્થળે દોડી ગયા હતા.

## એપ્રિલ માસમાં એસ.ટી., આરટીઓ અને પોલીસની સંયુક્ત કામગીરી

# સી.ઓ. ચેકીંગ ડ્રાઈવ : 87 હજારના દંડની વસૂલાત, 25 વાહન ડીટેઈન



(એજન્સી) ભાવનગર | તા.04

ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા આરટીઓ અને પોલીસને સાથે રાખી એપ્રિલ માસમાં સી.ઓ. ચેકીંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ ડ્રાઈવ અંતર્ગત ૧૦૬ વાહનચાલકોને મેમો ફટકારી ૮૭ હજારથી વધુના દંડની વસૂલાત કરવામાં આવી હતી. જ્યારે પરમીટ ભંગ કરતા ૨૫ વાહન ડીટેઈન કરવામાં આવ્યા હતા.ભાવનગર એસ. ટી. તંત્રની સુરખા શાખા, ભાવનગર આરટીઓ અને પોલીસ દ્વારા એપ્રિલ માસ દરમિયાન અલગ-અલગ સ્થળોએ સી.ઓ. ચેકીંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં પરમીટ ભંગ કરી વધુ પેસેન્જરો ભરતા તેમજ અન્ય નિયમોનું ઉલ્લંઘન કરનારા ૨૫ વાહનચાલકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૦૬ મેમો ફટકારી ૮૭,૩૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.જ્યારે એસ.ટી. ડેપો આસપાસના નો-પાર્કિંગ ઝોનમાં વાહનો ઉભા રાખી મુસાફરો ખેંચી જનારા વાહનચાલકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. સુરક્ષા શાખાની ટીમોએ એપ્રિલ માસમાં નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરતા ૧૦ વાહનને ડીટેઈન કર્યા હતા. જ્યારે ૬૦ મેમા પકડાવી ૫૬,૯૦૦નો દંડ વસૂલ્યો હોવાનું ભાવનગર વિભાગના અવ્વલ સુરક્ષા અધિકારી જે.પી. ગોહિલે જણાવ્યું હતું.



### ભુજના હમીરસર તળાવમાં ફાયર સ્ટેશનના સાધનોનું પરીક્ષણ કરાયું

(એજન્સી) ભુજ | તા.04

ગુજરાત રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી દ્વારા ભુજ નગર પાલિકા ડિસ્ટ્રીક્ટ ફાયર સ્ટેશનને આત્યાધુનિક વોટર રેસ્ક્યુના સાધનો ફાળવવામાં આવ્યા હતા.જે સાધનોના પરીક્ષણની કામગીરી આજરોજે હમીરસર તળાવમાં હાથ ધરવામાં આવી હતી. આ આત્યાધુનિક વોટર રેસ્ક્યુ સાધનો અગામી સમયમાં ઉપયોગી નિવડશે.રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી ગાંધીનગર દ્વારા ભુજ નગર પાલિકા ડિસ્ટ્રિક્ટ ફાયર સ્ટેશન, ફાયર અને ઈમરજન્સી સર્વિસીસની કચેરી ભુજને વોટર રેસ્ક્યુમાટેના આધુનિક સાધનોની ફાળવણી કરવામાં આી હતી. આ સાધનોમાં એચ.ડી.પી.ઈ.બોટ, બોટ ઈન્જીન, અન્ડર વોટર સર્ચ એન્ડ રેસ્ક્યુ કેમેરા, લાઈફ જેકેટ, લાઈફ રીંગ, રોપ, ફ્લોટિંગ પંપ, રેસ્ક્યુ ક્રાફ્ટ, ટાવર લાઈટ, ટેન્ટ, સ્ટ્રેચર જેવા સાધનો ફાળવવામાં આવ્યા હતા. ભુજ શહેરમાં અવારનવાર વોટર રેસ્ક્યુની ઈમરજન્સી ઉભી થતી હોય છે. ત્યારે આવનારા સમયમાં આ આધુનિક સાધનો ઉપયોગી નિવડશે.



### શારીરિક આરોગ્યની જેમ માનસિક સ્વાસ્થય પ્રત્યે પણ જાગૃતિ જરૂરી

(એજન્સી) ભુજ | તા.04


અદાણીમેડિકલ કોલેજ અને જી.કે.જનરલ હોસ્પિટલમાં મે ૨૦૨૪ માનસિક આરોગ્ય માસની ઉજવણીનો દીપ પ્રગટાવીને પ્રારંભ કરાવતા અદાણી હેલ્થ કેર ગુરપના હેડ ડો. પંકજદોશીએ શારીરિક આરોગ્યની જેમ માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે પણ જાગૃત થવા અનુરોધ કર્યો હતો.મેડિકલ કોલેજ ખાતે લેક્ચર હોલમાં આયોજિત આ કાર્યક્રમમાં લોકો માનસિક સ્વાસ્થય પ્રત્યે સજાગતાકેળવે તેવા હેતુસર ડો. દોશીએ કહ્યું કે, લોકો સામાન્ય રીતે માનસિક રોગની સારવાર લેવાને બદલે છુપાવવાનો પ્રયત્ન કરે છે,પરંતુ જિંદગી ખુબજ કિંમતી છે. રોગ છુપાવવાનો બદલે કુટુંબને વાત કરવી અને તબીબની સલાહ લેવી જરૂરી બને છે. તેમણે તબીબોને પણ આ દિશામાં જાગૃતિ ફેલાવવા હાકલ કરી હતી.મેડિકલ ડાયરેક્ટર ડો. બાલાજી પિલ્લાઈએ કહ્યું કે, માનસિક રોગની બાબતમાં કોઈ શું કહેશે એવી નકારાત્મક સોચને બદલે યોગ્ય સારવાર લેવા ઉપર ભાર મૂક્યો હતો.



### ભાવનગરમાં એક દિવસની રાહત બાદ ફરી 3 દિવસ હીટવેવની આગાહી

(એજન્સી) ભાવનગર | તા.04

ભાવનગરમાં ગરમીની દ્રષ્ટિએ શરૂ સપ્તાહ આકરું રહ્યું છે. હીટવેવની આગાહી વચ્ચે આ સપ્તાહમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતાં શહેરમાં બપોરે આકરો તડકો અને રાત્રે બફારો અનુભવાઈ રહ્યો છે. શુક્રવાર અને શનિવારે રાહત બાદ રવિ, સોમ અને મંગળ એમ ત્રણ દિવસ હીટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. આજે ભાવનગરમાં દિવસ અને રાત અને રાતનું તાપમાન ઉંચકાતા વધારે ગરમી અનુભવાઈ હતી.ગરમીની દ્રષ્ટિએ આ સપ્તાહ ભાવનગર માટે આકરું રહ્યું છે. આ સપ્તાહના પ્રારંભમાં જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતાં શહેરમાં બપોરે આકરો તડકો અને રાત્રે બફારો અનુભવાઈ રહ્યો છે. આજે ભાવનગરમાં દિવસ અને રાત અને રાતનું તાપમાન ઉંચકાતા વધારે ગરમી અનુભવાઈ હતી. ગત રોજની સરખામણીએ આજે મહત્તમ તાપમાન ૦.૯ ડિગ્રીના વધારા સાથે ૩૮.૭ ડિગ્રી તથા લઘુતમ તાપમાન ૦.૬ ડિગ્રીના વધારા સાથે ૨૬.૬ ડિગ્રી નોંધાયું હતું.




### ગઢડા શહેરમાં ગરમીના માહોલમાં પણ રોજીંદા વીજધાંધીયા યથાવત

(એજન્સી) ગઢડા | તા.04

કાળઝાળ ગરમીના અસહ્ય માહોલમાં પણ ગઢડા શહેરમાં છાશવારે વિજળી ગૂલ થઈ જવાની વ્યાપક પ્રમાણમાં રાવ ઉઠવા પામેલ છે. નીયમીતપણે વીજબીલ ભરનાર ગ્રાહકોને પ્રાથમિક સુવિધા આપવામાં સદંતર ઉણુ ઉતરનાર વીજતંત્રની ગંભીર બેદરકારીને લઈને ગ્રાહકોમાં પ્રબળ આક્રોશ ભભૂકી ઉઠયો છે. વીજધાંધીયાના કારણે યાત્રાધામ ગઢડામાં બહારગામથી આવનારા યાત્રિકોમાં તંત્રવાહકોની અણઆવડત છતી થઈ રહેલ હોય કચવાટ વ્યાપેલ છે. યાત્રાધામ તરીકે વિશ્વ વિખ્યાત ગઢડા શહેરમાં વીજતંત્રની લાપરવાહી અને ઉદાસીનતાના કારણે ૨૪ કલાક દરમિયાન વારંવાર વિજળીના ધાંધીયા વધી રહ્યા છે. એકબાજુ સૂર્યનારાયણ આકરા થતા ગરમીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે તેવા સમયે વીજતંત્ર વીજસેવા આપવામાં પણ સદંતર નિષ્ફળ નિવડી રહ્યુ હોય શહેરના ગ્રાહકો ખાસ કરીને સિનીયર સિટીઝન, દર્દીઓ અને બાળકોની હાલત દયનીય બની ગયેલ છે. આકરી ગરમીમાં ભર બપોરે વીજપુરવઠો ખોરવાયેલો રહેતા લોકો તોબા પોકારી ગયા છે.

## આ પરીક્ષા હિન્દી, અંગ્રેજી સહિત 13 ભાષામાં લેવામાં આવે છે

# ભાવનગરના 16 કેન્દ્રો પર 5835 ઉમેદવાર NEETની પરીક્ષા આપશે

(એજન્સી) ભાવનગર | તા.04

મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા દર વર્ષે નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવાતી નીટ એક્ઝામ આગળના પ્રવેશ માટે મહત્વની બની રહે છે અને આ ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓનો ધસારો વધતો રહ્યો છે. તા.૫ મેના રોજ ૧૬ કેન્દ્રોમાં ૫૮૩૫ વિદ્યાર્થી પરીક્ષા આપશે જેની સુરક્ષા માટે આ વર્ષે તમામ કેન્દ્રો પર પરીક્ષા દરમિયાન ઝામર ફીટ કરવામાં આવશે.

અંડર ગ્રેજ્યુએટ્સ માટે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ એ સમગ્ર ભારતમાં વિવિધ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ પ્રોગ્રામ્સ માટેનું એક પ્રવેશદ્વાર છે. નીટ-૨૦૨૪નું આયોજન નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા ૫ મેને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પરીક્ષા હિન્દી, અંગ્રેજી સહિત ૧૩ ભાષામાં લેવામાં આવે છે જેની હોલ ટિકીટ ડાઉનલોડ કરવા સાઈટ ઓપન કરી દેવાય છે. આ પરીક્ષામાં ૭૨૦ માર્કસના પ્રશ્નો સંપૂર્ણ ઓએમઆર પદ્ધતિથી પુછવામાં આવે છે જેમાં માઇનસ પદ્ધતિ પણ છે. આગામી તા.૫ના રોજ યોજાનાર નીટની પરીક્ષા માટે ૧૧ થી ૧.૩૦ એન્ટ્રી સમય રહેશે. જ્યારે ૨ થી ૫.૨૦ પરીક્ષાનો સમય રહેશે. નેશનલ કક્ષાની પરીક્ષાની સુરક્ષા માટે આ વર્ષથી તમામ પરીક્ષા કેન્દ્રો પર જામર લગાડવાનું આયોજન કરાયું છે જેથી પરીક્ષા દરમિયાન કેન્દ્રના અને નજીકના તમામ મોબાઈલ બંધ પડી જશે. તો બીજી તરફ સુરક્ષા વ્યવસ્થા જાળવવા જાહેરનામુ પણ બહાર પડી ચુક્યું છે. (નીટ) મેડિકલ ક્ષેત્રે આ વર્ષે ગત વર્ષ કરતા ૧૦૦૦ વિદ્યાર્થીનો વધારો થયો છે તો સાથો સાથ પરીક્ષા કેન્દ્રો પણ વધાર્યાં છે.

## દરેક વિધાનસભા દીઠ એક-એક આદર્શ મતદાન મથક રહેશે

# ભાવનગર જિલ્લામાં 7 આદર્શ મતદાન મથકો કાર્યરત કરાશે

(એજન્સી) ભાવનગર | તા.04





ભાવનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણીના પગલે દરેક વિધાનસભા બેઠક પર એક આદર્શ મતદાન મથક રહેશે. જિલ્લામાં કુલ ૭ આદર્શ મતદાન મથક તૈયાર કરવામાં આવશે. જિલ્લામાં મહત્તમ મતદાન તેમજ મતદારો મતદાન કરવા પ્રોત્સાહિત થાય તે માટે જિલ્લા ચૂંટણીતંત્રનો અભિગમ છે. આગામી તા. ૭ મેના રોજ ભાવનગર જિલ્લામાં મહત્તમ મતદાન થાય તેમજ મતદારો મતદાન કરવા પ્રોત્સાહિત થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ ભાવનગર સંસદીય મતવિસ્તારમાં ભાવનગર જિલ્લાની દરેક વિધાનસભા દીઠ એક એક આદર્શ મતદાન મથક સહિત જિલ્લામાં કુલ-૦૭ જેટલાં આદર્શ મતદાન મથકો કાર્યરત થશે, જેમાં ૯૯-મહુવા વિધાનસભા મતક્ષેત્ર માટે ૧૪૮-મહુવા-૫૨ નંબરનું બુથ બીસીએ કોલેજ, રૂમ નં.૨, નેહરૂ વસાહતની બાજુમાં, ૧૦૦-તળાજા વિધાનસભા મતક્ષેત્ર માટે ૧૭૧-માંડવા બુથ, નવી પ્રાથમિક શાળા રૂમ નં.૩, ૧૦૧-ગારિયાધાર વિધાનસભા મતક્ષેત્ર માટે ૯૭-ગારીયાધાર-૦૭ નંબરનું, નવી પ્રાથમિક શાળા, વાવ પ્લોટ,પશ્ચિમ તરફ રૂમ, ૧૦૨-પાલીતાણા વિધાનસભા મતક્ષેત્ર માટે ૨૫૭-પાલીતાણા-૦૧,પ્રાથમિક શાળા, ગણેશનગર, રૂમ નં.૨,૧૦૩- ભાવનગર ગ્રામ્ય માટે ૩૧-ભંડારીયા-૦૫, શ્રી કેન્દ્રાવત્રી (બોય્ઝ) શાળા, ૧૦૪-ભાવનગર પૂર્વ માટે ૧૫૬-ભાવનગર-૧૩૩,કે. આર.દોશી કોલેજ, રૂમ નંબર-૦૩, વૃધ્ધાશ્રમ ટી.વી. કેન્દ્ર રોડ, ઘોઘા સર્કલ,ભાવનગર અને ૧૦૫-ભાવનગર પશ્ચિમ માટે હોમ અંગ્રેજી શાળા, ધોરણ-૦૬નો રૂમ, હરભાઈ ત્રિવેદી માર્ગ, ભાવનગર ખાતે આદર્શ મતદાન મથક કાર્યરત કરવામાં આવશે. આ મતદાન મથકો સુશોભિત અને નમુનારૂપ હશે.

### મહુધા શહેરમાં અન્ય પાલિકાનો કચરો ઠલવાતા સ્થાનિકોનો વિરોધ

(એજન્સી) નડિયાદ | તા.04

મહુધા શહેરના ફિણાવ ભાગોળ વિસ્તારમાં કચરા ભરેલી ગાડીઓ ઠાલવવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. આ બાબતે સ્થાનિક રહીશોએ ઉગ્ર વિરોધ કરી કચરા ઠાલવવા આવેલા વાહનોને પરત મોકલ્યા હતા. આમ મહુધા શહેરમાં અન્ય પાલિકાનો કચરો ઠાલવી તેનો નિકાલ કરવાના સત્તાધીશોના નિર્ણયનો ઉગ્ર વિરોધ થતાં આ કામગીરી બંધ કરાવાઇ હતી.મહુધા શહેરના ફિણાવ ભાગોળ વિસ્તારમાં સમગ્ર શહેરનો કચરો ઠાલવવામાં આવે છે. પરંતુ હાલમાં ડાકોર નગરપાલિકા સહિત અન્ય પાલિકાનો કચરો પણ મહુધા નગરમાં લાવીને ઠાલવવામાં આવતા ચોંમેર ભારે દુર્ગંધ ફેલાતી હોવાથી નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. કચરો ઠાલવવાના સ્થળ નજીક રહેણાક વિસ્તારો અને ધામક સ્થળો આવેલા છે. છતાં નગર પાલિકા તંત્રએ અન્ય નગરપાલિકા વિસ્તારનો કચરો ઠાલવવાની મંજૂરી આપી દેતા નગરજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. આ બાબતે નગરજનોએ ભારે વિરોધ દર્શાવી કચરો ઠાલવવા આવેલા ડમ્પરના ચાલકોને અટકાવી પુછતા ડાકોરથી કચરો ઠાલવવા આવ્યા હોવાનું જણાવ્યું હતું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)** — તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)** — લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.

**મિથુન (ક,છ,ઘ)** — આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.

**કર્ક (ડ,હ)** — તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.

**સિંહ (મ,ટ)** — આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.

**કન્યા (પ,ઠ,ણ)** — સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.

**તુલા (ર,ત)** — તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.

**વૃશ્ચિક (ન,ય)** — આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.

**ધન (ભ,ધ,ફ)** — આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

**મકર (ખ,જ)** — તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.

**કુંભ (ગ,શ,સ)** — આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ)** — આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.



ગ્રાહકો પરનો બોજ ઘટાડવા માટે સરકારે 27 ઓક્ટોબરથી નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર ફેડરેશન (NCCF) અને NAFED જેવાં સરકારી વેચાણ કેન્દ્રો દ્વારા 25 રૂપિયા પ્રતિ કિલોના દરે ડુંગળી વેચવાનું શરૂ કર્યું હતું.

**1000 કિલો ડુંગળી 45,800થી ઓછી કિંમતે વેચી શકાશે નહીં, 40% એક્સપોર્ટ ડ્યૂટી લાગશે**

# મોદી સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.04

સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે, જોકે આ માટે મિનિમમ એક્સપોર્ટ પ્રાઈસ (MEP) 550 ડોલર એટલે કે લગભગ રૂ 45,800 પ્રતિ મેટ્રિક ટન નક્કી કરવામાં આવી છે, એટલે કે નિકાસ કરવા માટે ડુંગળીની કિંમત ઓછામાં ઓછી રૂ. 45,800 પ્રતિ મેટ્રિક ટન હોવી જોઈએ. આ આદેશ આજથી જ અમલમાં આવ્યો છે અને આગામી આદેશ સુધી માન્ય રહેશે. આ ઉપરાંત સરકારે ડુંગળીની નિકાસ પર 40% એક્સપોર્ટ ડ્યૂટી લાદવાનો પણ નિર્ણય લીધો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં જ્યારે ડુંગળીનો ભાવ 70થી 80 રૂપિયા સુધી પહોંચી ગયો હતો ત્યારે સરકારે ડુંગળીના એક્સપોર્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્રીજા તબક્કાના મતદાન પહેલાં ડુંગળીના એક્સપોર્ટ પરનો પ્રતિબંધ હટાવાયો ગયા વર્ષે ડિસેમ્બરમાં સરકારે 31 માર્ચ, 2024 સુધી ડુંગળીના એક્સપોર્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ એ પછી બીજા દેશોની વિનંતીના આધારે તેના શિપમેન્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ પછી ગયા મહિને જ સરકારે ડુંગળી પરના એક્સપોર્ટ પ્રતિબંધને આગળના આદેશ સુધી લંબાવ્યો હતો. એક્સપોર્ટ પ્રતિબંધમાં વધારો થયો ત્યારથી વેપારીઓ અને ખેડૂતો, ખાસ કરીને મહારાષ્ટ્રના ખેડૂતો એક્સપોર્ટ પ્રતિબંધ હટાવવા વિનંતી કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે આનાથી ખેડૂતોને સારા ભાવ મેળવવામાં મદદ મળશે. હવે સરકારે પ્રતિબંધ એવા સમયે ઉઠાવી લીધો છે જ્યારે લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે 7 મેના રોજ મતદાન થવાનું છે. સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. નવરાત્રિ બાદ ડુંગળીના ભાવમાં વધારો થયો હતો ઓક્ટોબરમાં નવરાત્રિ પછી સમગ્ર દેશમાં ડુંગળીના ભાવ ઝડપથી વધવા લાગ્યા અને માત્ર એક અઠવાડિયામાં બમણાથી પણ વધુ થઈ ગયા હતા.. એ પછી ગ્રાહકો પરનો બોજ ઘટાડવા માટે સરકારે 27 ઓક્ટોબરથી નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર ફેડરેશન (NCCF) અને NAFED જેવાં સરકારી વેચાણ કેન્દ્રો દ્વારા 25 રૂપિયા પ્રતિ કિલોના દરે ડુંગળી વેચવાનું શરૂ કર્યું હતું. ડુંગળી એ ભારતના રાજકીય અર્થવ્યવસ્થાનો મહત્ત્વનો ભાગ રહી છે ડુંગળી હંમેશાં ભારતની રાજકીય અર્થવ્યવસ્થાનો મહત્ત્વનો ભાગ રહી છે, ખાસ કરીને જ્યારે ચૂંટણીનો સમય આવે છે. પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ પોતે 1980ની કેન્દ્રીય ચૂંટણીને 'ડુંગળીની ચૂંટણી' ગણાવી હતી.

# વિશ્વભરની સેન્ટ્રલ બેન્કો દ્વારા સોનાની ખરીદીમાં RBI અગ્રણી, હોલ્ડિંગ 31 ટકા વધાર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.04

વૈશ્વિક સ્તરે અનિશ્ચતતાઓના વાદળો વચ્ચે વિશ્વભરની વિવિધ સેન્ટ્રલ બેન્કો દ્વારા માર્ચ માસમાં સોનાની ખરીદી વધારવામાં આવી હતી. જેમાં સૌથી વધુ સોનાની 60 ટકા ખરીદી ભારત અને ચીનની સેન્ટ્રલ બેન્કે કરી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના આંકડાઓ અનુસાર, માર્ચ માસમાં વિશ્વભરની સેન્ટ્રલ બેન્કો દ્વારા કુલ નેટ 16 ટન ગોલ્ડ ખરીદવામાં આવ્યું હતું. સોનાની માગ વધતાં સોનાની આગઝરતી તેજી વચ્ચે સોનાની ગ્રોસ ખરીદી 40 ટન થઈ હતી. જો કે, પ્રોફિટ બુકિંગના ભાગરૂપે 25 ટન સોનુ માર્કેટમાં ઓફલોડ કરવામાં આવ્યું હતું. જેમાં આરબીઆઈએ 31 ટકા (5 ટન) સોનાની ખરીદી કરી હતી.



## RBIની ગોલ્ડ રિઝર્વ્સ રેકોર્ડ ટોચે

ભારતમાં RBIનું ગોલ્ડ હોલ્ડિંગ વર્ષની શરૂઆતમાં 18.5 ટનના નેટ એક્વિઝિશન સાથે એપ્રિલની શરૂઆતમાં 822.1 ટનની રેકોર્ડ ટોચે પહોંચ્યું હતું. RBIનું નેટ ગોલ્ડ બાયિંગ 2023ની નેટ ખરીદી (16.2 ટન) સામે 2024માં અત્યારસુધીમાં જ વધી ચૂક્યું છે. એપ્રિલમાં કુલ રિઝર્વ્સમાં ગોલ્ડનો હિસ્સો 2023ના અંતે 7.7 ટકા સામે વધી 8.4 ટકા થયો છે.

## સોનાની ખરીદીમાં ઉભરતા બજારો

વિશ્વભરની સેન્ટ્રલ બેન્કો દ્વારા સોનાની ખરીદીમાં ઉભરતા બજારોએ મોટાપાયે ખરીદી નોંધાવી છે. તુર્કીની સેન્ટ્રલ બેન્કે તેની રિઝર્વ્સમાં 14 ટન ગોલ્ડ ઉમેર્યું છે. પીપલ્સ બેન્ક ઓફ ચાઈનાએ 5 ટન ગોલ્ડ, કઝાકિસ્તાન અને સિંગાપોરની બેન્કોએ તેમના હોલ્ડિંગ્સમાં 4 ટન ગોલ્ડ ઉમેર્યું છે. જ્યારે રશિયાએ 3 ટન ગોલ્ડ રિઝર્વ્સ વધારી છે. આર્થિક અનિશ્ચતતાઓ સામે હેજ તેમજ તેજીના માહોલમાં નીચા મથાળે ખરીદી કરવાના ભાગરૂપે વિવિધ સેન્ટ્રલ બેન્કો દ્વારા ગોલ્ડ રિઝર્વ્સ વધારવામાં આવી છે. માર્કેટની વોલેટિલિટી તથા ફુગાવાના દબાણમાં સોનુ સેફ હેવન એસેટ અર્થાત સુરક્ષિત રોકાણ સંપત્તિ ગણાય છે.

## વૈશ્વિક સ્તરે સોનાની માગ 3 ટકા વધી

વૈશ્વિક સ્તરે સોનાની માગ ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં 3 ટકા વધી 1238 ટન થઈ છે. જે 2026 બાદથી સૌથી વધુ હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ રિપોર્ટ પરથી જાણવા મળ્યું છે.

# સરકાર રૂ. 40 હજાર કરોડના બોન્ડ બાયબેક કરશે, આરબીઆઈએ આપી માહિતી

### હરાજીના પરિણામો એ જ દિવસે જારી કરવામાં આવશે, અને સેટલમેન્ટ 10 મેના રોજ કરાશે

કેન્દ્ર સરકાર આગામી ટૂંકસમયમાં રૂ. 40 હજાર કરોડના ગવર્મેન્ટ સિક્યુરિટીઝ બાયબેક કરવા જઈ રહી છે. બાયબેક કરવામાં આવી રહેલા ગવર્નમેન્ટ સિક્યુરિટીઝમાં 6.18% GS 2024, 9.15% GS 2024 and 6.89% GS 2025 સામેલ છે, જેનો મેચ્યોરિટી પિરિયડ 4 નવેમ્બર, 14 નવેમ્બર અને 16 જાન્યુઆરીએ પૂર્ણ થઈ રહ્યો છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું કે, સરકાર રૂ. 40 હજાર કરોડના ગર્વમેન્ટ સિક્યુરિટીઝ બાયબેક કરવાની યોજના ધરાવે છે. જેમાં પ્રત્યેક સિક્યુરિટીઝ માટે રકમ જારી કરવામાં આવી નથી. મલ્ટીપલ પ્રાઈસ મેથડની મદદથી આ સિક્યુરિટીઝની હરાજી કરાશે. ક્યારે થશે બાયબેક? રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા કોર બેન્કિંગ સોલ્યુશન (ઈ-કુબેર) સિસ્ટમ પર 9 મે, 2024 (ગુરૂવારે) સવારે 10.30થી 11.30 વાગ્યા સુધી ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં હરાજી શરૂ થશે. હરાજીના પરિણામો એ જ દિવસે જારી કરવામાં આવશે, અને સેટલમેન્ટ 10 મેના રોજ કરાશે.

શોર્ટ ટર્મ ગોલ્ડ બોન્ડ યીલ્ડ ઘટશે બાયબેક માટે જે 3 સિક્યુરિટીઝ પસંદ કરવામાં આવી છે, તે તમામ છથી નવ માસ સુધીમાં મેચ્યોર થવાની છે. જેથી બાયબેકના લીધે શોર્ટ ટર્મ ગવર્મેન્ટ બોન્ડ યીલ્ડ ઘટી છે. જેનાથી કંપનીઓ માટે બોરોઈંગ ખર્ચ પણ ઘટ્યો છે. સરકારે તેના બોન્ડની મેચ્યોરિટી પૂર્ણ થાય તે પહેલાં બાકી દેવાની ચૂકવણી માટે આ પગલું લીધુ છે.

# ટીબીઓ ટેક લિમિટેડનો આઈપીઓ 8 મે, 2024ના રોજ ખૂલશે

- પ્રત્યેક રૂ. 1ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર ("ઇક્વિટી શેર") માટે રૂ. 875થી રૂ. 920ની પ્રાઇઝ બેન્ડ ફિક્સ કરવામાં આવી છે
- બિડ/ઓફર બુધવાર, 8 મે, 2024ના રોજ ખૂલશે અને શુક્રવાર, 10 મે, 2024ના રોજ બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, 7 મે, 2024 રહેશે. બિડ લઘુતમ 16 ઇક્વિટી શેર્સ માટે અને ત્યારબાદ 16 ઇક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે




(એજન્સી) અમદાવાદ, તા.04

ટીબીઓ ટેક લિમિટેડ ("ધ કંપની" અથવા "ટીબીઓ") બુધવાર, 08 મે, 2024ના રોજ ઈક્વિટી શેર્સનો તેનો આઈપીઓ માટે બિડ ખોલશે. ઓફર શુક્રવાર, 10 મે, 2024ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ મંગળવાર, 07 મે, 2024ના રોજ રહેશે. ઓફર માટેનો પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 875થી રૂ. 920 નક્કી કરવામાં આવ્યો છે (પ્રાઇઝ બેન્ડ). બિડ્સ લઘુતમ 16 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 16 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. ઓફરમાં રૂ. 4,000.00 મિલિયન (રૂ. 400 કરોડ)ના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ ("ફ્રેશ ઇશ્યૂ") અને 12,508,797 સુધીના ઈક્વિટી શેર્સના કેટલાક શેરધારકો દ્વારા વેચાણની ઓફર ("ઓફર ફોર સેલ" અને ફ્રેશ ઇશ્યૂની સાથે મળીને "ઓફર") ("કુલ ઓફર સાઇઝ")નો સમાવેશ થાય છે. કંપની ઓફરના ફ્રેશ ઇશ્યૂ પોર્શનમાંથી મળેલી કુલ આવકનો નીચે મુજબ ઉપયોગ કરવાની યોજના ધરાવે છે (1) નવા ખરીદકર્તાઓ (નીચે જણાવેલા) અને સપ્લાયર્સ દ્વારા પ્લેટફોર્મને વધારવા તથા મજબૂત કરવા જેમાં સમાવેશ થાય છે (એ) કંપની દ્વારા ટેક્નોલોજી અને ડેટા સોલ્યુશન્સમાં રોકાણ માટે રૂ. 1,350 મિલિયન (રૂ. 135 કરોડ) (બી) માર્કેટિંગ અને પ્રમોશનલ એક્ટિવિટીઝ દ્વારા પ્લેટફોર્મ યુઝર્સના ઓનબોર્ડિંગ માટે તથા ભારતની બહાર સપ્લાયર અને બાયર્સને વધારવા માટે સેલ્સ અને કોન્ટ્રાક્ટિંગ કર્મચારીઓની ભરતી માટે તેની મટિરિયલ Not for distribution outside India સબસિડિયરી ટેક ટ્રાવેલ્સ ડીએમસીસીમાં રોકાણ માટે રૂ. 1,000 મિલિયન (રૂ. 100 કરોડ), (સી) ભારતમાં સંસ્થાની વિકાસ યોજનાઓને સમર્થન આપવા માટે સેલ્સ, માર્કેટિંગગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રૂ. 250 મિલિયન (રૂ. 25 કરોડ)નું રોકાણ અને (2) અજાણ્યા ઈનઓર્ગેનિક હસ્તાંતરણો તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે રૂ. 400 મિલિયન (રૂ. 40 કરોડ) ("ઓફરનો હેતુ").

# ઈંડેજીન લિમિટેડે ઈક્વિટી શેર દીઠ રૂપિયા 452ની અપર પ્રાઈઝ બેન્ડથી 36 એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂપિયા 548.77 કરોડનું ભંડોળ એકત્રિત કર્યું

- ઈંડેજીન લિમિટેડ ("ઈક્વિટી શેર")ના રૂપિયા 2 ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરની પ્રાઈઝ બેન્ડ રૂપિયા 430 શેરદીઠથી રૂપિયા 452 પ્રતિ શેર નક્કી કરવામાં આવેલ છે.
- બિડ/ઓફર ખુલવાની તારીખ સોમવાર, 06 મે, 2024 છે; બિડ/ઓફર બંધ થવાની તારીખ 08 મે,2024 છે.

(એજન્સી) મુંબઈ, તા.04

ઈંડેજીન લિમિટેડે 36 એન્કર ઈન્વેસ્ટર્સને 1,21,41,102 ઈક્વિટી શેરની ફાળવણી કરી છે અને કંપનીના સૂચિત પ્રારંભિક જાહેર ભરણા (IPO) અગાઉ શેરદીઠ રૂપિયા 2ની મૂળ કિંમત સાથે ઈક્વિટી શેર દીઠ રૂપિયા 452ની અપર પ્રાઈઝ બેન્ડ (ઈક્વિટી શેર દીઠ રૂપિયા 452 પ્રીમિયમ સહિત) થી રૂપિયા 548.77 કરોડનું મૂડી ભંડોળ એકત્રિત કર્યું છે. એન્કર બુકમાં વિવિધ પ્રકારના મુખ્ય રોકાણકારોની ભાગીદારી જોવા મળી છે, તેમાં વિશ્વા સૌથી મોટા ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ પૈકીની એક કેપિટલ ગ્રુપ, ફિડેલિટી ઈન્વેસ્ટમેન્ટ્સ, ફિડેલિટી ઈન્વેસ્ટમેન્ટ્સ, લૂમિસ સેલ્સ એન્ડ કંપની, જ્યુપીટર એસેટ મેનેજમેન્ટ, અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી, એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, આઈસીઆઈસીઆઈ પ્રૂડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ, નિપ્પોન ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ, ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ, પ્રેમજી ઈન્વેસ્ટ, કસ્ટડી બેંક ઓફ જાપાન, વ્હાઈટઓક કેપિટલ મેનેજમેન્ટ, યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, બંધન મ્યુચ્યુઅલ ફંડ, ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડ, એડલવાઈસ મ્યુચ્યુઅલ ફંડ, બરોડા બીએનપી પારિબાસ, આદિત્ય બિરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, બજાજ આલિયાંઝ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, ભારતી એક્સા લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, ઈસ્ટ બ્રિઝ કેપિટલ માસ્ટર ફંડ લિમિટેડ, કોટક ફંડ્સ અને કેપ્થોલ મોરિશાસ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર્સને 12,141,102 ઈક્વિટી શેરની કુલ ફાળવણી પૈકી 48,05,156 ઈક્વિટી શેર (એટલે કે એન્કર ઈન્વેસ્ટર્સને કુલ ફાળવણીના 39.58 ટકા) કુલ 18 સ્કીમ મારફતે 10 સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડોને ફાળવણી કરવામાં આવી હતી. આ ઓફરમાં રૂપિયા 7,600 મિલિયન સુધીના ઈક્વિટી શેરના એક ફ્રેશ ઈશ્યુ ("ફ્રેશ ઈશ્યુ")ના ઓફરથી બનેલ છેઅને 23,932,732 ઈક્વિટી શેર ("ઓફર કરવામાં આવેલ શેર્સ") ના વેચાણની ઓફર 1,118,596 ઈક્વિટી શેર મનીષ ગુપ્તા એટલા મિલિયન સુધી, રાજેશ ભાસ્કરન નાયર દ્વારા કુલ 3,233,818 ઈક્વિટી શેર, એટલા મિલિયન સુધી, 1,151,454 ઈક્વિટી શેર અનીતા નાયર દ્વારા આટલા મિયન સુધી (સંયુક્ત રીતે મનીષ ગુપ્તા અને ડો. રાજેશ ભાસ્કરન નાયરની સાથે વ્યક્તિગત રીતે વેચાણ કરી રહેલા શેરધારકો), ગ્રુપ લાઈફ સ્પ્રિંગના ભાગીદાર તરીકે વિડા ટ્રસ્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ (ફિગ ટ્રી ટ્રસ્ટના ટ્રસ્ટી) દ્વારા 3,600,000 ઈક્વિટી શેરો સુધી ગ્રુપ લાઈફ સ્પ્રિંગના ભાગીદાર તરીકે તેની ક્ષમતા બીપીસી જેનેસિસ ફંડI એસપીવી, લિમિટેડ દ્વારા કુલ 2,657,687 ઈક્વિટી શેર સુધી, આ પ્રકારના મિલિયન સુધી, બીપીસી જેનેસિસ ફંડ આઈ-એ એસપીવી, લિમિટેડ દ્વારા કુલ 1,378,527 ઈક્વિટી શેર સુધી છે.

# ગૌતમ સિંઘાનિયા ફરી રેમન્ડના મેનેજિંગ ડિરેક્ટર બન્યા

### ચોથા ક્વાર્ટરમાં કંપનીનો નફો 18% વધીને ₹229 કરોડ થયો, આવક 21% વધી

(એજન્સી) મુંબઈ, તા.04

ગાર્મેન્ટ્સ અને એપેરલ કંપની રેમન્ડે Q4FY24 એટલે કે નાણાકીય વર્ષ 2024ના ચોથા ક્વાર્ટરના પરિણામો આજે એટલે કે શુક્રવારે (3 મે) જાહેર કર્યા. જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 18% વધીને 229.2 કરોડ થયો છે. ગયા વર્ષે, સમાન ક્વાર્ટરમાં (Q4FY23), કંપનીનો નફો 194 કરોડ હતો. તે જ સમયે, માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક 21% વધીને 2,609 કરોડ થઈ હતી, જ્યારે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં તે 2,150 કરોડ હતી. ગૌતમ સિંઘાનિયા ફરીથી મેનેજિંગ ડિરેક્ટર બન્યા પરિણામ જાહેર કરવાની સાથે કંપનીએ કહ્યું કે બોર્ડે આગામી 5 વર્ષ માટે મેનેજિંગ ડિરેક્ટર તરીકે ગૌતમ સિંઘાનિયાની પુનઃનિયુક્તિને મંજૂરી આપી છે. સિંઘાનિયાનો નવો કાર્યકાળ 1 જુલાઈ, 2024થી શરૂ થશે. કંપનીએ કહ્યું, 'ગૌતમ સિંઘાનિયાના નેતૃત્વમાં ગ્રુપે ઘણી પ્રગતિ કરી છે. તેમનો ઉદ્દેશ્ય રેમન્ડ બ્રાન્ડને વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત ભારતીય બ્રાન્ડ્સમાંની એક બનાવવા અને તેને વૈશ્વિક ઓળખ અપાવવાનો છે.

## એન્જિનિયરિંગ બિઝનેસને પણ એક યુનિટ બનાવવાની મંજૂરી

રેમન્ડના વિવિધ વ્યવસાયોના બોર્ડે એન્જિનિયરિંગ વ્યવસાયને એક અલગ એકમ તરીકે મંજૂરી આપી છે. આ સાથે રેમન્ડે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું કે કંપની એરોસ્પેસ અને ડિફેન્સ બિઝનેસને પણ એક અલગ એન્ટિટી બનાવશે. આ ડિમર્જરની મંજૂરી તાજેતરમાં હસ્તગત કરેલ મેની પ્રિસિઝન પ્રોડક્ટ્સ લિમિટેડ (MMPL)ને અમુક ક્ષેત્રોમાં પ્રવેશ કરવા સક્ષમ બનાવવા માટે છે. કંપનીએ 10 રૂપિયાના ડિવિડન્ડની જાહેરાત કરી હતી પરિણામોની સાથે, રેમન્ડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તેના રોકાણકારોને શેર દીઠ રૂ. 10નું ડિવિડન્ડ આપવાની પણ મંજૂરી આપી છે.



## રેમન્ડના શેરે એક વર્ષમાં 40.50% વળતર આપ્યું

પરિણામો પછી, અદાણી ગ્રીન રેમન્ડનો શેર 3.49% ઘટીને આજે રૂ. 2,214 પર બંધ થયો હતો. આ સાથે કંપનીનું માર્કેટ કેપ પણ વધીને 14.84 હજાર કરોડ રૂપિયા થઈ ગયું છે. છેલ્લા એક મહિનામાં કંપનીના શેરમાં 15.27%નો વધારો થયો છે.

# અદાણી પોર્ટ્સ ફિલિપાઈન્સમાં પોર્ટ બનાવશે

### કંપનીના MD કરણ અદાણી ત્યાંનાં રાષ્ટ્રપતિને મળ્યા, ભારે જહાજો પણ ઓપરેટ કરી શકાશે

(એજન્સી) નવી દિલ્હી, તા.04

અદાણી ગ્રૂપની કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) હવે ફિલિપાઈન્સમાં રોકાણ કરવાની તૈયારી કરી રહી છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિના કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે અદાણી પોર્ટ્સે ફિલિપાઈન્સના બાટાનમાં 25 મીટર ઊંડો બંદર વિકસાવવામાં રસ દાખવ્યો છે. આગળ જઈને પ્રમુખ માર્કોએ ફિલિપાઈન્સમાં અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની યોજનાને આવકારી છે. તેમણે કહ્યું કે કૃષિ ઉત્પાદનોને હેન્ડલ કરવા માટે બંદરો વિકસાવવા જોઈએ, જેથી ફિલિપાઈન્સ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે. તાજેતરમાં, ગૌતમ અદાણીના પુત્ર અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)ના મેનેજિંગ ડિરેક્ટર (MD) કરણ અદાણીએ ફિલિપાઈન્સના પ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર સાથે મુલાકાત કરી હતી. અદાણી પોર્ટ દ્વારા વિકસાવવામાં આવનાર પોર્ટ પરથી પેનામેક્સ જહાજોને પણ હેન્ડલ અથવા ઓપરેટ કરી શકાય છે. સામાન્ય રીતે આ પ્રકારના જહાજનું ડેડવેઈટ 50,000 થી 80,000 ટન જેટલું હોય છે. તે મોટા જથ્થામાં માલસામાન વહન કરવામાં સક્ષમ છે. વિશ્વના બહુ ઓછા બંદરો પાસે આવા ભારે જહાજોને હેન્ડલ કરવાની સુવિધા છે.




## કંપનીએ ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા

અદાણી ગ્રૂપની કંપની અદાણી પોર્ટ્સે Q4FY24 એટલે કે નાણાકીય વર્ષ 2024ના ચોથા ક્વાર્ટરના પરિણામો 2 મેના રોજ જાહેર કર્યા હતા. જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે (YoY) 76.87% વધીને 2,014.77 કરોડ થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો 1,139.07 કરોડ હતો. જ્યારે છેલ્લા ક્વાર્ટરમાં (Q3FY24) તે 2,208.21 કરોડ હતું. તેનો અર્થ એ કે કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ત્રિમાસિક ધોરણે (QoQ) 8.76% ઘટ્યો છે.

# ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડે 460 મેગાવોટનો ફર્મ અને ડિસ્પેચેબલ રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ ઊભો કરવા માટે એસજેવીએન લિમિટેડ સાથે પીપીએ કરાર કર્યો

(એજન્સી) મુંબઈ, તા.04

ભારતની રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રની અગ્રણી કંપની અને ટાટા પાવર કંપની લિમિટેડની પેટાકંપની ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડે (ટીપીઆરઈએલ) 460 મેગાવોટનો ફર્મ અને ડિસ્પેચેબલ રિન્યૂએબલ એનર્જી (એફડીઆરઈ) પ્રોજેક્ટ ઊભો કરવા માટે ભારતીય જાહેર ક્ષેત્રના એકમ (પીએસયુ) એસજેવીએન લિમિટેડ (એસજેવીએન) સાથે પાવર પરચેઝ અગ્રીમેન્ટ (પીપીએ) કર્યો છે.

460 મેગાવોટની એફડીઆરઈ જરૂરિયાતો પૂરી કરવા માટે તૈયાર કરાયેલો આ પ્લાન્ટ સોલર, વિન્ડ અને બેટરી સ્ટોરેજ ટેક્નોલોજીને ઈન્ટિગ્રેટ કરશે જેથી પીક અવર્સ દરમિયાન અસરકારક ઊર્જા પહોંચાડી શકાય અને ગ્રીડને સ્ટેબિલાઇઝ કરી શકાય. એફડીઆરએ સતત વીજ પુરવઠો પૂરો પાડે છે અને રિન્યૂએબલ પરચેઝ ઓબ્લિગેશન્સ (આરપીઓ) અને એનર્જી સ્ટોરેજ ઓબ્લિગેશન્સ (ઈએસઓ)ને પૂરા કરવામાં ડિસ્ટ્રીબ્યુશન કંપનીઝ (ડિસ્કોમ)ને મદદ કરે છે. આ કરાર એફડીઆરઈ ટેન્ડરમાં ટીપીઆરઈએલની પ્રથમ સફળતા છે જે વિશ્વસનીય અને ટકાઉ ઊર્જા સોલ્યુશન્સ પૂરા પાડવાની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દિપેશ નંદાએ આ ભાગીદારી અંગે જણાવ્યું હતું કે "એસજેવીએન લિમિટેડ સાથેની આ ભાગીદારી હેઠળ ટીપીઆરઈએલ તરફથી શ્રેષ્ઠ ટકાઉ ઊર્જા સોલ્યુશન્સ પૂરા પાડવામાં આવશે. એસજેવીએન લિમિટેડના ગ્રીન ઊર્જા ઉદ્દેશોને પહોંચી વળવામાં તે લાંબા ગાળાની ભૂમિકા ભજવશે. વિવિધ રિન્યૂએબલ ઊર્જા સ્ત્રોતોને સંકલિત કરીને અને ફર્મ એન્ડ ડિસ્પેચેબલ રિન્યૂએબલ એનર્જી (એફડીઆરઈ)ના મહત્વનો લાભ લઈને આ જોડાણ ભરોસાપાત્ર વીજ પુરવઠો સુનિશ્ચિત કરશે અને ભારતના મહત્વાકાંક્ષી રિન્યૂએબલ ઊર્જા લક્ષ્યાંકોમાં પણ સક્રિયપણે પ્રદાન કરશે."

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ચૈત્ર વદ-12**

# કેનેડામાં તુષ્ટીકરણ

કેનેડા સરકારની નીતિઓની સ્પષ્ટ શબ્દોમાં નિંદા થવી જોઈએ અને ભારત સરકારે સોમવારે કેનેડાના નાયબ રાજદૂતને બોલાવીને એવું જ કર્યું હતું. હવે બુધવારે કેનેડાના વડાપ્રધાનનો એક એવો ઈન્ટરવ્યૂ બહાર આવ્યો છે, જેનાથી બંને દેશોના સંબંધોમાં કટુતા વધવાનાં કારણે સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો પોતાના સ્થાનિક રાજકારણને મજબૂત કરવા માટે ખાલિસ્તાનના સમર્થનમાં ઊભા થઈ ગયા છે. ખાલિસ્તાનનો વિચાર નવો નથી, પરંતુ તેની અવ્યાવહારિકતા અનેક વખત ઉજાગર થઈ ચૂકી છે. ખુદ શીખ સમુદાયમાં બહુમત આ વિચાર સાથે સહમત નથી અને પરદેશમાં જઈ વસેલા, ત્યાંની નાગરિકતા લઈ ચૂકેલા થોડા અલગતાવાદીઓને સંતુષ્ટ રાખવા માટે ટ્રુડોએ જેવાં નિવેદનો કર્યાં છે, તે વિચારવા પર મજબૂર કરે છે. એક સંભાવના એ પણ છે કે કેનેડાની સ્થાનિક રાજનીતિની મજબૂરી સમજતાં ત્યાંના વડાપ્રધાનની વાત ગંભીરતાથી ન લેવામાં આવે, પરંતુ તેનાથી મુઠ્ઠીભર અલગતાવાદીઓના માનસિક દુરાગ્રહનું સમાધાન થઈ જશે? એક તો કેનેડાના વડાપ્રધાન ટ્રુડો એવા કોઈ અલગતાવાદી કાર્યક્રમમાં ગયા જ કેમ, જ્યાં ભારત વિરોધી નારા લાગી રહ્યા હતા? શું ભારતમાં ધર્મોની પૃષ્ઠભૂમિ કે ઈતિહાસનું તેમણે અધ્યયન કર્યું છે? કેનેડા સરકારના સલાહકારોના જ્ઞાન પર દયા આવે છે. એ કેવા લોકો છે, જે આજની દુનિયામાં પણ ધાર્મિક આધાર પર ભૂગોળ બદલવાની કલ્પના કરી રહ્યા છે? આ કેવા દેશો છે, જેઓ મજહબી વિભાજનોથી હજુ પણ ધરાયા નથી? એક અલગતાવાદી આતંકી નિજ્જરની હત્યા ટ્રુડો માટે એટલો મોટો મામલો છે કે તે ભારત સાથેના સંબંધોમાં તેને એક સમસ્યા માની રહ્યા છે? આજે આતંકવાદ અને અલગતાવાદ વિરુદ્ધ ઊભા થવાની જરૂર છે, પરંતુ કેનેડા જ્યાં ઊભું છે, તેની નીચેની જમીન ખોખલી છે. કદાચ રાજકીય ભાવુકતામાં ટ્રુડોએ ત્યાં સુધી કહી દીધું કે ખાલિસ્તાનનું સમર્થન જો શાંતિપૂર્ણ રીતે કરવામાં આવે છે તો ઓટાવા દ્વારા રોકવામાં નહીં આવે. ટ્રુડોને બિલકુલ અંદાજો નથી કે અલગતાવાદ અને મજહબી હિંસાની કેટલી ભારે કિંમત અનેક વખત ભારતે ચૂકવી છે. શું ટ્રુડોએ એ પંજાબ તરફ એક નજર પણ કરી છે, જે આજે પાકિસ્તાનના હિસ્સામાં છે? જ્યાં ગુરુ નાનકદેવનો જન્મ થયો હતો, શું એ ધરતી વિશે કોઈ ખરેખર ચિંતિત છે? પહેલી નજરમાં એવું લાગે છે કે કેનેડાની વર્તમાન સરકાર અલગતાવાદીઓની ચુંગાલમાં આવી ગઈ છે. આજના સમયમાં દુનિયાની કોઈપણ સરકારે સાંપ્રદાયિકતાના આધાર પર વિચારવું ન જોઈએ. પંજાબ જ નહીં, કાશ્મીરમાં પણ અલગતાવાદીઓનું સમર્થન કરતાં પાકિસ્તાન કઈ સ્થિતિ સુધી પહોંચી ગયું છે એ ચોક્કસ જોવું જોઈએ. હિંસક તત્ત્વોની ઘાતક રાજનીતિને સમજદાર લોકો લોકતાંત્રિક રૂપે ઠેકાણે પાડે, તો વધુ બહેતર છે. લોકતંત્ર અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામ પર હિંસા અને અલગતાવાદને ઉત્તેજન આપવાનાં પરિણામો હંમેશાં ઘાતક સાબિત થયાં છે. ભારતીય મુત્સદ્દીગીરી માટે જરૂરી છે કે તે કેનેડા જ નહીં, કેટલાક અન્ય દેશોમાં પણ ફેલાઈ રહેલા ભારત વિરોધને ડામવા માટે યોજનાબદ્ધ રીતે કામ કરે. ભારત પોતાના ભાગલા અને અલગતાવાદથી આગળ વધીને લોકતાંત્રિક ઉદારતા તરફ વધી ચૂક્યું છે, હવે તેના માટે વિવિધતામાં એક્તા જ જીતની એકમાત્ર ફોર્મ્યૂલા છે.

# પરિક્રમા કરવા ઈચ્છતા શ્રદ્ધાળુઓને પગે ચાલીને કે મોટર માર્ગે પરિક્રમા કરવા અપીલ

### માર્ગમાં ગરૂડેશ્વર અને પોઈચા આ બે બ્રિજ આવે છે. આ રૂટ ઉપર શ્રદ્ધાળુઓ સરળતાથી પરિક્રમા કરી શકશે

ભરત શાહ : રાજપીપળા



ઈન્દોર સ્થિત નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા રિવર બેડ પાવર હાઉસના સંચાલન માટે તા.૨૯/૦૪/૨૦૨૪ના શિડ્યુલ મુજબ ગત તા.૨૯/૦૪/૨૦૨૪ના રોજ સરદાર સરોવર નર્મદા ખાતેથી રિવરબેડ પાવર હાઉસ શરૂ કરાતા ૩૦ હજાર ક્યુસેક જેટલું પાણી નર્મદા નદીમાં છોડવા અંગેનો નિર્ણય લેવાયો હતો. જેના પગલે નદીના નીચાણવાળા વિસ્તારો માં પાણીનો આવરો થયો છે. શહેરાવ ઘાટ ખાતે બનાવેલો કાચો બ્રિજ પાણીમાં સંપૂર્ણ ધોવાઈને ગરકાવ થયો છે. તેના પગલે પરિક્રમા ઉપર ટેમ્પરરી રોક લગાવવામાં આવી છે. વૈકલ્પિક આયોજન માટે સાધુ સંતો અને અગ્રણીઓ દ્વારા સમૂહ ચિંતન-મંથન કરી ગુરૂવારે વહેલી સવારે પાણીના પ્રવાહનો જાયજો લેવા માટે જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પ્રાયોજના વહીવટદાર હનુલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને નોડલ અધિકારી જે.કે.જાદવ, નાયબ માહિતી નિયામક અરવિંદ મછાર સહિતનાઓની ટીમ સાથે પાણીના પ્રવાહની રિયલ પરિસ્થિતિના ફોટો -વીડિયો દ્વારા નર્મદા નદીના દ્રશ્યો કેદ કર્યા હતા. NDRF ની બોટ પણ પાણીના ધસમસતા પ્રવાહમાં સ્થિરતાથી સંચાલન થઈ શકે તેવી સ્થિતિમાં નથી તેવું NDRFની ટીમોનો પણ અભિપ્રાય લેવામાં આવ્યો હતો.

### નર્મદા પુત્ર સાંવરિયા મહારાજની પરિક્રમાવાસી ઓને હાર્દિક અપીલ

ગત તા.8મી એપ્રિલ-2024થી ઉત્તરવાહિની પરિક્રમા પગપાળા તેમજ મોટર માર્ગે શરૂ થઈ હતી. ગત ગુરૂવારના રોજ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે મેં જાતે પરિક્રમા રૂટનું નિરિક્ષણ કર્યું છે. બોટમાં બેસીને સર્વે પણ કર્યો છે. નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી પરિક્રમાર્થીઓ જેમાં બાળકો,વૃદ્ધો, મહિલાઓ, અશક્ત પણ જોડાતા હોય બોટમાંથી કિનારે ઉતરી શકે તેવી સ્થિતિ નથી. આ પરિસ્થિતિ જોતાં પરિક્રમા હાલ શરૂ કરવી કઠિન છે. જિલ્લા વહીવટી તંત્ર પરિક્રમાર્થીઓ માટે હંમેશાં ખડેપગે છે. પરિક્રમા કરવા ઈચ્છતા શ્રદ્ધાળુઓને મોટર માર્ગે પરિક્રમા કરવા વિનંતી છે. તેના માર્ગમાં ગરૂડેશ્વર અને પોઈચા આ બે બ્રિજ આવે છે. આ રૂટ ઉપર શ્રદ્ધાળુઓ સરળતાથી પરિક્રમા કરી શકશે.

# નર્મદા પરિક્રમા બંધ કરાવવાનો નિર્ણય મુગલ શાસનની યાદ અપાવે છે : નર્મદા જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ

ભરત શાહ : રાજપીપળા




નર્મદા પરીક્રમા અચાનક બંધ કરાવવાના વિરોધમાં નર્મદા જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી પરીક્રમા ફરીથી શરુ કરવાની માંગ કરવામાં આવી છે.આ રજુઆત વેળા દક્ષિણ ગુજરાત પ્રાંત રાષ્ટ્રીય બજરંગ દળના મંત્રી ઉમેશ જોષી, નર્મદા જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ મહામંત્રી મીતેશ જૈન, નર્મદા જિલ્લા સંત સમિતિના સજાનંદ મહારાજ,અમરદાસ બાપુ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા કલેક્ટરને પોતાની રજુઆતમાં જણાવ્યું હતું કે લાખોની સંખ્યામાં હિંદુ શ્રધ્ધાળુઓ પૌરાણિક સમયથી નર્મદા જિલ્લામાં હિન્દુ વર્ષની ચૈત્ર માસ દરમિયાન ૧૮ થી ૨૦ કિલોમીટરની ઉત્તર વાહિની પરિક્રમા પદયાત્રા કરવામાં આવે છે.પણ કેટલાક સમયથી આ યાત્રા સરકાર તથા પ્રશાસનને માફક ના આવતી હોય તેવું દેખાય છે.પ્રશાસન દ્વારા ૨૯/૦૪/૨૦૨૪ રોજ નર્મદા ઉત્તર વાહિની પરિક્રમા પર અગમ્ય કારણોસર પ્રતિબંધ લાદી દેવાનો એક તઘલખી નિર્ણય લેવાયો છે.જે હિન્દુ ધર્મની આસ્થા પર એક કઠોર ઘાત સમાન છે. આવા હિન્દુ ધર્મના ઉત્સવ અને કાર્યક્રમો પર ભૂતકાળમાં મુગલો દ્વારા પ્રતિબંધ લાદવામાં આવતો હતો, જે આજે મુગલ શાસનની યાદ અપાવે છે.

નર્મદા જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ દ્વારા આ તુગલખી નિર્ણય સાંખી લેવામાં આવશે નહિ.ઔરંગઝેબી ફરમાનો જારી કરી સરકાર દ્વારા હિન્દુઓને પ્રતાડિત કરવામાં આવતા હોવાનો આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદે આક્ષેપ લગાવ્યો છે.વધુમા જણાવ્યું છે કે પ્રસાશન દ્વારા તાનાશાહી વર્તન કરવામાં આવી રહ્યું છે.મોટર માર્ગે પરીક્રમા ચાલું છે એવું નર્મદા કલેક્ટર કહે છે પણ વવડી ચોકડી, રૂઢ ચોકડી અને સમારીયા ચોકડી પર રસ્તા બ્લોક કરી દેવામાં આવ્યા છે તો ભકતો મોટર માર્ગે કેવી રીતે પરીક્રમા કરશે.જો માઁ નર્મદા પરિક્રમા પુનઃ શરૂ કરવામાં નહી આવે તો જલદ આંદોલન કરવામાં આવશે એવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

## મરણમાંથી આવેલી પત્નીને માર મારનાર પતિ વિરૂદ્ધ પત્નીએ આપી ફરિયાદ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના બોદવાવ ગામમાં.નજીવી બાબતે પત્ની ને માર મારનાર પતિ વિરૂદ્ધ પત્ની એ ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર બોદવાવ ગામમાં રહેતા શૈલેષ ભાઈ જોપાભાઈ વસાવા નાએ તા.૦૧/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના બારેક વાગ્યા અરસામાં તેમના પત્નિ કરુણાબેન શૈલેષભાઈ વસાવા રહે.બોદવાવ, નિશાળ ફળીયુ, તા. સાગબારા, જી.નર્મદા નાઓ કે જેઓ મરણ માંથી ઘરે આવેલ તે વખતે તેમનો પતિ તું બીજાના ઘરે કામ કરે છે અને આપણા ઘરે કામ નથી કરતી તેમ કહી ગાળો બોલી નજીકમાં પડેલ લાકડીથી ઉંબરાના ઝાડ નીચે માર માર મારતાં સાગબારા પોલીસે પતિ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## નિવાલ્દા ગામ પાસે ટ્રક અને ટેમ્પો વચ્ચે અકસ્માતમાં ટેમ્પો ચાલકનું ઘટના સ્થળે મોત

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના નિવાલ્દા ગામ પાસે પૂરપાટ આવતી ટ્રકે ટેમ્પો સાથે અકસ્માત કરતા ટેમ્પો ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર કંડકટર આમોલ સુભાષભાઈ સોનાર રહે,કજગાંવ સ્વામી સમર્થન નગર તા.ભડગાવ જી.જલગાવ (મહારાષ્ટ્ર) નાઓ એ આપેલી ફરિયાદ મુજબ નિવાલ્દા GEB ઓફિસની સામે વળાકમાં હાઈવે રોડ પર ટ્રક ચાલકે પોતાના કબ્જાની ટ્રક નંબર GJ-10-TT-6436 પુરઝડપે હંકારી લાવી તેમના આઈસર ટેમ્પા નંબર- MH-19-CY-7907 સાથે એક્સિડન્ટ કરી તેમને શરીરે ઓછી વધતી ઈજાઓ પોહચાડી તથા આઈસર ટેમ્પોના ડ્રાઈવર જ્ઞાનેશ્વર ઉર્ફે ગુરુ શિવરામ પાટીલ નાઓને કપાળના ભાગે તથા ગળાના ભાગે તથા બન્ને હાથે તથા બન્ને પગે ગંભીર ઈજાઓ પોહચાડી સ્થળ પર મોત નિપજાવી ગુનો કરતા ડેડીયાપાડા પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## નાની બેડવાણ ગામે આંકડા, જુગારનો ધંધો કરનાર શખ્સને પોલીસે ઝબ્બે કર્યો

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના નાની બેડવાણ ગામ માં આંકડા જુગાર નો ધંધો કરનાર શખ્સ ને પોલીસે દબોચી લીધો હતો. મળતી માહિતી અનુસાર ડેડીયાપાડા પોલીસ પેટ્રોલિંગ માં હતી તે દરમિયાન નાની બેડવાણ ગામ માં રતિલાલ અમરસિંગભાઈ વસાવા,રહે.નાની બેડવાણ બજાર ફળીયું તા.દેડીયાપાડા જિ.નર્મદા નાઓ નાની બેડવાણ ગામે પોતાના ઘરની પાછળ આવેલી દુકાનોની આડાશમાં ખુલ્લી જગ્યામાં વરલી મટકાના આંક-ફરકના આંકડાઓ લખી-લખાવી પૈસા વડે હાર-જીતનો જુગાર રમી રમાડી રોકડા રૂ.૧૨૭૦ - /ના જુગારના સાહિત્ય સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરતા ડેડીયાપાડા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

# ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસકર્મી કિરીટ વાળાએ પોતાની સર્વિસ ગનથી ફાયરિંગ કરી આપઘાત કર્યો

### ઘટનાની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યાં : દામ્પત્ય જીવન માં ચાલતી તકરાર જવાબદાર હોવાનું અનુમાન

ભરત શાહ : રાજપીપળા



ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસકર્મીએ પોલીસ ક્વાર્ટસમાં પોતાની સર્વીસ ગનથી ત્રણ રાઉન્ડ ફાયર કરીને જીવન લીલા સંકેલી લેતા ચકચાર મચી ગઇ હતી. ઘટનના પગલે ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.ભરૂચ પોલીસમાં કમાન્ડો તરીકે ફરજ બજાવતા કિરીટ વાલાભાઈ વણકર એ પોતાના વેપનની મદદથી ગોળીબાર કરી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે.ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાંથી ક્યુઆરટી વિભાગ માં હેડ કોન્સ્ટેબલ તરીકે કિરીટ વાળા ફરજ બજાવતા હતા,તેમને અને તેમની પત્ની વચ્ચે દાંપત્ય જીવનને લઈને તકરાર થતા મામલો ગરમાયો હતો તેમની પત્ની ઘરેથી નીકળી જતા રોષે ભરાયેલા કિરીટ વણકરે પોતાની સર્વિસ ગનથી ફાયરિંગ કરી જીવન લીલા સંકેલી હોવાની ચર્ચા સંભળાઈ રહી છે આ ઘટના બાદ દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ અધિકારીઓ સહિત એફએસએલ સહિતની ટીમો સ્થળ પર દોડી આવી વધુ તપાસ હાથ ધરી હતી.ઘટનામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનો અંદાજ છે. બી ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી આવી તેમના મૃતદેહ ને પોસ્ટમોર્ટમ માટે સિવીલ હોસ્પિટલમાં મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજપીપળા નગરપાલિકામાં મતદાનના દિવસે કર્મીઓને સવેતન રજા મળશે

ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા નગપાલિકાના હદ વિસ્તારોમાં કાર્યરત તમામ દૂકાનો, વાણિજ્ય સંસ્થાઓના માલિકોને તેમના કામદારો, કર્મીઓને મતદાન કરવા માટે ફરજિયાતપણે સવેતન રજાની મંજૂરી આપવાની રહેશે. છોટાઉદેપુર લોકસભા સંસદીય વિભાગમાં સમાવિષ્ટ નાંદોદ વિધાનસભા મત વિસ્તારમાં લોકસભા સામાન્ય ચુંટણી -2024 આગામી 7મી મે મંગળવારના રોજ યોજાનાર છે. આ દિવસે રાજપીપલા નગરપાલિકા વિસ્તારમાં તમામ મતદાર કામદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે લોકપ્રતિનિધિત્વ ધારા 1951ની કલમ-135 (બી) ની જોગવાઈઓ અનુસાર રાજપીપલા નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ દુકાન, હોટલ, વાણિજ્ય સંસ્થા,જાહેર આનંદ પ્રમોદની સંસ્થાઓ, ફેક્ટરી કંપનીઓ વિગેરેમાં કામ કરતાં અને મતાધિકાર ધરાવતા કોઈ પણ કામદાર/ કર્મચારી રોજમદાર-છૂટક પરચુરણ કામદારો સહિતનાને મતદાનના દિવસે દૂકાનો ના માલિકો, મેનેજરોએ સવેતન રજા મંજૂર કરવાની રહેશે. ઈમરજન્સી કર્મીઓને 2 કલાકની છુટ આપવી પડશે. કાયદા વિરૂધ્ધ વર્તન કરનાર દંડ અને શિક્ષાપાત્ર ઠરશે.

## પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને 1001 રૂપિયાનો હાર પહેરાવી પ્રોત્સાહિત કરવાનો નવતર પ્રયોગ

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાની પ્રાથમિક શાળા ઝરણાવાડીમાં ધોરણ 8 ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ રાખવામાં આવ્યો જેમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આઠ વર્ષ સુધી પ્રાથમિક શાળામાં જે પણ પ્રવૃત્તિઓ કરી એના ભાગરૂપે પોતાના દ્વારા શાળા પ્રત્યેની જે ભાવનાઓ હતી એ વ્યક્ત કરી હતી. સાથે શાળાને ભેટ સ્વરૂપે વિદ્યાર્થીઓ દ્વારા દિવાલ ઘડિયાળ આપી પોતાનું ઋણ ચૂકવવાનો પ્રયત્ન કર્યો હતો. શાળા પરિવાર પણ ધોરણ આઠના તમામ વિદ્યાર્થી ઓને એલાર્મ ઘડિયાળ આપી પ્રોત્સાહીત કર્યા હતા. શાળાના તમામ શિક્ષક મિત્રોએ પોતાના ઉદબોધન માં વિદ્યાર્થીઓને આશીર્વાદ વચન આપ્યા હતા.

શાળાના આચાર્ય ભરતભાઈ ચૌધરીએ ધોરણ આઠમાં જે વિદ્યાર્થી એ લેખિત પરીક્ષા માં સૌથી વધુ ગુણ મેળવ્યા એવા વિદ્યાર્થી ને 1001 રૂપિયાનો હાર પહેરાવી પ્રોત્સાહિત કર્યા હતા.હાર પેહરાવી વિદ્યાર્થીઓને પ્રોતસાહિત કરવા એક નવો દાખલો બેસાડ્યો હતો. બાળકો વધુ સારી રીતે પરીક્ષામાં લખી શકે તે હેતુસર આ પ્રયોગ કરવાનો પ્રયત્ન કર્યો હતો. તમામ બાળકો અને વિદ્યાર્થીઓ સાથે ભોજન લીધું અને ભોજન બાદ તમામ શાળા પરિવાર એ તમામ શાળાના બાળકોને આઈસ્ક્રીમ ખવડાવી અને હસતા મોઢે વિદાય આપી હતી. આવી રીતે શાળામાં અનેરા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

## નારાયણસરોવર ગૌશાળામાં ગાયોને કેરી રસ પીરસાયો



મહેશ સોની : નખત્રાણા

કચ્છ જિલ્લાના છેવાડે આવેલા પવિત્ર તિર્થધામ નારાયણસરોવર ખાતે આવેલી ગૌ શાળામાં લગભગ આઠસો જેટલી ગાયોને કેરી રસ પીરસવામાં આવ્યો હતો. અતિશય ગરમીમાં મનુષ્યો તેમજ પશુ પક્ષી ત્રાહિમામ પોકારી રહ્યા છે હજુ પણ વધુ ગરમી પડવાની આગાહી કરવામાં આવી રહી છે ત્યારે નારાયણસરોવર ગૌ શાળામાં દાતાઓ તેમજ સેવાભાવીઓના સહયોગથી ગાયોને આ ગરમીમાં રાહત મળે એવા આશયથી કરવામાં આવેલા કાર્યને સૌ કોઈ બિરદાવી રહ્યું છે.

## લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અંતર્ગત 7 મેના રોજ શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવાની રહેશે

જગદીશ ત્રિવેદી : ખારોલ

આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે મતદાન યોજાનાર છે. જેથી ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯, કારખાના અધિનિયમ-૧૯૪૮, બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્ક્સ એક્ટ- ૧૯૯૬, કોન્ટ્રાક્ટ લેબર અધિનિયમ-૧૯૭૦ હેઠળ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોક પ્રતિનિધિત્વ ધારા,૧૯૫૧ ની કલમ-૧૩૫(બી) મુજબ નોંધણી થયેલ સંસ્થા/ સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઈ અનુસાર જાહેર રજા કરવાને કારણે સંબંધિત શ્રમયોગીઓ/ કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં જે શ્રમયોગીઓને ગેરહાજરીથી જોખમ ઉભુ થવાના સંજોગો / શક્યતા હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણથી ચાર કલાક વારા-ફરતી મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરૂધ્ધનું વર્તન કરશે તો ઉપરોક્ત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ સરકારી શ્રમ અધિકારી મહીસાગર, લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ગીરના ગામડાઓને જોડતો મહુવા કોબાનો એસટી રૂટ બંધ થતાં ગ્રામ્ય વિસ્તારોના લોકો હેરાન પરેશાન

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

તંત્ર દ્વારા બંધ કરાયેલા રૂટ ફરી શરૂ કરવા લોકોમાં માંગ ઉઠી છેલ્લા ઘણા વર્ષોથી ગીર વિસ્તારના ગામડાંઓને જોડતા મહુવા-કોબા રૂટની એસટી બસ બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે વિજપડી અને ખાંભાના મુસાફરોને પરેશાની વેઠવી પડે છે. ઉપરોક્ત મહુવા-ઉના રૂટની એસટી બસ પણ બંધ છે. ત્યારે આ બંને રૂટ ફરી શરૂ કરવા માટે મુસાફર જનતામાં માંગણી ઉઠી છે. મહુવા થી નાના આસરાણા ચોકડી, વિજપડી,દોલતી, આંબરડી, ગીણીયા,બગોયા, ખાંભા, ખડાધાર,બેડીયા, ધોકડવા, અને ઉના થઈને એસટી બસ કોબા પહોંચતી હતી આ રૂટ ગીર વિસ્તાર અને મહુવા પંથકને જોડતો હતો પરંતુ કોઈ કારણોસર એસટી તંત્ર એ છેલ્લા ઘણા સમયથી મહુવા- કોબા રૂટ બંધ કરી દીધો છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. ઉપરાંત મહુવાથી ઉના સુધીનો એસટી રૂટ પણ બંધ છે. ત્યારે વિજપડી અને ખાંભા પંથકના લોકોને મહુવા જવા આવવા માટે ભારે પરેશાની વેઠવી પડે છે. ત્યારે એસટી તંત્ર દ્વારા મહુવા- કોબા સુધીનો એસટી રૂટ શરૂ કરે તેવી મુસાફરોમાં માંગણી ઉઠી હતી આમ મુસાફરો અને છાત્રોને ખાનગી વાહનનો મસમોટા ભાડાં ચૂકવી ખાનગી વાહનનો સહારો લેવો પડે છે. આ બાબતે એસટી નિગમ મુસાફર જનતા જનાર્દન ને થતી હેરાનગતિ ને દુર કરવા માટે એસટી તંત્ર ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે બસ ચાલું કરવા માટે આદેશ આપવામાં આવે તેવી મુસાફર જનતા માંથી માંગણી ઉઠી છે.

## પીપરડી ગામે રામ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

અમરેલી જિલ્લાનું સાવરકુંડલા તાલુકાનું છેવાડું ગામ પીપરડી ગામે હર એક તહેવારોમાં હિન્દુ મુસ્લિમના એકતાનું પ્રતીક જોવા મળે છે ગામના આગેવાનો અને યુવાઓ અને કાર્યકર્તાઓ એક બીજાં સમાજ ને પ્રોત્સાહન પૂરું પાડતાં હોય છે. એવીજ રીતે પીપરડી ગામે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્ર પ્રભુ અને ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના રૂડા આશીર્વાદથી ગઢપુર મંદિરના કો.શા. સ્વા. ઘનશ્યામવલ્લભદાસજીના માર્ગ દર્શન પ્રમાણે પીપરડી ગામના તમામ ભકતોના ઉત્સાહભર સાથ સહકારથી શ્રી રામજી મંદિર તૈયાર થતા ત્રણ દિવસનું પીપરડી ગામે શ્રી રામચંદ્ર ભગવાન ની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું તા.૧/૫/૨૦૨૪ થી તા. ૩/૫/૨૦૨૪ સુધી ત્રણ દિવસ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું અને સમસ્ત ગામમાં ધુમાડા બંધ નું પણ આયોજન કરવામાં આવ્યું કારણ કે ત્રણ દિવસ સૂધી બે ટાઈમ નો દરેક સમાજ ના પરિવાર સાથે મહા પ્રસાદ રાખવામા આવ્યો હતો .જેમાં બે દિવસ શ્રી રામચરિત માનસ અંતર્ગત શ્રી હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું જેના વકતા પદે ગઢપુરના સ્વામી છપૈયા પ્રકાશદાસજી બિરાજી સંગીતની સુરાવલી સાથે કથામૃતનું રસપાન કરાવ્યું હતું તારીખ 01/05/2024 ને બુધવાર નાં રોજ પીપરડી ગામે ભગવાન શ્રી રામ ની શોભા યાત્રા કાઢવામાં આવી જેમાં રામ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભારી સંખ્યામાં ભાવિ ભક્તો દર્શન માટે ઉમટ્યા હતા જ્યારે શ્રી રામ ચંદ્ર ભગવાન ની શોભાયાત્રામાં સમસ્ત મુસ્લિમ સમાજના યુવાનો દ્વારા શરબત તેમજ પાણીનું આયોજન કરવામાં આવ્યું હતું જેના મુસ્લીમ સમાજ ના યુવાનો ઉભા પગે હિંદુ સમાજ ના ભાઈ બહેનો ને સેવા આપી રહ્યા હતા પીપરડી ગામ ના સમસ્ત મુસ્લીમ પરિવાર દ્વારા પણ સહયોગ આપવામાં આવ્યો જેમાં હિન્દુ મુસ્લીમ એકતાનું પ્રતિક જોવા મળ્યું હતું.આ દિવ્ય મહોત્સવમાં આજુ બાજુ ગામ નાં ગ્રામ જનો વંદનિય સંતો મહંતો પણ પધારેલા.



### રાજપૂત અને ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે મુસ્લિમ ગરાસિયા સમાજના આગેવાનો પણ જોડાયા

# ક્ષત્રિય અસ્મિતા આંદોલનના ભાગરૂપે વજેરીયા ગામે અસ્મિતા મહાસંમેલન યોજવામાં આવ્યું

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના વજેરિયા ગામ માં અસ્મિતા મહા સંમેલન યોજાયું, આ સંમેલન માં દરેક ગામોના ક્ષત્રિય યુવાનો,મહિલાઓ તથા મેવાસ ક્ષત્રિય સમાજના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા રાજ શેખર એ બીજેપી વિરૂદ્ધ મતદાન કરવા ઉપસ્થિત મેદની ને આહવાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ક્ષત્રિય સમાજ દ્વારા પરસોત્તમ રૂપાલાના વિરોધમાં છેલ્લા ઘણા સમયથી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.ત્યારે નર્મદા જિલ્લાના વજેરિય માં પણ રાજપૂત સંકલન સમિતિ દ્વારા ક્ષત્રિય અસ્મિતા



સંમેલન નું આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં રાજપૂત અને ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે મુસ્લિમ ગરાસિયા સમાજ ના આગેવાનો પણ જોડાયા હતા.આ સંમેલનમાં ક્ષત્રિય સમાજના આગેવાનો એ ભાજપને મત ન આપવા અપીલ કરી હતી અને જણાવ્યું કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને 5 લાખની લીડ નહીં મળે સમગ્ર ક્ષત્રિય સમાજ બીજેપી વિરુદ્ધ મતદાન કરશે. ક્ષત્રિય સમાજે પોતાની માગ શિસ્તબદ્ધ રીતે સરકાર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ સરકારે તેમનો અવાજ ના સાંભળતા ક્ષત્રિય અસ્મિતા સંમેલન કરવાની ફરજ પડી છે.આ સંમેલન બાદ રાજપૂત સમાજના ઉપસ્થિત સૌ કોઈએ શપથ લીધા હતા.

### કાળઝાળ ગરમીને જોતા કેન્દ્ર સરકારે લોકો માટે એડવાઈઝરી જાહેર કરી છે

# ગરમીમાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ પીવું છે હાનિકારક ! સરકારે જાહેર કરી એડવાઈઝરી

દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી રહી છે. ગરમીથી બચવા લોકો વિવિધ ઉપાયો કરી રહ્યા છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે લોકોને ખાણી-પીણીને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે લોકોને ઉનાળાની ઋતુમાં હીટવેવ (લૂ) દરમિયાન ચા અને કોફી પીવાનું ટાળવા જણાવ્યું હતું. આલ્કોહોલ પીવાથી પણ દૂર રહેવા માટે સરકારે લોકોને અપીલ કરી છે. આ સિવાય કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ (કોલ્ડ ડ્રિંક્સ) પીવાનું પણ ટાળવા જણાવ્યું છે. ત્યારે આ દરમિયાન ગરમીને લઈને શું કરવું તેને લઈને સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. સરકારની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ઉનાળામાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ આ પીણાં પીવાથી શરીરમાં ડીહાઈડ્રેશન (પાણીની ઉણપ) થઈ શકે છે. ત્યારે ગરમીના આ સમયગાળામાં હાઈ પ્રોટીન ફૂડ ન ખાવાની સલાહ આપવામાં આવી છે. તેમજ સ્ટ્રીટ ફૂડ ખાવાનું ટાળો. ઘરમાં ભોજન બનાવતી વખતે દરવાજા અને બારીઓ ખુલ્લા રાખો. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) અનુસાર, હીટસ્ટ્રોકની અસરોથી બચવા માટે બપોરે 12 થી 3 વાગ્યાની વચ્ચે સૂર્યપ્રકાશમાં આવવાનું ટાળો. ગરમી દરમિયાન સફેદ રંગના સુતરાઉ કપડા પહેલો જે ગરમીમાં રાહત આપશે.




## આટલુ કરવાથી ગરમીમાં મળશે રાહત

- પૂરતું પાણી પીઓ. જો તમને તરસ ન લાગે તો પણ શક્ય તેટલી વાર પાણી પીવો.
- સફેદ કે હળવા રંગના, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરો.
- તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, છત્રી/ટોપી, શૂઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરો.
- જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે બહાર જવાનું ટાળો. મુસાફરી દરમિયાન પાણી સાથે રાખો.
- આલ્કોહોલ, ચા, કોફી અને ઠંડા પીણા પીવાનું ટાળો.
- હાઈ પ્રોટિન ખોરાક લો અને વાસી ખોરાક ન ખાઓ.
- જો તમે બહાર કામ કરો છો, તો ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરો અને તમારા માથા અને ચહેરાને હળવા સુતરાઉ કપડાથી ઢાંકો.
- જો તમે થાક, અસ્વસ્થ અથવા બીમાર અનુભવો છો, તો તરત જ ડૉક્ટરની સલાહ લો.
- ઓઆરએસ, ઘરે બનાવેલા પીણાં જેવા કે લસ્સી, લીંબુનું શરબત, છાશ વગેરેનો ઉપયોગ કરો જે શરીરને ફરીથી હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે.
- તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડ્સનો ઉપયોગ કરો અને રાત્રે બારીઓ ખુલ્લી રાખો.
- પંખાનો ઉપયોગ કરો, ઠંડા પાણીથી સ્નાન કરો.

# મુલ્તાની માટીમાં મિક્સ કરો 3 વસ્તુ, ગરમીમાં ચમકશે ચહેરો

સ્કીન કેર માટે અને ખાસ કરીને ચહેરા પર નિખાર લાવવા માટે લોકો અનેક પ્રયાસ કરતા રહે છે. દિવસ દરમિયાનની માટી, ધૂળ અને સૂરજના હાનિકારક કિરણોથી સૌથી વધારે ચહેરો ખરાબ થાય છે. એવામાં તમારી સ્કીન ડલ અને બેજાન બને છે. આ સમયે ચહેરા પરના ઓઈલ સાથે ધૂળની પરત જામી જાય છે અને તમારો ચહેરો ગંદો દેખાવવા લાગે છે. ધીરે ધીરે આ ગંદગી ચહેરા પર જમા થાય છે અને તમારો સ્કીન ટોન બદલાઈ જાય છે. જો કે તમારે આ માટે કોઈ મોંઘી પ્રોડક્ટની જરૂર નથી. તમારા ચહેરાની ગંદગી સાફ કરવા માટે તમે નેચરલ ફેસપેક બનાવી શકો છો. જે સ્કીનને પોષણ આપશે અને સાથે કોઈ સાઈડ ઈફેક્ટ પણ થશે નહીં. તો જાણો કેવી રીતે બનાવશો આ ફેસપેક.



### નેચરલ ફેસપેક બનાવવા માટે શું જોઈશે

- 2 ચમચી મુલ્તાની માટી
- 2 ચમચી લીંમડાનો પાવડર
- 1 ચમચી ચંદનનો પાવડર
- થોડું ગુલાબજળ

### કેવી રીતે બનાવશો આ ફેસપેક

એક કાચનો બાઉલ લો અને તેમાં મુલ્તાની માટીનો પાવડર લો. આ બાઉલમાં ચંદન પાવડર અને લીમડાનો પાવડર મિક્સ કરો. તેમાં ગુલાબજળ ઉમેરો. સારી રીતે મિક્સ કરીને તેને અઠવાડિયામાં 2 વાર ચહેરા પર લગાવો. તેનાથી સ્કીન પરનું વધારાનું ઓઈલ નીકળી જશે અને સ્કીન ગ્લો કરશે. આ પેકને ફેસ પર 15 મિનિટ માટે લગાવીને રાખો. ચહેરો સાફ કર્યા પછી મોઈશ્ચરાઈઝરને યૂઝ કરો.

# શું ગરમીમાં લીલા મરચા ખાઈ શકાય?

શું તમે જાણો છો કે લીલું મરચું તમારા સ્વાસ્થ્ય માટે કેટલું ફાયદાકારક છે અને ખાસ કરીને ઉનાળામાં તે તમને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચાવી શકે છે. લીલા મરચાના પોષણની વાત કરીએ તો વિટામીન A, C ઉપરાંત તેમાં વિટામિન B-1, B-3, B-5, B-6, B-9 વગેરે ઉપરાંત મેગ્નેશિયમ, આયર્ન, પોટેશિયમ વગેરે તત્વો પણ સારી માત્રામાં હોય છે. તેમાં capsaicin નામનું સંયોજન હોય છે જે સમસ્યા ઘટાડવામાં અસરકારક છે. જો ખોરાક મસાલેદાર ન હોય તો તેનો સ્વાદ અધૂરો લાગે છે, પરંતુ લાલ મરચાનો ઓછો ઉપયોગ કરવો સારુ રહે છે. તેના બદલે લીલા મરચાને વધુ સારું માનવામાં આવે છે. લીલા મરચાનો ઉપયોગ ખોરાકમાં ઉમેરીને કરવામાં આવે છે. તેનું કાચું સેવન કરવું પણ ફાયદાકારક છે. તો ચાલો જાણીએ તેના ફાયદા શું છે. ઉનાળામાં લોકોને એસિડિટી અને કબજિયાત જેવી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તે જ સમયે લીલા મરચાને પાચન માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે, કારણ કે ઘણા એન્ટીઑકિસડન્ટો ઉપરાંત તેમાં સારી માત્રામાં ડાયેટરી ફાઈબર પણ હોય છે જે તમને પાચન સંબંધિત સમસ્યાઓથી બચાવવામાં અસરકારક છે. ઉનાળામાં હીટ સ્ટ્રોક એ ખૂબ જ સામાન્ય સમસ્યા છે, પરંતુ જો તેની કાળજી લેવામાં ન આવે તો પરિસ્થિતિ ગંભીર બની જાય છે. હીટસ્ટ્રોકથી બચવા માટે તમે તમારા આહારમાં લીલા મરચાંનો સમાવેશ કરી શકો છો. તેનું સેવન તમને હીટ સ્ટ્રોકની સમસ્યાથી બચાવી શકે છે. વાસ્તવમાં લીલા મરચાના બીજ હીટ સ્ટ્રોકથી બચાવવામાં મદદરૂપ માનવામાં આવે છે. લીલા મરચામાં વિટામિન A પણ હોય છે, તેથી તેનું સેવન કરવાથી આંખોની રોશની સારી રહે છે. તેમાં હાજર વિટામિન સી તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં અસરકારક છે. ડાયાબિટીસના દર્દીઓ માટે પણ લીલા મરચાનું સેવન ફાયદાકારક છે. જે લોકોનું વજન ઓછું થઈ રહ્યું છે તેઓએ પણ તેમના આહારમાં લીલા મરચાં સામેલ કરવા જોઈએ. આયર્નથી ભરપૂર લીલા મરચા હિમોગ્લોબિનનું સ્તર જાળવી રાખવામાં પણ મદદ કરી શકે છે. જો તમે તમારા રોજિંદા આહારમાં લીલા મરચાંનો સમાવેશ કરવા માંગતા હોવ તો દરરોજ 3 થી 4 લીલાં મરચાં ખાવા જોઈએ. જો તમે આનાથી વધુ લીલા મરચા ખાઓ છો તો તેનાથી પેટમાં બળતરા થઈ શકે છે. તે જ સમયે જે લોકોને પાઈલ્સની સમસ્યા હોય તેમણે વધુ પડતાં લીલાં મરચાં અથવા કોઈપણ પ્રકારનો ચટપટો મસાલો ખાવાનું ટાળવું જોઈએ.



### શું ઉનાળામાં તમે આડેધડ હેવી વર્કઆઉટ કરો છો?

# તો આ વાતોનું ધ્યાન રાખો



ઉનાળામાં કસરત કરવી સરળ કામ નથી. આ હવામાનમાં હળવા વર્કઆઉટ કર્યા પછી પણ શરીરમાં ખૂબ પરસેવો થાય છે. કેટલાક લોકો ભારે વર્કઆઉટ કરવાનું પસંદ કરે છે, જેના કારણે તેમના હૃદયના ધબકારા વધી જાય છે અથવા તેઓ ઝડપથી શ્વાસ લેવા લાગે છે. ડીહાઈડ્રેશનની સમસ્યા ઉનાળામાં સૌથી વધુ જોવા મળે છે. આ સિઝનમાં એનર્જી ડ્રિંક કે પાણી વારંવાર પીવાથી પણ વર્કઆઉટ નથી કરી શકાતું. થોડા ભારે વર્કઆઉટ કર્યા પછી પણ તમને ઝડપથી થાક લાગે છે. જેના કારણે વર્કઆઉટ પર પણ અસર જોવા મળી રહી છે. તો અહીં અમે તમને એવી જ કેટલીક ટિપ્સ જણાવવા જઈ રહ્યા છીએ, જેનાથી વર્કઆઉટ દરમિયાન થતી સમસ્યાઓ ઓછી થઈ શકે છે.

**વોર્મ અપ જરૂરી છે** | કેટલાક લોકો તરત જ વર્કઆઉટ કરવાનું શરૂ કરે છે. પરંતુ કસરત કરતા પહેલા વોર્મ અપ કરવાનું ભૂલશો નહીં. જ્યાં સુધી શરીર યોગ્ય રીતે ગરમ ન થાય ત્યાં સુધી, ઝડપથી થાકી જવાય છે. જેના કારણે માંસપેશીઓમાં ખેંચાણની સમસ્યા પણ થઈ શકે છે. તેથી વર્કઆઉટ પહેલાં વોર્મ અપ કરો.


**વચ્ચે બ્રેક લો** | સતત વર્કઆઉટ કરવું જોખમી બની શકે છે. તેથી વચ્ચે થોડો વિરામ લેવો જરૂરી છે. એવું બિલકુલ ન વિચારો કે બ્રેક લેવાથી તમારા વર્કઆઉટ પર અસર થશે. તમારી જરૂરિયાત મુજબ તમારા શરીરને આરામ આપો. તેનાથી શરીરને એનર્જી પણ મળશે. બ્રેક લેવાથી હૃદય પર ઓછું દબાણ પડે છે.

**પૂરતું પાણી પીવો** | વર્કઆઉટ પછી પૂરતા પ્રમાણમાં પાણી પીવું જરૂરી છે. જો કે તરત જ પાણી ન પીવો, તેના બદલે થોડો સમય વિરામ લો અને પછી જ આખા દિવસ દરમિયાન યોગ્ય માત્રામાં પાણી પીવો. આ સિવાય ઈલેક્ટ્રોલાઈટ બેલેન્સ પણ જાળવી રાખો.

**ડાયટ છે જરૂરી** | વર્કઆઉટ કર્યા પછી યોગ્ય રીતે ડાયટ ફોલો કરો. યોગ્ય આહાર ન લેવાથી શરીર નબળું પડી શકે છે. આ ઉપરાંત વર્કઆઉટ પર પણ અસર પડે છે. ફિટનેસ માટે શક્ય તેટલું પ્રોટીન લો અને યોગ્ય માત્રામાં કાર્બોહાઈડ્રેટનો પણ સમાવેશ કરો.

# અપ્સરા જેવી સુંદરએ મુંબઈમાં નક્કી હિરોઇન બનવા જ આવી હશે

**વરાછા રોડ પર આવેલ ભવ્ય બંગલા ની અંદર ગાડી પાર્ક થઈ. નીતિન ઘરના ઉપરના માળે આવેલા પોતાના બેડરૂમમાં જઈ દરવાજો બંધ કરી દીધો.એનું મન એ યુવતીના વિચારો ના લીધે બેચેન હતું,ઊંઘ આવતી હતી પણ સતત એકસરખા વિચારો ને કારણે એ સુઈ સકતો ન હતો. કોણ હશે એ યુવતી? અપ્સરા જેવી સુંદર એ મુંબઈ માં નક્કી હેરોઇન બનવા જ આવી હશે.અજનબી યુવતી ના વિચાર કરતો કરતો થાક ને કારણે નીતિન સુઈ ગયો.**



ધારાવાહિક : સગાઈ

- રુપાલી દવે

મુંબઈની ૧૨:૩૦ ની ટ્રેન માં બેઠો ને રાતે ઘર પોહચી ને બેડરૂમ મા સૂતો ત્યારે થાકી ગયો હોવા છતાંય મને "અજનબી યુવતી" ના વિચારો આવ્યા કરતા હતા,એ અજનબી યુવતી એ સ્વર્ગ માંથી જમીન પર ઉતરેલી અપ્સરા..ના કદાચ એનાથી પણ સુંદર.એનો ધીમો અને મીઠો સુરુલો અવાજ સતત મારા મન મસ્તિષ્ક માં ગુંજીયા કરે છે.કોણ હતી એ અજનબી? કેમ મને સતત સતાવ્યા કરે છે? થાય છે કે ફરી એની પાસે દોડી ને જાવ. મુંબઈ ના જુહુ બીચ પર દરિયા કિનારા પર ફરતા ફરતા મોજાંની ભરતી માણી રહ્યો હતો ત્યાં પાછળથી મારો હાથ પકડીને એ બોલી હતી કે પ્લીઝ,મારી મદદ કરશો, હું ખૂબ મુશ્કેલી માં છું, મારી પાછળ અજાણ્યા લોકો પડી ગયા છે. એ લોકો મને પરાણે ગાડી માં બેસાડીને અન્ય જગ્યા એ લઈ જઇ રહ્યા છે.એ લોકો થી બચીને ભાગી ને આ તરફ આવી પોહચી છું.,કદાચ એ લોકો મારો હજી પીછો કરી રહ્યા છે.એ લોકો મારી પીઠ થી થોડે દુર ઊભા છે.માફ કરજો ,શું થાય મુશ્કેલીમાં છું. અચાનક આવા વિચિત્ર વર્તનથી ખૂબ ગુસ્સે થઇ ને એની સામે ફર્યો પરંતુ એના સૌંદર્ય ને નિહાળતા જ ઘાયલ થઈ બોલ્યો કે,'મુશ્કેલી માં પડેલ કોઈ પણ વ્યક્તિ ને મદદ કરવી એ માનવતા છે.' એ અજનબી સાથે વિતાવેલ ૮કલાક જીવન ની શ્રેષ્ઠ ક્ષણો બની ગઈ હોય એવું કેમ લાગે છે? એના સૌંદર્ય માં એવું તો શું હતું? બાહ્ય આકર્ષણ કે અતૃપ્તિ નો આનંદ.. સુરત સ્ટેશન એ ટ્રેન માંથી ઉતરતા જ સામે રઘુ એટલે મારો ડ્રાઈવર ઊભો હતો, એણે સમાન લઈ suv ઓડી કાર માં ગોઠવી દિધો.હું એટલે "સગાઈ" નો નાયક નીતિન સોની,હીરા બઝારના કિંગ નો એક નો એક દીકરો છું,ટ્રેન ના બદલે પ્લેન કે ખુદની કાર માં મુંબઈ જઈ શકું છું પણ હીરા ના ધંધા મા ટ્રેન ની સફર સલામત સમજો.કારની આગળ ની સીટ નો દરવાજો ખોલી ને બેસી ગયો. કાર પૂરઝડપે સુરતના હીરા વેપારી એટલે વૈભવી એરિયા તરફ જતા દોડવા લાગી. સુરતના હિરા વેપારીઓનો મુંબઈ કનેકશન છે. વાચકો કોરોડો ના હીરાને કાર માં હેરફેર કરવા જઈએ તો મુદ્દામાલ બન્ને ખોવા પડે,એટલે ધંધા માટે તો ટ્રેન જ બેસ્ટ છે. અમારા જેવા ધંધાદારી નો અસુલ છે કે ફરવા કુટુંબ સાથે મુંબઈ જઈએ તો ઠાઠમાઠ થી જવાનું ,ઘરના બૈરા છોકરા ને ખુશ કરવાના

વરાછા રોડ પર આવેલ ભવ્ય બંગલા ની અંદર ગાડી પાર્ક થઈ. નીતિન ઘરના ઉપરના માળે આવેલા પોતાના બેડરૂમ માં જઈ દરવાજો બંધ કરી દીધો.એનું મન એ યુવતીના વિચારો ના લીધે બેચેન હતું,ઊંઘ આવતી હતી પણ સતત એકસરખા વિચારો ને કારણે એ સુઈ સકતો ન હતો.કોણ હશે એ યુવતી? અપ્સરા જેવી સુંદર એ મુંબઈ માં નક્કી હેરોઈન બનવા જ આવી હશે. અજનબી યુવતી ના વિચાર કરતો કરતો થાક ને કારણે નીતિન સુઈ ગયો. નીતિન એના સ્વપ્ના માં એ સ્ત્રીની સુંદરતા માં મગ્ન થઈ જતાં બોલ્યો કે સંધ્યાના પીળા અને કેસરી કિરણો એના ગાલ પર પડતાં જાણે એના અરીસા જેવા ચળકતા ગાલ સંધ્યા ને હરાવતા હોય એવું લાગે છે.જોક્સ સાંભળીને મારી તરફ જોઈને ખડખડાટ હસ્તી હતી ત્યારે એના મોગરા ના ફૂલ જેવી સફેદ દાતની પંક્તિઓ એના ભરાવદાર લાલચટક હોઠો ને કારણે વધારે ચમકતી હતી.ત્યાં અચાનક દરિયાના ધસમસતા મોજાં ઓ એના પર ઉછળી ને પડતાં જ એની મોટી કાળી આખો એ તોફાની નજર મારા પર પડતાં,એના ભીના સુગંધી સહવાસ માં સમય ને ભૂલી ગયો ને રાતના ૧૨વાગી ગયા એનું ભાન રહિયું નહીં. મન તો નહતું થતું એને છોડીને જવાનું પણ શું થાય? રાત ના ૧વાગ્યા ની સુરત ની ટ્રેન હતી.એની સુંદરતા માં એવો તે ખોવાઈ ગયો હતો કે એનું નામ પૂછવા નું ભૂલી ગયો.એનો સફેદ મુલાયમ હાથ છોડવા નું મન નહતું થતું...

એની ટેક્સી નજીક આવતા ધીમેથી મારો હાથ છોડાવીને અંદર ગોઠવાઈ ગઈ. ટેક્સી તો સડસડાટ કરતી દૂર મુંબઈ ની સડક માં ખોવાઈ ગઈ.પરંતુ મારું મન તો ત્યાજ એની સાથે વિતાવેલ ક્ષણોમાં ખોવાઈને ઉભુ હતું.અફસોસ તો એ હતો કે હું એનું નામ પૂછવાનું ભૂલી ગયો. સુંદરતાની એ મૂર્તિ નું દરરોજ ખંડિત થવાનું કારણ શું હશે? ગરીબી કે પછી મજબૂરી..ત્યાં અચાનક નીતિન ની ઊંઘ મા એની લાડલી બહેન નેહા ના ઘાટીલા અવાજની એન્ટ્રી થઈ

નેહા એ ઘાટા પડતાં બોલી ઓ!! નીતિન ભાઈ ઉઠો સવાર પડી ગયું છે તમારી તો સવાર છે પણ અમારા બપોર ના ૧વાગ્યા છે .એટલે બપોર થઈ ગઇ છે. જાગો જલદી નીચે મમ્મી રાહ જોવે છે...નીતિન એ ચાદર માંથી સહેજ મો બહાર કાઢી ને કીધુ કે નેહા,તું જા આવું છું.નેહા ની જીદ કે ના હો તમને લીધા વગર નીચે નહીં જાવ.તમે તો આવું છું આવું છું કરીને નથી આવતા પાછા સુઈ જાવ છો...સહેજ આખ ખોલીને નીતિન બોલ્યો કે નેહા, મારી બહેન પ્લીઝ ૧૦મિનિટ ,ફ્રેશ થઈ આવું જ છું.'..ઓકે!!ભાઈ,જલદી હો નહિતર ફ્રીઝ નું ઠંડુ પાણી લઈને આવું છું, બદલા માં ૫૦૦રૂપિયા પાકીટ માંથી લઈ લવ છું. નેહા,તું સવારથી લઈને અત્યાર સુધી માં ચાર વાર પાકીટ માંથી ૫૦૦રૂપિયા લઈ ગઇ છે.

ભાઈ,જો નહિ ઉઠો તો ફરી ૫૦૦રૂપિયાનો ટેક્સ લાગશે.તમને ઉઠાડવા માટે મારે બે માળ ચડવા પડે છે,તમારા લગ્ન પછી ભાભી આવશે ત્યારે એનું શું થશે?એના પગની તો કાઢી થઈ જવાની છે.નીતિન એ કીધું બહુ સરું નેહા તું તારુ કામ કર,તારી ભાભી ની ચિંતા છોડ એને તો હું તેડી ને ઉપર લઈ આવીશ નિત્ય સમજી. ભાઈ તો એનો મતલબ કે તમે આખો દિવસ ઘરમાં રહેશો બહાર નીકળશો જ નહીં જાવ રાઈટ.હવે તો તું ગઇ સમજ કહીને નીતિન એ એકદમ ઊઠીને નેહા ને રૂમ ની બહાર હાથ પકડી ને મૂકીને દરવાજો બંધ કરી દીધો.

વિશાળ હોલ માં રજવાડી ઢબ નું કોતરણી વાળા ડાઈનિંગ ટેબલ પર ગુજરાતી શુદ્ધ શાકાહારી વ્યંજનો સુંદર રીતે ગોઠવ્યા છે. સોની પરિવાર ના રસોડાં માં બનતી બધી રસોઈ શુદ્ધ ઘી માંજ બને છે, ઠાકોરજી ને ભોગ જો ધરાવવાનો હોય છે.પરિવાર ના સભ્યો નું માનવું હતું કે રસોઈ સામગ્રી માં બધીજ વસ્તુઓ નું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.મહેશ સોની,એટલે સુરતનો અબજોપતિ હીરાનો વેપારી ઓમાં ટોપ નું નામ.છતાંય ઘરે એની બા અને પત્ની ગીતાબેન રસોઈ જાતેજ બનાવે છે,એના ઘર માં રસોઈ માટે મહારાજ કે રસોયો નથી. એનો પરિવાર વૈશ્નવ ધર્મ પાળે છે.રસોડાં માં અને પૂજાઘર માં કામવાળા ને જવાની મનાઈ છે. ઠોકોરજી ની ભક્તિ માં કોઈ કચાશ નથી રાખતા.ઘર માં મુખ્ય બેઠક ખંડ માં શ્રીનાથજી ની મોટા કદ ની શૃંગાર દર્શનની અદ્ભુત છબીજી બિરાજે છે.ત્યાં આધુનિક ખૂબ કીમતી સોફા વગેરે સુંદર રીતે શણગારેલા છે.પરિવાર નો નિત્ય નિયમ છે કે રાત્રે તો બધા એ ભેગા જ જમવા નું જમતા પહેલા સ્નાન કરીને બધાએ યમુનાષ્ટક નો પાઠ કરવો ફરજિયાત છે.

# ડેવિડ વોર્નરને મળશે 'પુષ્પા રાજ'પાસેથી ખાસ ટ્રેનિંગ, બન્ને સાથે મળી કરશે 'પુષ્પા-પુષ્પા'



આ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પુષ્પા 2: ધ રુલ' હવે રિલીઝ થયા માટે તૈયાર છે. ફિલ્મના ફેન્સ તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. વર્ષ 2021માં 'પુષ્પાઃ ધ રાઈઝ'માં અલ્લુ અર્જુનની એક્ટિંગ લોકોને ખૂબ જ પસંદ આવી છે. વિદેશી ક્રિકેટર ડેવિડ વોર્નર પણ તેનો ફેન બની ગયો છે.

તેણે અનેક ફિલ્મમાં તેના ડાયલોગ અને ડાન્સ હૂક સ્ટેપ પર રીલ પણ બનાવ્યા છે. આ ઉપરાંત ડેવિડ વોર્નર ક્રિકેટ મેચ વચ્ચે પણ પુષ્પા સ્ટાઈલમાં ડાન્સ હુક સ્ટેપ કરતો જોવા મળ્યો હતો. પોતાની અપકમિંગ ફિલ્મ પુષ્પા 2 : ધ રુલ રિલીઝ થવાની તૈયારી કરી રહેલ તેલુગુ સુપર સ્ટાર અલ્લૂ અર્જુને ઓસ્ટ્રેલિયાઈ ક્રિકેટર ડેવિડ વોર્નરને એક વચન આપ્યું છે. તાજેતરમાં જ ફિલ્ના ગીત પુષ્પા પુષ્પા રિલીઝ થયું, જેમાં અલ્લુનો એક હુક સ્ટેપ જોવા મળ્યો હતો, ઓહ ડિયર, આ કેટલું સારું છે. મારે પણ કંઈક કામ કરવાનું રહશે. અલ્લુએ ક્રિકેટરને જવાબ આપતા લખ્યું- આ બિલકુલ સરળ છે. જ્યારે આપણે મળશું ત્યારે ચોક્કસ શીખવીશ.

આ દિવસોમાં ડેવિડ વોર્નર IPLમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમી રહ્યો છે. 'પુષ્પા' સ્ટાર અલ્લુ અર્જુનની વાત કરીએ તો આ દિવસોમાં તે પોતાની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મ વિશે વાત કરીએ તો, 'પુષ્પા 2: ધ રૂલ'નું ટીઝર આ મહિનાની શરૂઆતમાં 8 એપ્રિલે રિલીઝ થયું હતું. આ ફિલ્મ કોમર્શિયલ પોટબોઈલર છે. ટીઝર રિલીઝ થયું ત્યારથી જ ચાહકો અને દર્શકો ફિલ્મ સાથે જોડાયેલા નવા અપડેટ્સની રાહ જોઈ રહ્યા છે.

ગીત બાદ હવે ચાહકો ટ્રેલરની રાહ જોઈ રહ્યા છે. 'પુષ્પા 2 ધ રૂલ' 15 ઓગસ્ટ, 2024ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સુકુમાર દ્વારા દિગ્દર્શિત અને માયથરી મૂવી મેકર્સ દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસિલ મુખ્ય ભૂમિકામાં છે.

### જહાનવી કપૂરે પુરું કર્યું શ્રીદેવીનું સપનું,હવે અભિનેત્રીના ઘરમાં ફ્રીમાં રહેવાનો મોકો

## જહાન્વી-બોની કપૂરે શ્રીદેવીના ઘરને હોટલમાં ફેરવ્યું

વર્ષ 2018માં બોલિવૂડ અભિનેત્રી શ્રીદેવીનું દુબઈમાં નિધન થયું હતું. એવું કહેવાય છે કે તેમનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હતું. શ્રીદેવીના ગયા પછી પરિવાર તૂટી ગયો હતો. જહાન્વી, ખુશી અને બોની એકલા રહી ગયા છે. આવી સ્થિતિમાં આ ત્રણેય ઘણીવાર શ્રીદેવીની યાદમાં ચેન્નાઈમાં સમય પસાર કરતા હતા. હકીકતમાં શ્રીદેવીએ ચેન્નાઈમાં ઘર બનાવ્યું હતું. તે આ સી ફેસિંગ ઘરને હોટલમાં ફેરવવા માંગતી હતી. પરંતુ તેણી જીવતી હતી ત્યાં સુધી તે કરી શકી નહીં. હવે શ્રીદેવીનું આ સપનું જહાન્વી અને બોનીએ સાથે મળીને પૂરું કર્યું છે.




જહાન્વી અને બોનીએ શ્રીદેવીના ઘરનું થોડું રિનોવેશન કર્યું છે અને તેને હોટલમાં ફેરવી દીધું છે. લોકો અહીં આવીને રહી શકશે અને આનંદ માણી શકશે. જહાન્વીએ આ ઘર એક રેન્ટલ કંપનીને આપ્યું છે જેણે તેને 'આઈકન' કેટેગરીમાં મૂક્યું છે. તમને જણાવી દઈએ કે શ્રીદેવીએ બોની કપૂર સાથે લગ્ન કર્યા બાદ આ ઘર ખરીદ્યું હતું. રેન્ટલ કંપની સાથે જોડાણ પર જહાન્વીએ કહ્યું કે, મને યાદ છે અમે ત્યાં મારી માતાના ઘણા જન્મદિવસની ઉજવણી કરી છે. મારા અને પિતાનો જન્મદિવસ પણ ઉજવ્યો. માતાના ગયા પછી અમે આ ઘરમાં વધુ સમય વિતાવી શક્યા નહીં. કારણ કે તેના માટે રિનોવેશન પણ બાકી હતું. માતા ઈચ્છતી હતી કે ઘરનું નવીનીકરણ કરીને તેને હોટલમાં ફેરવવામાં આવે. માતાના ગયા પછી પપ્પાએ તેનું નવીનીકરણ કરાવ્યું છે. મને યાદ છે કે, તેઓ કહેતા હતા કે મારે શ્રી માટે આ કરવું પડશે. તેણે કર્યું અને અમે ત્યાં પપ્પાનો જન્મદિવસ ઉજવ્યો છે. માતાના ગયા બાદ પપ્પાએ પહેલીવાર ત્યાં પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો. 2-3 વર્ષ પછી જ મેં મારા પિતાને થોડા ખુશ જોયા હતા. સામાન્ય લોકો પણ આ હોટલમાં ફ્રીમાં રહી શકે છે. તેઓ એવા છે કે તેઓએ અરજી કરવી પડશે. જો તેઓ ગોલ્ડન ટિકિટ જીતે છે તો તેમને અમુક માપદંડોની અંદર મફતમાં રહેવાનો વિકલ્પ મળશે. આ વર્ષે 4000 ટિકિટ ઉપલબ્ધ છે. જે પણ આ જીતે છે,તે ખૂબ ઓછી કિંમત ચૂકવીને પણ તેમાં રહી શકે છે.

## મને ઈન્ફ્લ્યુએન્ઝા છે અને જે ખતરનાક રીતે બધે ફેલાઈ રહ્યો છે:નિક જોનસ


ગ્લોબલ આઈકન પ્રિયંકા ચોપરાના પતિ અને સિંગર નિક જોનસ તેના સંગીત સમારોહ માટે અવારનવાર લાઈમલાઈટનો એક ભાગ રહે છે. પરંતુ આ વખતે અમેરિકન સિંગર ચાહકોની માફી માંગવાને કારણે ચર્ચાનો વિષય બન્યો છે. નિક જોનાસે હાલમાં જ તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં સિંગર કોન્સર્ટ મોકૂફ રાખવા બદલ તેના ફેન્સની માફી માંગતો જોવા મળે છે. નિક જોનસે વીડિયોમાં જોનાસ બ્રધર્સની કોન્સર્ટ ટૂર સ્થગિત કરવાનું કારણ પણ જણાવ્યું છે.

સિંગર નિક જોનસે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં સિંગરે જણાવ્યું કે તેને ઈન્ફ્લ્યુએન્ઝા એ છે. નિક જોનસે વીડિયોમાં કહ્યું કે, હું નિક છું, મારી પાસે શેર કરવા માટે આવા સમાચાર છે જે જણાવવા માટે મજા નથી પરંતુ મહત્વપૂર્ણ છે. થોડા દિવસો પહેલા જ મને કંઈક થયુ જેના કારણે હું જાગીને કંઈ બોલી શકતો નહોતો અને તે રાત્રે હું કોન્સર્ટ માટે પ્રેક્ટિસ કરી રહ્યો હતો. અને છેલ્લા બે, અઢી દિવસમાં મારી હાલત ધીરે ધીરે ખરાબ થઈ રહી છે. હું ગઈકાલે આખો દિવસ પથારીમાં સૂઈ રહ્યો હતો. તાવ, શરીરમાં દુખાવો, ગળામાં દુખાવો અને ખૂબ જ ખરાબ ઉધરસ છે. નિકે કહ્યું હતું કે, ડોક્ટરને બતાવ્યા પછી પણ તે સ્વસ્થ નથી થયો.

જ્યાં નિક જોનસે લખ્યું હતું કે, હાય મિત્રો. મને ઈન્ફ્લ્યુએન્ઝા છે અને જે ખતરનાક રીતે બધે ફેલાઈ રહ્યો છે અને આ સમયે હું કોઈપણ કોન્સર્ટમાં સિંગિગ કરી શકીશ નહીં. એટલા માટે મેં મેક્સિકો કોન્સર્ટની તારીખ મોકૂફ રાખી છે. હવે આ શો ઓગસ્ટમાં થશે. નિક જોનસની લેટેસ્ટ પોસ્ટ ફેન્સમાં વાયરલ થઈ રહી છે. અને ચાહકો ગાયકની તબિયત જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી રહ્યા છે.



## વાણી કપૂર માટે આશાનું કિરણ બદતમીઝ ગિલ નામની ફિલ્મ મળી



યશરાજ જેવાં મોટાં બેનરની માનીતી હિરોઈન હોવા છતાં બોલીવૂડમાં ખાસ ઉકાળી નહિ શકેલી વાણી કપૂર પાસે માંડ એકાદ-બે ફિલ્મ હાથ પર છે. તેને હવે 'બદતમીઝ ગીલ' નામની નવી ફિલ્મ મળી છે.

આ ફિલમમાં અપારશક્તિ ખુરાના વાણીના ભાઈ તથા પરેશ રાવલ પિતાની ભૂમિકામાં હશે. ફિલ્મનું શૂટિંગ યુપીના બરેલી અને બાદમાં યુકેમાં થશે. આ સંપૂર્ણપણે કોમેડી ફિલ્મ હશે.

વાણીની છેલ્લી ફિલ્મ 'શમશેરા' ફલોપ ગઈ હતી. હવે તે 'ખેલ ખેલ મેં' તથા 'રેઈડ ટૂ' જેવી ફિલ્મોમાં દેખાવાની છે. આશરે દસ વર્ષની કારકિર્દીમાં વાણીને ક્યારેય કોઈ યાદગાર રોલ મળ્યો નથી. જોકે, આ ફિલ્મમાં સમગ્ર વાર્તાના કેન્દ્રસ્થાને તે હશે એટલે તેના માટે આ મોટી તક ગણાય છે.

## શું ગુરુચરણ સિંહે પોતે ગુમ થવાનો પ્લાન બનાવ્યો હતો? ચોંકાવનારો ખુલાસો...!

પ્રખ્યાત ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના 'સોઢી' એટલે કે ગુરુચરણ સિંહ વિશે હજુ સુધી કંઈ જાણવા મળ્યું નથી. ગુરુચરણ સિંહને છેલ્લે 22 એપ્રિલના રોજ જોવા મળ્યા હતા, ત્યારબાદ તેમનો કોઈ પત્તો નથી. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. હવે આ કેસમાં એક નવું અપડેટ આવ્યું છે. તાજેતરના રિપોર્ટમાં 'સોઢી' વિશે એક ચોંકાવનારો ખુલાસો થયો છે.



જ્યારથી ગુરુચરણ સિંહ ગુમ થયા છે, ત્યારથી તેમનો પરિવાર અને ચાહકો ચિંતિત છે. દરેક વ્યક્તિ તેની સુખાકારી માટે પ્રાર્થના કરી રહ્યા છે, એક રિપોર્ટ અનુસાર, પોલીસ સૂત્રોનું કહેવું છે કે ગુરુચરણે પોતે જ તેના ગુમ થવાનો પ્લાન બનાવ્યો હતો અને પોતાનો ફોન દિલ્હીના પાલમ વિસ્તારમાં મૂકીને શહેરની બહાર ચાલ્યા ગયા હતા.

દિલ્હી પોલીસના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે 'સોઢી' પોતાનો ફોન પાલમમાં છોડી ગયો હતો. કેસની તપાસ ચાલી રહી છે, પરંતુ તેના કારણે અભિનેતાને શોધવાનું અમારા માટે વધુ મુશ્કેલ બન્યું છે. કારણ કે 'સોઢી' પાસે તેનો ફોન નથી. જે સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે તેમાં તે એક રિક્ષામાંથી બીજી રિક્ષામાં જતો જોવા મળી રહ્યો છે અને આ બધું જોઈને એવું લાગે છે કે તેણે બધું જાતે જ પ્લાન કર્યું અને દિલ્હીની બહાર ગયો? આ વાતની પુષ્ટિ અમે નથી કરતા.

ગુરુચરણ સિંહ 22 એપ્રિલની સાંજથી ગુમ છે અને તેમના પરિવારે અભિનેતાના ગુમ થવાની ફરિયાદ નોંધાવી છે. સોઢી મુંબઈ જવા માટે ઘરેથી નીકળ્યા હતા, પરંતુ ન તો તેઓ મુંબઈ પહોંચ્યા અને ન તો તેમના ઘરે પાછા આવ્યા. ગુરુચરણ સિંહ ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં રોશન સિંહ સોઢીની ભૂમિકા ભજવવા માટે પ્રખ્યાત છે. જો કે, વર્ષ 2013 માં, તેણે શોને અલવિદા કહ્યું અને બીજા વર્ષે શોમાં પાછો ફર્યો. વર્ષ 2020 માં, તેણે ફરીથી શો છોડી દીધો.

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના નિર્માતા અસિત મોદીએ ગુરુચરણ સિંહના ગાયબ થવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે આ ખૂબ જ ચોંકાવનારા સમાચાર છે. તે પોતાના પરિવારને ખૂબ પ્રેમ કરે છે. અમે ક્યારેય એકબીજા પ્રત્યે નજીક ન હતા, પરંતુ હું જાણું છું કે તે ખૂબ જ ધાર્મિક વ્યક્તિ હતા. તેણે શો છોડી દીધો હતો, પરંતુ અમારી વચ્ચે હંમેશા સારા સંબંધો હતા. તેનું ગુમ થવું ચોંકાવનારું છે, પરંતુ તપાસ ચાલુ છે અને મને ખાતરી છે કે તેને શોધી કાઢવામાં આવશે. સાથે જ તેણે કહ્યું કે, હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તે સુરક્ષિત રહે.

## કરીના કપૂર યશની ફિલ્મમાં કામ નહીં કરે

### વ્યસ્ત શિડ્યુલને કારણે છોડી દીધી ફિલ્મ 'ટોક્સિક', યશની બહેનના રોલમાં હતી


બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર યશ સ્ટારર ફિલ્મ 'ટોક્સિક'થી કન્નડ સિનેમામાં ડેબ્યૂ કરવાની હતી. જો કે લેટેસ્ટ રિપોર્ટ્સનું માનવામાં આવે તો એક્ટ્રેસે ફિલ્મ છોડી દીધી છે. આ પાછળનું કારણ તેનું વ્યસ્ત શિડ્યુલ હોવાનું કહેવાય છે.

પિંકવિલાના હાલના રિપોર્ટ અનુસાર, કરીના કપૂર કન્નડ ફિલ્મ 'ટોક્સિક'માંથી બહાર નીકળી ગઈ છે. રિપોર્ટમાં ફિલ્મ સાથે જોડાયેલા એક સ્ત્રોતને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, કરીના કપૂરની તારીખો યશની ફિલ્મ 'ટોક્સિક'ની તારીખો સાથે મેળ ખાતી નથી. ફિલ્મ નિર્માતાઓએ તેમની તારીખોના તાલમેલ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ વાત આગળ વધી શકી નહીં. હવે મેકર્સે તેની સાથે ડીલ ખતમ કરી દીધી છે.

રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, કરીના કપૂરે ફિલ્મ છોડતાની સાથે જ મેકર્સે નવી એક્ટ્રેસની શોધ શરૂ કરી દીધી છે. મેકર્સ ફિલ્મને લઈને ઘણી એક્ટ્રેસ સાથે વાતચીત કરી રહ્યા છે. સૂત્રએ જણાવ્યું છે કે, ફિલ્મ 'ટોક્સિક'માં ભાઈ અને બહેનનું મજબૂત બોન્ડિંગ બતાવવામાં આવશે. આવી સ્થિતિમાં નિર્માતાઓ ફિલ્મ માટે ટોપના એક્ટરની શોધમાં છે. મેકર્સ એવી અભિનેત્રીને કાસ્ટ કરવા માગે છે જેમાં સમગ્ર ભારતમાં હાજરી હોય. જો રિપોર્ટ સાચો સાબિત થશે તો બોલિવૂડ એક્ટ્રેસને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી શકે છે.

કિઆરા અડવાણી પહેલાં જ ફિલ્મ ટોક્સિકમાં યશની સામે કાસ્ટ કરી ચૂકી છે. નેશનલ એવોર્ડ વિનર ગીતુ મોહનદાસ આ ફિલ્મનું નિર્દેશન કરવા જઈ રહ્યા છે. ફિલ્મનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થશે. જો રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો, ફિલ્મ 10 એપ્રિલ, 2025 સુધીમાં સિનેમાઘરોમાં આવશે.





## બધા પ્રોડ્યુસર મને વજન વધારવા માટે કહેતાં હતાં

### સોનાલી બેન્દ્રેએ કહ્યું, '90ના દાયકામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બ્યૂટી સ્ટાન્ડર્ડની એક અલગ વ્યાખ્યા હતી'

સોનાલી બેન્દ્રેએ જણાવ્યું હતું કે 90ના દાયકામાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બ્યૂટી સ્ટાન્ડર્ડની એક અલગ વ્યાખ્યા હતી. જ્યારે એક્ટ્રેસ ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે તે ખૂબ જ પાતળી હતી. તે સમયે ઝીરો ફિગરનો ટ્રેન્ડ નહોતો. આવી સ્થિતિમાં ડિરેક્ટર તેને વજન વધારવા માટે કહેતા હતા. તે સમયે સીધા વાળ કરતાં વાંકડિયા વાળવાળી એક્ટ્રેસનો વધુ ટ્રેન્ડ હતો.

હૉટરફ્લાયને આપેલા ઈન્ટરવ્યૂમાં સોનાલીએ કહ્યું- જ્યારે હું ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે હિરોઈન પાતળી નહોતી. તે સમયે હું ખૂબ જ પાતળી હતી. દરેક નિર્માતા હંમેશા મને વજન વધારવા માટે કહેતા હતા. તેઓ મને એક જ વાત કહેતા - ખાઓ, ખાઓ, બહુ જ પાતળા થાઓ.

તે સમયે ફિલ્મ ઉદ્યોગમાં નિર્માતાઓ એવી એક્ટ્રેસોને ફિલ્મોમાં કાસ્ટ કરતા હતા જેઓ દેખાવમાં આકર્ષક હોય, જેમનું શરીર સુડોળ અને વાંકડિયા વાળ હોય. મારો લુક તેનાથી વિપરીત હતો. હું પાતળી હતી અને મારા વાળ સીધા હતા.



સોનાલીએ વધુમાં કહ્યું કે લોકોએ કદાચ એક ધોરણ નક્કી કર્યું છે કે શું સારું લાગે છે અને શું નથી. પરંતુ આપણે આપણા પોતાના લુક પર વિશ્વાસ રાખવો જોઈએ.

સોનાલીએ 1994માં આવેલી ફિલ્મ આગથી ફિલ્મોની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મમાં તેમની સામે ગોવિંદા જોવા મળ્યો હતો. ત્યારથી લઈને અત્યાર સુધી સોનાલી ફિલ્મોમાં એક્ટિવ છે. ફિલ્મી પડદા સિવાય તે નાના પડદા પર પણ જોવા મળે છે. સોનાલીએ ઈન્ડિયન આઈડલ, હિન્દુસ્તાન કે હુનરબાઝ અને ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ જેવા રિયાલિટી શોમાં જજ તરીકે પણ કામ કર્યું છે.

સોનાલીની છેલ્લી ફિલ્મ 2022ની 'લવ યુ ફોરએવર' હતી. તે જ સમયે 3 મેના રોજ તે વેબ સિરીઝ 'ધ બ્રોકન' ન્યૂઝના બીજા પાર્ટમાં જોવા મળી હતી. સોનાલી આ સિરીઝના પહેલા પાર્ટમાં પણ જોવા મળી હતી, જે 10 જૂન, 2022ના રોજ ZEE5 પર સ્ટ્રીમ કરવામાં આવી હતી.

## જુલાઈ-ઓગસ્ટમાં શાહરુખ તેના આગામી પ્રોજેક્ટ પર કામ શરૂ કરશે

### કહ્યું, 'મેં ગત વર્ષે 3 ફિલ્મો પર ખૂબ મહેનત કરી હતી, તેથી મેં વિચાર્યું કે હું થોડો બ્રેક લઈશ'


સુપરસ્ટાર શાહરુખ ખાને ગત વર્ષે 'પઠાન' અને 'જવાન' જેવી બ્લોકબસ્ટર હિટ ફિલ્મો આપી છે. હવે કિંગખાને એક ઈન્ટરવ્યૂમાં તેમના આગામી પ્રોજેક્ટ વિશે વાત કરી હતી. આઈપીએલ મેચ દરમિયાન એક વાતચીતમાં કિંગ ખાને કહ્યું કે તે જુલાઈ અથવા ઓગસ્ટથી તેની આગામી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી શકે છે.

ટૂંકા બ્રેક લેવાના નિર્ણય વિશે વાત કરતાં શાહરુખે કહ્યું, 'મને લાગ્યું કે હું થોડો આરામ કરી શકું છું. મેં ત્રણ ફિલ્મો (પઠાન, જવાન અને ડંકી) કરી છે, તેમાં ઘણી મહેનત કરી હતી. આવી સ્થિતિમાં મેં વિચાર્યું કે હવે હું થોડો આરામ કરી શકું. મેં મારી IPL ટીમને પણ કહ્યું હતું કે હું તમામ મેચમાં આવીશ.'

શાહરુખે કહ્યું કે તે તેની આગામી ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટ અથવા જુલાઈમાં શરૂ કરી શકે છે. એક્ટરે કહ્યું, 'મારું શૂટિંગ હવે ઓગસ્ટ અથવા જુલાઈમાં છે.

આવી સ્થિતિમાં હું આ દિવસોમાં સંપૂર્ણપણે ફ્રી છું અને મારી IPL ટીમને સપોર્ટ કરવા માટે દરેક મેચ દરમિયાન હાજર રહી શકું છું. હું અહીં (ઈડન ગાર્ડન્સ) ખુશીથી આવું છું. જો કે,એક્ટરે હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે તેની આગામી ફિલ્મ કઈ હશે. એવી ચર્ચા છે કે તે 'પઠાન-2'નું શૂટિંગ શરૂ કરી શકે છે.

આ સિવાય તેની પાસે સુજોય ઘોષની એક્શન-થ્રિલર 'કિંગ' પણ છે, જેમાં શાહરુખની પુત્રી સુહાના ખાન ડેબ્યૂ કરશે. સિદ્ધાર્થ આનંદ તેનું નિર્માણ કરી રહ્યા છે. પુત્રી સુહાનાની ડેબ્યુ ફિલ્મ 'કિંગ' ઉપરાંત, શાહરુખ તેના દિગ્દર્શકની ડેબ્યૂ વેબ સિરીઝ 'સ્ટારડમ' પર પુત્ર આર્યન ખાનની દેખરેખ પણ કરી રહ્યો છે.



# સિક્સ પડતાં જ સ્ટાર્કનો પિત્તો ગયો:એક ઓવરમાં 3 વિકેટ લીધી

## 10 રનમાં મુંબઈના 3 સ્ટાર બેટર આઉટ; મોમેન્ટ્સ




મુંબઈ તા 04

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં શુક્રવારે મુંબઈ ઈન્ડિયન્સનો 8મી વખત પરાજય થયો હતો. ટીમને કોલકાતા નાઈટ રાઈડર્સે તેના જ હોમ ગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમમાં 24 રને પરાજય આપ્યો હતો. KKRનો આન્દ્રે રસેલ કન્ફ્યુજન ના કારણે રનઆઉટ થયો હતો. મિચેલ સ્ટાર્કે 4 બોલમાં 3 વિકેટ લઈને મુંબઈને ઓલઆઉટ કરી દીધું હતું. મુંબઈના તિલક વર્માએ પોઈન્ટ પોઝિશનથી પાછળની તરફ દોડીને એક શાનદાર હાઈ કેચ કર્યો હતો. 1. તિલકે શાનદાર કેચ કર્યો મુંબઈ ઈન્ડિયન્સના તિલક વર્માએ મેચની પહેલી જ ઓવરમાં એક શાનદાર કેચ કર્યો હતો. ઓવરનો ચોથો બોલ નુવાન થુશારાએ ઓફ સ્ટમ્પની બહાર આઉટ સ્વિંગર ફેંક્યો હતો. ફિલ સોલ્ટ શોટ રમવા ગયો પરંતુ બોલ પોઈન્ટ તરફ હવામાં ગયો. તિલકે પોઈન્ટ પોઝીશનથી પાછળની તરફ દોડીને એક શાનદાર કેચ કરી લીધો. સોલ્ટ 3 બોલમાં 5 રન બનાવીને આઉટ થયો હતો. તિલક વર્માએ શાનદાર કેચ કર્યો હતો. જેમાં તે નમન ધીર સાથે પણ અથડાયો હતો. શોટ રમનાર વેંકટેશ રન લેવા આગળ આવ્યો, જ્યારે રસેલ સ્ટ્રાઈકર એન્ડ સુધી પહોંચ્યો. વેંકટેશે રન લેવાની ના પાડી અને રસેલને પાછો મોકલ્યો. રસેલ ક્રિઝ પર આવે તે પહેલા હાર્દિકે ગિલ્લી ઉડાવી દીધી હતી. રસેલ બનાવીને આઉટ થયો હતો. બુમરાહે સ્ટાર્ક અને વેંકટેશને બોલ્ડ કર્યા જસપ્રિત બુમરાહે કોલકાતા સામે 3 વિકેટ લીધી હતી. રમનદીપ સિંહને કેચ આઉટ કર્યા બાદ તેણે વેંકટેશ અય્યર અને મિશેલ સ્ટાર્કને યોર્કર પર બોલ્ડ કર્યા હતા.

## નેહલ વાઢેરા 6 અને હાર્દિક પંડ્યા માત્ર એક રન બનાવીને પેવેલિયન પરત ફર્યા

પાવરપ્લેમાં વિખેરાયા બાદ મુંબઈ ઈન્ડિયન્સના બેટર સ્પિનર્સ સામે પણ ટકી શક્યા ન હતા. ટીમે 9મીથી 12મી ઓવર સુધી માત્ર 10 રન બનાવીને 3 વિકેટ ગુમાવી દીધી હતી. 8.3 ઓવર પછી ટીમનો સ્કોર 61/3 હતો, અહીંથી 11.2 ઓવર પછી સ્કોર 71/6 થઈ ગયો. તિલક વર્મા 4, નેહલ વાઢેરા 6 અને હાર્દિક પંડ્યા માત્ર એક રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. 6. સિક્સર પડ્યા પછી સ્ટાર્કે ઓવરમાં 3 વિકેટ લીધી KKRના મિચેલ સ્ટાર્કે પાવરપ્લેમાં સિક્સર બાદ ઈશાન કિશનને બોલ્ડ કર્યો હતો. 19મી ઓવરમાં તેણે સિક્સ બાદ જ વિકેટ લીધી હતી, 4 બોલમાં 3 વિકેટ લઈને મુંબઈને ઓલઆઉટ કરી દીધું હતું. ટિમ ડેવિડે ઓવરના પહેલા બોલ પર સ્ક્વેર લેગ તરફ સિક્સર ફટકારી હતી. ડેવિડ બીજા બોલ પર લોંગ ઓફ પર કેચ આઉટ થયો હતો. સ્ટાર્કે ત્રીજા બોલ પર પિયુષ ચાવલાને પેવેલિયન મોકલ્યો હતો. ચોથા બોલ પર સિંગલ આવ્યો, જ્યારે ગેરાલ્ડ કોત્ઝી પાંચમા બોલ પર બોલ્ડ થયો. સ્ટાર્કે તેનો સ્પેલ 33 રનમાં 4 વિકેટ સાથે પુરો કર્યો હતો. વેંકટેશે રન લેવાની ના પાડી અને રસેલને પાછો મોકલ્યો. રસેલ ક્રિઝ પર આવે તે પહેલા હાર્દિકે ગિલ્લી ઉડાવી દીધી હતી. રસેલ બનાવીને આઉટ થયો હતો. બુમરાહે સ્ટાર્ક અને વેંકટેશને બોલ્ડ કર્યા જસપ્રિત બુમરાહે કોલકાતા સામે 3 વિકેટ લીધી હતી. રમનદીપ સિંહને કેચ આઉટ કર્યા બાદ તેણે વેંકટેશ અય્યર અને મિશેલ સ્ટાર્કને યોર્કર પર બોલ્ડ કર્યા હતા.

# ક્રિકેટર ડેવોન થોમસ પર 5 વર્ષનો પ્રતિબંધ



વેસ્ટઈન્ડિઝ તા 04

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ વેસ્ટ ઈન્ડિઝના ડેવોન થોમસ પર 5 વર્ષનો ક્રિકેટ પ્રતિબંધ લગાવ્યો છે. તેના પર શ્રીલંકા, UAE અને વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ લીગમાં ફિક્સિંગનો આરોપ હતો. જેની તેણે કબૂલાત કરી, જેના કારણે ICCએ તેને સજા કરી છે. ગુનાની કબૂલાતને કારણે સજામાં 18 મહિનાનો ઘટાડો ICCએ કહ્યું કે 34 વર્ષીય થોમસ પર શ્રીલંકા ક્રિકેટ (SLC), અમીરાત ક્રિકેટ બોર્ડ (ECB) અને કેરેબિયન પ્રીમિયર લીગ (CPL)એ ભ્રષ્ટાચારના 7 આરોપો લગાવ્યા હતા. થોમસે આરોપોને કબૂલ્યા. જેના પરિણામે તેની સજા 18 મહિના ઓછી થઈ. તેની સજા 23 મે 2023થી શરૂ થઈ હતી, અહીંથી 22 મે 2028 સુધી તે આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક ક્રિકેટ રમી શકશે નહીં. SLC કોડ, કલમ 2.1.1: લંકા પ્રીમિયર લીગ 2021ના ફિક્સિંગનો પ્રયાસ. ECB કોડ, કલમ 2.4.4: અબુ ધાબી T10 લીગમાં ભ્રષ્ટાચાર અંગેની માહિતી ભ્રષ્ટાચાર વિરોધી અધિકારીઓને આપવામાં આવી ન હતી. ICC મેનેજરે કહ્યું- થોમસની સજા અન્ય લોકો માટે એક ઉદાહરણ ICCના જનરલ મેનેજર એલેક્સ માર્શલે કહ્યું, 'આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક એમ બંને પ્રકારના વ્યાવસાયિક ક્રિકેટ રમી ચૂકેલા થોમસે ઘણી વખત ભ્રષ્ટાચાર વિરોધી તાલીમ લીધી છે. આમ છતાં તેણે ત્રણ દેશોની ફ્રેન્ચાઈઝી લીગમાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું.

# મુંબઈ IPL પ્લેઑફની રેસમાંથી બહાર




મુંબઈ તા 04

5 વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ IPL-2024ની પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. MI ટીમને કોલકાતા નાઈટ રાઈડર્સે 24 રને પરાજય આપ્યો હતો. કોલકાતાએ વાનખેડે મેદાન પર 12 વર્ષ પછી મુંબઈને હરાવ્યું છે. આ મેદાન પર નાઈટ રાઈડર્સની છેલ્લી જીત 2012માં મુંબઈ સામે આવી હતી. શુક્રવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતા 19.5 ઓવરમાં 169 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં મુંબઈની ટીમ 18.5 ઓવરમાં 145 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મિચેલ સ્ટાર્કે 4 વિકેટ લીધી હતી. વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ અને આન્દ્રે રસેલને 2-2 વિકેટ મળી હતી. MI માટે સૂર્યકુમાર યાદવે 35 બોલમાં 56 રનની અડધી સદી ફટકારી હતી. KKR તરફથી વેંકટેશ અય્યરે 52 બોલમાં 70 રનની ઈનિંગ રમી હતી જ્યારે મનીષ પાંડેએ 31 બોલમાં 42 રન બનાવ્યા હતા. નુવાન તુષારા અને જસપ્રીત બુમરાહે 3-3 વિકેટ લીધી હતી. હાર્દિક પંડ્યાને 2 વિકેટ મળી હતી. એક વિકેટ પીયૂષ ચાવલાને મળી હતી.

# ભારતીય મહિલા ટીમે બાંગ્લાદેશને 7 વિકેટે હરાવ્યું




નવી દિલ્હી તા 04

શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાની 91 રનની ભાગીદારીને કારણે ભારતીય મહિલા ટીમે સિલ્હટમાં ત્રીજી T20 મેચમાં બાંગ્લાદેશને 7 વિકેટે હરાવ્યું હતું. આ સાથે ભારતે 3-0ની લીડ મેળવી લીધી છે અને સિરીઝ પર પણ કબજો કરી લીધો છે. શેફાલીએ 51 રન અને સ્મૃતિએ 47 રનની ઈનિંગ રમી હતી. પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશને 118 રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતે 121 રન બનાવીને મેચ જીતી લીધી હતી. ભારતે ટૉસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી હતી ારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ટૉસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય બોલરોએ કેપ્ટનના નિર્ણયને સાચો સાબિત કર્યો અને 6.3 ઓવરમાં 46 રનના સ્કોર પર બાંગ્લાદેશને પહેલો ઝટકો આપ્યો. આ પછી ભારતીય બોલરોએ બાંગ્લાદેશને 55 રનના સ્કોર પર બીજી વિકેટ અને 85 રનના સ્કોરે ત્રીજી અને ચોથી વિકેટ ઝડપીને મોટો સ્કોર કરતા અટકાવ્યો હતો. બાંગ્લાદેશની આખી ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને માત્ર 117 રન જ બનાવી શકી હતી. બાંગ્લાદેશ તરફથી ઓપનર દિલારા અખ્તરે 27 બોલમાં 39 અને કેપ્ટન નિગાર સુલ્તાનાએ 28 રન બનાવ્યા હતા. ભારત તરફથી રાધા યાદવે 22 રનમાં બે વિકેટ લીધી હતી જ્યારે રેણુકા સિંહ, પૂજા વસ્ત્રાકર અને શ્રેયંકા પાટીલે એક-એક વિકેટ લીધી હતી. 118 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ભારતીય ટીમને શેફાલી અને સ્મૃતિ મંધાનાએ બંને બેટર્સે પાવરપ્લેમાં એકપણ વિકેટ ગુમાવ્યા વિના 59 રન જોડ્યા હતા. બંનેએ પ્રથમ વિકેટ માટે 12.1 ઓવરમાં 91 રનની ભાગીદારી કરી હતી. શેફાલીએ 38 બોલમાં આઠ ચોગ્ગાની મદદથી 51 રન બનાવ્યા હતા જ્યારે સ્મૃતિ મંધાનાએ 42 બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 47 રન બનાવ્યા હતા.

# ICC ટેસ્ટ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને



નવી દિલ્હી તા 04

ટીમ ઈન્ડિયા હવે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં નંબર-1 નથી. શુક્રવારે જાહેર કરવામાં આવેલી તાજેતરની રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ટેસ્ટ ક્રિકેટમાં નંબર-1 બની ગઈ છે. ભારત બીજા સ્થાને સરકી ગયું છે. જોકે, ટીમ ઈન્ડિયા હજુ પણ ODI અને T20માં ટૉપ પર છે.

ઓસ્ટ્રેલિયા હવે ટેસ્ટ ફોર્મેટમાં 124 રેટિંગ પોઈન્ટ સાથે ટોચ પર છે. ભારત 120 પોઈન્ટ સાથે બીજા સ્થાને 4 પોઈન્ટ પાછળ છે. ઈંગ્લેન્ડ ત્રીજા અને દક્ષિણ આફ્રિકા ચોથા ક્રમે છે. આ ફેરફાર ICC રેન્કિંગમાં વાર્ષિક અપડેટને કારણે આવ્યો છે. 2020-21માં ઓસ્ટ્રેલિયામાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની 2-1થી શ્રેણી જીતને આ અપડેટમાં બાકાત રાખવામાં આવી છે. દર વર્ષે રેન્કિંગ કેવી રીતે અપડેટ થાય છે?

ICC રેન્કિંગમાં છેલ્લા ત્રણ વર્ષની મેચનો સમાવેશ થાય છે. આમાં, સૌથી તાજેતરના વર્ષની 100% મેચ રેન્કિંગમાં સામેલ છે. પાછલા બે વર્ષની મેચનું વેઈટેજ 50% છે. મે 2021 થી મે 2023 દરમિયાન ટીમે રમેલી 50% મેચ રેન્કિંગમાં સામેલ છે. તે જ સમયે, મે 2023 થી યોજાયેલી તમામ મેચને રેન્કિંગમાં સામેલ કરવામાં આવી છે. અહીંથી આગામી મે સુધી રમાયેલી તમામ મેચને રેન્કિંગમાં સામેલ કરવામાં આવશે. વાર્ષિક અપડેટ મે 2025માં ફરીથી કરવામાં આવશે. ત્યારબાદ મે 2021થી 2022 દરમિયાન યોજાનારી મેચો રેન્કિંગમાંથી બહાર થઈ જશે.

ODI રેન્કિંગમાં ભારતની 6 પોઈન્ટની લીડ ભારત ભલે ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ફાઈનલમાં પર પોતાની લીડ ત્રણથી વધારીને છ પોઈન્ટ કરી લીધી છે અને તે 122 પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે. ટોપ 10માં કોઈ ફેરફાર થયો નથી પરંતુ આયર્લેન્ડે ઝિમ્બાબ્વેને પછાડીને 11માં સ્થાન પર કબજો જમાવ્યો છે. ત્રીજા સ્થાને રહેલ દક્ષિણ આફ્રિકા ઓસ્ટ્રેલિયાથી 8 પોઈન્ટ દૂર હતું, હવે આ અંતર ઘટીને 4 પોઈન્ટ થઈ ગયું છે. જ્યારે શ્રીલંકા પાંચમા સ્થાને રહેલા ઈંગ્લેન્ડથી માત્ર બે પોઈન્ટ પાછળ છે.

# હાર્દિક પંડ્યાની T20 વર્લ્ડ કપમાં પસંદગી પાછળનું કારણ આવ્યું સામે



મુંબઈ તા 04

T20 World Cup 2024: આઈસીસી મેન્સ T20 વર્લ્ડ કપ 2024 પહેલી જૂનથી શરૂ થવા જઈ રહ્યો છે, જેની યજમાની વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા સંયુક્ત રીતે કરશે. આ ટુર્નામેન્ટ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં હાર્દિક પંડ્યાનો ઓલરાઉન્ડર તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. હાર્દિક પંડ્યા વાઈસ કેપ્ટન હોવાથી પ્લેઈંગ ઈલેવનમાં પણ જોવા મળી શકે છે. જો કે તેની પસંદગીને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. BCCIએ હાર્દિક પંડ્યા પર શા માટે ભરોસો મૂક્યો? હાર્દિક પંડ્યા અત્યારે ભલે ફોર્મમાં ન હોય પરંતુ તેનો અનુભવ T20 વર્લ્ડ કપમાં ઘણો ઉપયોગી થઈ શકે છે. પંડ્યા ભારતીય ટીમ માટે અત્યાર સુધીમાં ત્રણ T20 વર્લ્ડ કપ પણ રમી ચૂક્યો છે. હાર્દિક પંડ્યા તેની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો છે અને તે ફાસ્ટ બોલર પણ છે જેની આ ટૂંકા ફોર્મેટના ક્રિકેટમાં સૌથી વધુ જરૂર છે. આ ઉપરાંત T20 વર્લ્ડ કપમાં પણ હાર્દિકનું પ્રદર્શન સારું રહ્યું છે. T20 વર્લ્ડ કપમાં હાર્દિક પંડ્યાનું પ્રદર્શન હાર્દિક પંડ્યાએ ભારતીય ટીમ માટે અત્યાર સુધીમાં 16 T20 મેચમાં 136.53ની સ્ટ્રાઈક રેટ અને 23.66ની એવરેજથી 213 રન બનાવ્યા છે. જેમાં ગત T20 વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી મેચમાં ફટકારેલી ફિફ્ટીનો પણ સમાવેશ થાય છે. તો બીજી તરફ હાર્દિક પંડ્યાએ 25.30ની એવરેજ અને 9.13ની ઈકોનોમી સાથે 13 વિકેટ પણ ઝડપી છે. આ આંકડાઓને કારણે જ પંડ્યા પર ભરોસો મૂકવામાં આવ્યો છે. પંડ્યાની પસંદગી પર મુખ્ય પસંદગીકારનું નિવેદન ભારતીય ટીમની જાહેરાત બાદ મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે હાર્દિક પંડ્યાની પસંદગીનો ફિટ રહે છે તો તે શું કરી શકે તે સૌ કોઈ જાણે છે અને તેનો કોઈ વિકલ્પ નથી. હાર્દિકે અત્યાર સુધીની તમામ મેચો મુંબઈ ઈન્ડિયન્સ માટે રમી છે. ભારતીય ટીમે એક મહિના અને થોડા દિવસો પછી પ્રથમ મેચ રમવાની છે અને તે ફિટ છે. અગરકરે વધુમાં કહ્યું કે જ્યાં સુધી તે ફિટ રહેશે ત્યાં સુધી અમે જાણીએ છીએ કે તે શું કરી શકે છે.

# યુઝવેન્દ્ર ચહલને લઈ RCBનું ખુલ્લેઆમ અપમાન કર્યું

નવી દિલ્હી તા 04

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL 2022ની હરાજીમાં યુઝવેન્દ્ર ચહલને અચાનક છોડી દીધો. આ પછી આ મામલો ખૂબ જ ગરમ બન્યો હતો. ટીમના આ નિર્ણયથી યુઝવેન્દ્ર ચહલ પણ દુ:ખી થયો હતો. હાલમાં જ ટીમના પૂર્વ નિર્દેશકે આ અંગે પોતાનો ખુલાસો કર્યો હતો. હવે શેન વોટસને જાહેરમાં આ ફ્રેન્ચાઈઝીનું અપમાન કર્યું છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL 2022માં યુઝવેન્દ્ર ચહલને જાળવી રાખ્યો ન હતો. આ પછી, હરાજીમાં તેના માટે કોઈ બોલી લગાવવામાં આવી ન હતી અને આ રીતે ચહલ ટીમની બહાર થઈ ગયો હતો. યુઝવેન્દ્ર ચહલ 2014 થી 2021 સુધી આ ટીમનો ભાગ હતો. જ્યારે ટીમે તેને 8 વર્ષ પછી અચાનક છોડી દીધો, ત્યારે કોઈ તેના પર વિશ્વાસ કરી શક્યું નહીં. કારણ કે તે RCBનો મુખ્ય સ્પિનર હતો. આ પછી રાજસ્થાન રોયલ્સે તેને 2022માં 6.5 કરોડ રૂપિયા આપીને પોતાની ટીમમાં સામેલ કર્યો અને હવે તે આ ટીમ માટે સતત શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. હવે અનુભવી ઓલરાઉન્ડર શેન વોટસને આ મુદ્દે ચહલનું સમર્થન કરીને જાહેરમાં RCBની ટીકા કરી છે.

# ધોનીએ પોતાના બોડીગાર્ડને રડાવ્યા...

એજન્સી નવી દિલ્હી તા 04

એમએસ ધોની હાલમાં IPL 2024માં ધૂમ મચાવી રહ્યો છે. તેની ટીમ ચેન્નાઈ સુપર કિંગ્સે પણ અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. હવે ચેન્નાઈને આગામી મેચ ધર્મશાલામાં રમવાની છે અને તે પહેલા ધોનીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને ફેન્સ તેને સલામ કરી રહ્યા છે.ધર્મશાલામાં IPLની આગામી મેચ રમતા પહેલા એમએસ ધોનીએ કંઈક એવું કર્યું કે ચાહકો તેને સલામ કરી રહ્યા છે. વાસ્તવમાં ધોનીએ પોતાના બોડીગાર્ડને ઈમોશનલ કરી દીધો, તે ખુશીથી રડવા લાગ્યો.

હવે તમે વિચારશો કે શું થયું કે ધોનીના બોડીગાર્ડની આંખમાં આંસુ આવી ગયા? ધોનીએ તેના બોડીગાર્ડનો જન્મદિવસ ઉજવ્યો અને કેક કાપી સિલેબરેટ કર્યું. તમને જણાવી દઈએ કે ધોનીના બોડીગાર્ડનું નામ આસિફ છે અને તેના જન્મદિવસની કેક કાપવાની સેરેમનીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

## રોહિત શર્માએ જે પગલું ભર્યું, શું વિરાટ કોહલી પણ આવું જ કરશે?

IPL 2024માં મુંબઈ ઈન્ડિયન્સની 11મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને સ્ટાર બેટ્સમેન રોહિત શર્માને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું ન હતું. તેના બદલે રોહિતને ઈમ્પેક્ટ પ્લેયર્સમાં રાખવામાં આવ્યો હતો, તેની પાછળ એક ખાસ કારણ હતું. હવે સવાલ એ ઊભો થયો છે કે શું વર્લ્ડ કપ માટે પસંદ કરાયેલા અન્ય ખેલાડીઓ કે જેમની ટીમો પ્લેઓફ માટે ક્વોલિફાય નથી થઈ શકતી તેઓ પણ આવો બ્રેક લેશે. T20 વર્લ્ડ કપ 2024ને 30 દિવસથી ઓછા દિવસો બાકી છે. ટીમોની જાહેરાત સાથે ઉત્સાહ વધી ગયો છે અને હવે ટૂર્નામેન્ટ શરૂ થવાની રાહ જોવાઈ રહી છે. જો કે આ પહેલા ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા સહિત તમામ ખેલાડીઓ IPL 2024માં વ્યસ્ત છે. આ ટૂર્નામેન્ટની વચ્ચે કેપ્ટન રોહિતે એક પગલું ભર્યું છે

# T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા માટે ટ્રમ્પ કાર્ડ સાબિત થશે વિરાટ કોહલી અને હાર્દિક પંડયા




એજન્સી નવી દિલ્હી તા 04

વિરાટ કોહલી અને હાર્દિક પંડ્યાની T20 વર્લ્ડ કપ માટે ટીમમાં પસંદગી કરવામાં આવી છે. પરંતુ બંને ખેલાડીઓને IPLમાં તેમની ટીમની નિષ્ફળતા માટે સૌથી વધુ દોષી ઠેરવવામાં આવી રહ્યા છે. હવે 2007નો વર્લ્ડ કપ વિજેતા એસ શ્રીસંત આ બંનેના સમર્થનમાં સામે આવ્યો છે. તેણે આ જોડીને ભારત માટે ગેમ ચેન્જર ગણાવી છે.

T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા માટે ટ્રમ્પ કાર્ડ સાબિત થશે વિરાટ કોહલી અને હાર્દિક પંડયા T20 વર્લ્ડ કપમાં વિરાટ કોહલી અને હાર્દિક પંડ્યા એ બે નામ છે જેની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે. એક તરફ વિરાટના સ્ટ્રાઈક રેટને લઈને હોબાળો થઈ રહ્યો છે તો બીજી તરફ પંડ્યાના ફોર્મ પર સવાલો થઈ રહ્યા છે. હાર્દિક પંડ્યાને ટીમનો વાઈસ કેપ્ટન બનાવવામાં આવતા અનેક ફેન્સની સાથે ઘણા ક્રિકેટ એક્સપર્ટ પણ નારાજ થયા હતા. આ બંને ખેલાડીઓ પર ઉઠી રહેલા સવાલો વચ્ચે 2007નો T20 વર્લ્ડ કપ વિજેતા એસ શ્રીસંત તેમના સમર્થનમાં સામે આવ્યો છે. શ્રીસંતનું માનવું છે કે આ બંનેની હાજરીથી ભારતને ઘણો ફાયદો થવાનો છે. આ બંને ખેલાડીઓ વર્લ્ડ કપમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. એસ શ્રીસંતે કોહલી અને પંડ્યાની જોડીને ભારત માટે ફાયદાકારક ગણાવી છે. સ્ટાર સ્પોર્ટ્સ પર વર્લ્ડકપ ટીમનું વિશ્લેષણ કરતા તેણે કહ્યું કે બંને ખેલાડીઓ મોટી મેચોમાં ખૂબ જ ઉપયોગી થશે. ખાસ કરીને રન ચેઝ દરમિયાન, આ બંનેની જોડી અજાયબીઓ કપમાં પાકિસ્તાન સામેની હારને પલટી નાખી હતી.હાર્દિકની બોલિંગના વખાણ કરતા તેણે કહ્યું કે તે નવા અને જૂના બંને બોલથી ઓવર નાંખી શકે છે.

# આઈપીએલ ટીમોની બિઝનેસ રેવન્યુમાં ઘટાડો, જાણો કઈ ટીમને થયું સૌથી વધુ નુકસાન ?



નવી દિલ્હી તા 04

ઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સીઝન હાલમાં રમાઈ રહી છે. જ્યાં લીગમાં 50 મેચ રમાઈ છે. આ દરમિયાન એક મોટા સમાચાર સામે આવ્યા છે. નાણાકીય વર્ષ 2022-23 (FY23) માં તમામ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ટીમોની સરેરાશ આવક નાણાકીય વર્ષ 2019 માં કોવિડ-19 પહેલાની સરખામણીમાં 23 ટકા ઘટી છે, એમ ગુરુવારે એક અહેવાલમાં જણાવાયું છે. જો આ ઘટાડા સાથે સરેરાશ 10 ટકાનો ફુગાવો ઉમેરવામાં આવે તો, નાણાકીય વર્ષ 2019 ની તુલનામાં IPL ટીમોની આવકમાં લગભગ 47 ટકાનો મોટો ઘટાડો થયો છે.

માર્કેટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ પ્રાઈવેટ સર્કલએ જણાવ્યું હતું કે આઈપીએલનું બજાર સંતૃપ્તિ પોઈન્ટ પર પહોંચી રહ્યું છે. રિપોર્ટમાં ટીમોની માલિકીની કંપનીઓના માર્કેટ ફાઈલિંગનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ વિવિધ પરિબળોને કારણે હોઈ શકે છે જેમ કે ક્રિકેટ સામગ્રીની વધુ સંતૃપ્તિ, વપરાશકર્તાની પસંદગીઓ બદલવી અથવા અન્ય મનોરંજન વિકલ્પો. રિપોર્ટના ડેટા પરથી જાણવા મળ્યું છે કે નાણાકીય વર્ષ 2019માં કોલકાતા નાઈટ રાઈડર્સની આવક 437 કરોડ રૂપિયા હતી, જે તે સમયે તમામ ટીમોમાં સૌથી વધુ હતી. આ પછી, દિલ્હી કેપિટલ્સની આવક 424 કરોડ રૂપિયા અને ચેન્નાઈ સુપર કિંગ્સની આવક 418 કરોડ રૂપિયા હતી. જ્યારે નાણાકીય વર્ષ 2023માં દિલ્હી કેપિટલ્સ રૂ. 367 કરોડની આવક સાથે ટોચ પર છે. ગુજરાત ટાઈટન્સ રૂ. 360 કરોડની આવક સાથે બીજા ક્રમે અને મુંબઈ ઈન્ડિયન્સ રૂ. 359 કરોડની આવક સાથે બીજા ક્રમે છે. નાણાકીય વર્ષ 2019 માં, જ્યાં તમામ ટીમોની સરેરાશ આવક 394.28 કરોડ રૂપિયા હતી. આ નાણાકીય વર્ષ 2023માં સરેરાશ રૂ. 307.5 કરોડ ઘટી છે. આવી સ્થિતિમાં દરેક ટીમને સરેરાશ 86.78 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. જોકે, રિપોર્ટમાં જણાવાયું છે કે તમામ ટીમો માટે સ્પોન્સરશિપની આવક વધી છે. આવા નંબરોની જાણ કરતી ટીમોમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર FY23 માં લગભગ રૂ 83 કરોડની સ્પોન્સરશિપ આવક સાથે ટોચ પર છે. આ પછી ચેન્નાઈ સુપર કિંગ્સ 78 કરોડ અને દિલ્હી કેપિટલ્સ 72 કરોડ સાથે હાજર છે.

## ન્યૂઝ ફ્લેશ

### નાઈજરમાં અમેરિકન ટ્રૂપ્સને જાકારો : તેનાં સ્થાને રશિયન ટ્રૂપ્સ છાવણીઓનો કબ્જો લેશે

નિયામ્યે, વૉશિંગ્ટન : અમેરિકાનાં સંરક્ષણ વિભાગના એક વિશિષ્ટ અધિકારીએ રોઈટર્સને જણાવ્યું હતું કે જે એરબેઝમાં અમેરિકન ટ્રૂપ્સ છાવણી નાખી રહ્યાં હતાં, તે ૧,૦૦૦ સૈનિકોને દેશ છોડી દેવાનો આદેશ અપાયો છે અને તેનાં સ્થાને એક સપ્તાહમાં જ રશિયન દળો પહોંચી જશે અને એરબેઝનો કબ્જો લઈ લેવાનાં છે.

બરોબર મધ્ય સહારામાં રહેલાં આ રાષ્ટ્રમાં લશ્કરી શાસન જ છે. તેને અમેરિકા સતત અનુરોધ કરતું રહ્યું છે કે તેમણે સત્તા છોડી દેશમાં લોકશાહી સરકાર સ્થાપવી જોઈએ. આ લશ્કરી જુન્ટાને પસંદ પડે તેમ જ ન હોવાથી તેણે અમેરિકા સાથે જ સંબંધો લગભગ કાપી નાખ્યા છે અને તેને પગલે તેણે અમેરિકન ટ્રૂપ્સને દેશ છોડી દેવા હુકમ કર્યો છે. વાસ્તવમાં ગત વર્ષ સુધી નાઈજરમાં લોકશાહી સરકાર હતી તેને ઉથલાવી લશ્કરી જૂન્ટાએ સત્તા હાથમાં લઈ લીધી છે.

હજી ૧,૦૦૦ જેટલા અમેરિકન સૈનિકો પાટનગર નિયામ્યેમાં છે, તેઓ જવાની તૈયારી કરી રહ્યા છે. તેવામાં જ રશિયન ટ્રૂપ્સ વિમાન દ્વારા આવતા રહ્યાં છે. આથી પરિસ્થિતિ તેવી સર્જાઇ છે કે રશિયન અને અમેરિકન ટ્રૂપ્સ પરસ્પરથી માત્ર થોડાં અંતરે હોવા છતાં તેઓ એકબીજાનો જરા પણ સંપર્ક રાખતા નથી. વાત સહજ છે. યુક્રેન યુદ્ધને લીધે રશિયા અમેરિકાને ઉભા રહ્યું બનતું નથી. દરમિયાન અમેરિકાના સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટેને કહ્યું હતું કે અમેરિકન દળો પાછાં ના ફરશે પરંતુ તેમનાં મોટાં લશ્કરી સાધનો ત્યાં રહી જવા સંભવ છે. કદાચ રશિયન તેનો કબ્જો લઇ પણ શકે. ઉલ્લેખનીય છે કે માત્ર નાઇજરમાં જ નહીં, આફ્રિકાના ચાલે છે, કારણ કે પશ્ચિમના દેશોએ જ તેમને દાયકાઓ સુધી સદી દોઢ સદી સુધી ગુલામ રાખ્યા હતા.

### પ્રમુખ સાથી દેશોનો આદર કરે છે : બાયડેનની ઝેનોફોબિયા ટીકા અંગે વ્હાઇટ હાઉસની સ્પષ્ટતા

વોશિંગ્ટન : પ્રમુખ જો બાયડેને, ભારત, જાપાન, ચીન અને રશિયા વિષે ટીકા કરતાં કહ્યું હતું કે, તે દેશો એટલા માટે ઉત્કર્ષ સાધી શક્યા નથી કારણ કે તેઓ કટ્ટર રાષ્ટ્રવાદ (ઝેનોફોબિયા) ધરાવે છે. પ્રમુખના આ વિધાનોએ ખળભળાટ ઉભો કરતાં પ્રમુખનો બચાવ કરતાં વ્હાઈટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરિન જીન પીર્ટેએ કહ્યું હતું કે, વાસ્તવમાં પ્રમુખે સામાન્ય અર્થમાં તે ટીપ્પણી કરી હતી. વાસ્તવમાં પ્રમુખને સાથી દેશો પ્રત્યે ઘણો જ આદર છે.

તેઓએ વધુમાં કહ્યું, અમારા સાથી દેશો અને સહભાગીઓ બહુ જ સારી રીતે જાણે છે કે, પ્રમુખ તેઓને કેટલો આદર આપે છે. વ્યાપક રીતે જોઈએ તો અમેરિકા પોતે જ વસાહતિઓનો દેશ છે અને અહીં આવીને વસેલા અન્ય દેશોના વસાહતીઓએ તો આ દેશને બળવાન બનાવ્યો છે. વ્હાઇટ હાઉસ પ્રવકતાને આ સ્પષ્ટતા એટલા માટે કરવી પડી હતી કે બાયડેને તેઓની બુધવારની ટિપ્પણીમાં ભારત અને જાપાનને જેઓ ક્વોડ સમુહના સભ્યો છે તેમને પણ રશિયા અને ચાયના સાથે મુલવતા કહ્યું હતું કે તે દેશો ઉત્કર્ષ એટલા માટે નથી સાધી શક્યા કારણ કે તેઓ વસાહતીઓને આવકારતા નથી. જ્યારે અમેરિકા વસાહતીઓને આવકારે છે. વાસ્તવમાં અમેરિકા (યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા) યુ.એસ.એ. સ્વયં વસાહતીઓનો જ દેશ છે.

ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ પદ માટેના ઉમેદવાર જો બાયડેને ફરી એક વખત વક્તવ્યમાં પ્રમુખે વસાહતીઓ અંગે ઉક્ત દેશોના વલણની ટીકા કરી હતી. ૮૧ વર્ષના બાયડેનની સામે ૭૭ વર્ષના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રીપબ્લિકન પાર્ટી તરફથી સ્પર્ધામાં છે.

# ભારત સાથે દુશ્મની કરી રહ્યુ છે નેપાળ, 100 રૂ.ની નોટમાં દર્શાવાયા નાપાક ઈરાદા

નેપાળ તા 04

100 રૂપિયાની નોટ પર જૂના નકશાને બદલે નવો નકશો બનાવવાનો નિર્ણય નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ'ની અધ્યક્ષતામાં મંત્રી પરિષદની બેઠકમાં લેવામાં આવ્યો હતો. નેપાળે 4 વર્ષ પહેલા પોતાના રાજકીય નકશામાં આ ત્રણ વિસ્તારોનો સમાવેશ કર્યો હતો, જેના પર ભારતે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. નેપાળે આવું કરીને ફરી એકવાર ભારત સાથે ગડબડ કરી છે. પાડોશી દેશ નેપાળ કંઈક એવું કરવા જઈ રહ્યું છે જેનાથી ભારત સાથે ફરી એકવાર તણાવ વધી શકે છે. નેપાળે 100 રૂપિયાની નવી નોટ પર દેશનો નવો નકશો છાપવાની જાહેરાત કરી છે. આ નકશો એ ત્રણ વિવાદિત વિસ્તારો બતાવશે કે જેના પર ભારત તેની સત્તાનો દાવો કરે છે. નેપાળ




પોતાના નવા નકશામાં લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીનો સમાવેશ કરશે.

હકીકતમાં, ભારત પહેલાથી જ આ સરહદી વિસ્તારોને વિસ્તૃત કરી ચૂક્યું છે. 100 રૂપિયાની નોટ પર જૂના નકશાને બદલે નવો નકશો બનાવવાનો નિર્ણય નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ'ની અધ્યક્ષતામાં મળેલી મંત્રી પરિષદની બેઠકમાં લેવામાં આવ્યો હતો. સરકારના પ્રવક્તા રેખા શર્માએ કહ્યું કે બેઠકમાં 100 રૂપિયાની નોટમાં નેપાળનો નવો નકશો છાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નકશામાં લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાની બતાવવામાં આવશે. રેખા શર્મા નેપાળની માહિતી અને સંચાર મંત્રી પણ છે. તેમણે જણાવ્યું કે 25 એપ્રિલ અને 2 મેના રોજ યોજાયેલી બેઠકમાં કેબિનેટે 100 રૂપિયાની નવી નોટને ફરીથી ડિઝાઈન કરવા અને ચલણ પર છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી.

અગાઉ, 18 જૂન, 2020 ના રોજ, નેપાળે તેના રાજકીય નકશામાં તે ત્રણ વિસ્તારોનો સમાવેશ કર્યો હતો. આ માટે તેમણે બંધારણમાં સુધારો પણ કર્યો હતો.સારાએ પોતાના પિતાને ફાધર્સ ડે વિશ કરતા લખ્યું કે, હેપ્પી ફાધર્સ ડે અબ્બા જાન. નેપાળની સંસદમાં આ વિવાદાસ્પદ બિલની તરફેણમાં 258 મત (275માંથી) પડ્યા હતા. આ બિલની વિરૂદ્ધમાં કોઈ સભ્યએ મતદાન કર્યું નથી. બિલ પસાર કરવા માટે 275 સભ્યોના નીચલા ગૃહમાં બે તૃતીયાંશ બહુમતી જરૂરી હતી. નેપાળી કોંગ્રેસ (NC), રાષ્ટ્રીય જનતા પાર્ટી-નેપાળ (RJP-N) અને રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી (RPP) સહિતના મુખ્ય વિરોધ પક્ષોએ નવા વિવાદાસ્પદ નકશાને સમર્થન આપ્યું હતું.

# પૂર્વ કઝાક મંત્રીએ પત્નીની હત્યા કરી:વાળ ખેંચ્યા ; નાકનું હાડકું તોડ્યું, 12 કલાક પછી મહિલાનું મોત



અસ્તાના તા 04

કઝાકિસ્તાનના પૂર્વ ઈકોનોમિક મિનિસ્ટર અને ઉદ્યોગપતિ કુઆંદિક બિશિમ્બાયવે તેમની પત્નીને લાત અને મુક્કા મારીને મારી નાખી. અલજઝીરાના અહેવાલ મુજબ, આ ઘટના ગયા વર્ષે નવેમ્બરમાં બની હતી, જ્યારે 31 વર્ષીય સુલતાનત નુકેનોવાનો મૃતદેહ અલ્માટી શહેરની એક રેસ્ટોરન્ટમાંથી મળી આવ્યો હતો.

આ કેસની સુનાવણી તાજેતરમાં કઝાકિસ્તાનની કોર્ટમાં થઈ હતી. આ દરમિયાન રેસ્ટોરન્ટના 8 કલાકના સીસીટીવી ફૂટેજ બતાવવામાં આવ્યા હતા. વીડિયોમાં 44 વર્ષીય બિશિમ્બાયવ તેમની પત્ની સાથે રેસ્ટોરન્ટમાં પ્રવેશતા જોવા મળે છે. આ પછી તે તેને મુક્કો મારે છે. આ તસવીર 31 વર્ષની સુલતાનત નુકેનોવાની છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર મહિલાનું મોત આઘાતના કારણે થયું હતું. પત્નીની હત્યા બાદ જ્યોતિષને ફોન કર્યો સુનાવણી દરમિયાન સરકારી વકીલે જણાવ્યું કે મહિલા તેના પતિથી બચવા માટે ટોયલેટમાં છુપાઈ જવાનો પ્રયાસ કરે છે. પરંતુ આરોપી તેને ત્યાંથી પણ ખેંચી જાય છે. તે તેમની પત્નીને તેના વાળથી ખેંચે છે અને તેને બીજા રૂમમાં લઈ જાય છે, જ્યાં કેમેરા તેમની પત્નીને લાત મારવાનું શરૂ કરે છે. સુનાવણી દરમિયાન સરકારી વકીલે જણાવ્યું કે મહિલા તેના પતિથી બચવા માટે ટોયલેટમાં છુપાઈ જવાનો પ્રયાસ કરે છે.

**કોર્ટે 20 વર્ષની સજા ફટકારી :** સતત મારના કારણે મહિલા બેભાન થઈ જાય છે. રેસ્ટોરન્ટના એક રૂમમાં તેની લાશ લોહીથી લથપથ પડી છે. મંત્રી પછી જ્યોતિષને બોલાવે છે, જે તેને કહે છે કે તેની પત્ની સાજી થઈ જશે. પોલીસ અને મેડિકલ સ્ટાફ ઘટનાના 12 કલાક પછી ત્યાં પહોંચે છે. તેઓ મહિલાને મૃત જાહેર કરે છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર મહિલાનું મોત આઘાતના કારણે થયું હતું. વારંવાર માર મારવાથી તેના નાકનું હાડકું તૂટી ગયું હતું. ચહેરા, માથા અને હાથ પર ઘણા ઘા હતા. કોર્ટે બિશિમ્બાયવને ત્રાસ, હિંસા અને હત્યાના ગુનામાં 20 વર્ષની જેલની સજા ફટકારી છે. સુનાવણી દરમિયાન દોષિત પતિએ પોતાનો ગુનો સ્વીકારી લીધો હતો. જોકે, તેણે હિંસાનો આરોપ નકારી કાઢ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બિશિમ્બાયેવ કઝાકિસ્તાનના એક સમૃદ્ધ પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તેઓ દેશના પૂર્વ રાષ્ટ્રપતિ નુરસુલતાન નઝરબાયેવના નજીકના માનવામાં આવે છે. 2017માં પણ બિશિમ્બાયેવને લાંચ લેવા બદલ 10 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જોકે 3 વર્ષ બાદ તે પેરોલ પર બહાર આવ્યા હતા.



### કોર્ટે બિશિમ્બાયવને ત્રાસ, હિંસા અને હત્યાના ગુનામાં 20 વર્ષની જેલની સજા

આ કેસની સુનાવણી તાજેતરમાં કઝાકિસ્તાનની કોર્ટમાં થઈ હતી. આ દરમિયાન રેસ્ટોરન્ટના 8 કલાકના સીસીટીવી ફૂટેજ બતાવવામાં આવ્યા હતા. વીડિયોમાં 44 વર્ષીય બિશિમ્બાયવ તેમની પત્ની સાથે રેસ્ટોરન્ટમાં પ્રવેશતા જોવા મળે છે. આ પછી તે તેને મુક્કો મારે છે. આ તસવીર 31 વર્ષની સુલતાનત નુકેનોવાની છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર મહિલાનું મોત આઘાતના કારણે થયું હતું. પત્નીની હત્યા બાદ જ્યોતિષને ફોન કર્યો તે તેમની પત્નીને તેના વાળથી ખેંચે છે અને તેને બીજા રૂમમાં લઈ જાય છે, જ્યાં કેમેરા લગાવવામાં આવ્યો ન હતો. આ પછી બિશિમ્બાયેવ તેમની પત્નીને લાત મારવાનું શરૂ કરે છે.

# અમેરિકામાં પિતા પર દીકરાની હત્યાનો આરોપ



અમેરિકા તા 04

:6 વર્ષના દીકરાને ટ્રેડ મિલ પર ખભો પકડી દોડાવ્યો, પોસ્ટમોર્ટમમાં આંતરિક ઈજા વિશે જાણ થઈ મેરિકામાં એક પિતા પર તેના 6 વર્ષના પુત્રની હત્યા કરવાનો આરોપ લાગ્યો છે. આરોપ છે કે તેણે પોતાના પુત્રને ટ્રેડ મિલમાં દોડવા માટે દબાણ કર્યું. પિતા બાળકને કહેતા - તું બહુ જાડો થઈ ગયો છે. બીજા દિવસે જ્યારે બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડી, ત્યારે તે પુત્રને હોસ્પિટલ લઈ ગયો, જ્યાં પુત્રનું મોત થયું. પોસ્ટમોર્ટમમાં બાળકને આંતરિક ઈજાઓ હોવાનું બહાર આવ્યું હતું. ટ્રેડ મિલમાં દોડતી વખતે બાળક ઘણી વખત પડી ગયો હતો. ઘટનાનો સીસીટીવી વીડિયો સામે આવ્યો છે. વીડિયો જોઈને બાળકની માતા રડી પડી હતી. આરોપી પિતા ક્રિસ્ટોફર જ્યોર્જ સામે કેસ ચલાવવામાં આવશે. જેમાં માતા કોર્ટમાં સાક્ષી તરીકે હાજર થશે. ક્રિસ્ટોફરને આજીવન જેલનો સામનો કરવો પડી શકે છે.

# રશિયન ગ્રાન્ડમાસ્ટર ગેરી કાસ્પારોવે રાહુલને આપી સલાહ

રાહુલ ગાંધીએ અમેઠીને બદલે રાયબરેલીથી ઉમેદવારી નોંધાવતા રાજકીય ચર્ચાઓ શરુ થઇ ગઇ છે. રાહુલ ગાંધીને આશા છે કે તેમનું આ પગલું ચારેય વિરોધીઓને હરાવી દેશે. જો કે રાહુલ ગાંધીના નામાંકન બાદ રિયલ લાઈફમાં ચેસ ચેમ્પિયન રહી ચૂકેલા ગેરી કાસ્પારોવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નામ લીધા વગર તેમને સલાહ આપી હતી. રશિયન ગ્રાન્ડમાસ્ટર ગેરી કાસ્પારોવ ભૂતપૂર્વ વર્લ્ડ ચેસ ચેમ્પિયન, લેખક અને રાજકીય કાર્યકર્તા છે. તેઓ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના મુખ્ય ટીકાકારોમાંના એક છે. તેણે એક સમયે પુતિનને વિશ્વનો સૌથી ખતરનાક માણસ ગણાવ્યો હતો. ગેરી કાસ્પારોવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ કરી હતી, જેમાં તેણે લખ્યું હતું કે ટોચના પદ માટે પડકાર આપતા પહેલા, તમારે પહેલા તમારી પરંપરાગત બેઠક રાયબરેલીથી જીતવુ જોઈએ. ગેરીની આ પોસ્ટને કટાક્ષ તરીકે પણ જોવામાં આવી રહી છે, કારણ કે એક વીડિયો વાયરલ પૂછવામાં આવ્યું હતું કે ભારતીય રાજકારણીઓમાં ચેસનો શ્રેષ્ઠ ખેલાડી કોણ છે, જેના પર તેમણે કહ્યું કે, 'હું'. તમને જણાવી દઈએ કે રાહુલ ગાંધીએ શુક્રવારે બપોરે રાયબરેલી લોકસભા સીટ માટે અંતિમ દિવસે નામાંકન સમાપ્ત થવાના માત્ર એક કલાક પહેલા ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે તેમણે લગભગ 2 વાગ્યે ઉમેદવારી નોંધાવી, ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા પણ તેમની સાથે હાજર હતા.

# ચીને લોન્ચ કર્યું મૂન મિશન:તેના પર પાકિસ્તાનનો સેટેલાઇટ

ચીન તા 04

ચીનના ચેંગ ઈ-6 મિશનમાં પાકિસ્તાનનો આઈક્યુબ-Q સેટેલાઇટ લગાવેલ છે.તેને વેનચાંગ સ્પેસ સાઈટ પરથી લોંગ માર્ચ 5 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. ભારતના ચંદ્રયાન-3 મિશન બાદ હવે ચીને પણ તેનું મૂન મિશન લોન્ચ કર્યું છે. આ મિશનનું નામ ચેંગ'ઈ-6 મિશન છે અને તેમાં પાકિસ્તાનનો આઈક્યુબ-Q સેટેલાઈટ લગાવેલ છે. આ સેટેલાઈટમાં 2 કેમેરા છે, જે ચંદ્રની સપાટીની તસવીરો લેશે. ચંદ્ર મિશનને હેનાન ટાપુ પર વેનચાંગ સ્પેસ સાઈટ પરથી લોંગ માર્ચ 5 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. ગ્લોબલ ટાઈમ્સના જણાવ્યા અનુસાર, તેનું લક્ષ્ય ચંદ્રનો દૂરનો ભાગ (જ્યાં અંધારું હોય છે) પર જઈને સેમ્પલ એકત્રિત કરીને પૃથ્વી પર મોકલવાનું છે. આ ચાઈનીઝ પ્રોબ 53 દિવસ સુધી ચંદ્ર પર રહેશે એટલે કે 25 જૂને પૃથ્વી પર પરત ફરશે. આ પ્રોબ શરૂઆતના થોડા દિવસો પૃથ્વીની ભ્રમણકક્ષામાં વિતાવશે અને બાદમાં ચંદ્ર તરફ જશે. ચીને વર્ષ 2030 સુધીમાં ચંદ્ર પર માણસો મોકલવાનું લક્ષ્ય રાખ્યું છે. આ મિશન પણ આ જ લક્ષ્યનો એક ભાગ છે. ચીનનું ચંદ્ર મિશન ચેંગ ઈ-6 આગામી 53 દિવસમાં ચંદ્ર પરથી સેમ્પલ લઈને પરત ફરશે. ચંદ્રના અંધકારભર્યા ભાગમાંથી સેમ્પલ લાવનાર ચીન પહેલો દેશ હશે અત્યાર સુધી ચંદ્ર પર ગયેલા તમામ 10 લુનર મિશન નજીકના ભાગ (જે આપણને જોઈ શકાય છે)માં જ પહોંચ્યા છે .

# નિજ્જરની હત્યામાં લોરેન્સનો હાથ!:કેનેડામાં 3 ભારતીયોની ધરપકડ

કેનેડા તા 04

કેનેડિયન પોલીસે દાવો કર્યો છે કે તેણે શુક્રવારે (3 મે) ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં 3 આરોપીની ધરપકડ કરી છે. કેનેડિયન ન્યૂઝ એજન્સી CBCના રિપોર્ટ અનુસાર એડમન્ટન શહેરમાંથી ધરપકડ કરાયેલા ત્રણેય આરોપી ભારતીય છે. પોલીસ ઘણા મહિનાઓથી તેમના પર નજર રાખી રહી હતી. પોલીસનું માનવું છે કે ભારતે તેમને નિજ્જરની હત્યા કરવાનું કામ સોંપ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓનાં નામ કરણ બ્રાર, કરણપ્રીત સિંહ અને કમલપ્રીત સિંહ છે. ત્રણેયની ઉંમર 20-30 વર્ષની વચ્ચે છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, ત્રણેય આરોપી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ગેંગ સાથે પણ સંપર્ક ધરાવે છે. આ તમામ 2021માં ટેમ્પરરી વિઝા પર કેનેડા ગયા હતા. તેમની સામે ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે કહ્યું હતું કે બાકીના આરોપીઓની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. આરોપીની ધરપકડ બાદ કેનેડાના પબ્લિક સેફ્ટી મિનિસ્ટર ડોમિનિક લેબલાંકને નિજ્જર હત્યા કેસમાં સવાલો પૂછવામાં આવ્યા હતા. તેમણે આમાં ભારતની સંડોવણીની શક્યતાને નકારી નથી.

લેબલાંકે કહ્યું- મને કેનેડાની સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ પર પૂરો વિશ્વાસ છે. પોલીસે નિજ્જર હત્યા કેસને ખૂબ જ ગંભીરતાથી લીધો છે. તે ભારત સાથે જોડાયેલો છે કે નહીં એનો જવાબ પોલીસ વધુ સારી રીતે આપી શકશે. પીએમ ટ્રુડોએ ભારત પર નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો હતો

18 જૂન, 2023ની સાંજે સરે શહેરમાં ગુરુદ્વારામાંથી બહાર નીકળતી વખતે નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગયા વર્ષે 18 સપ્ટેમ્બરે વડાપ્રધાન ટ્રુડોએ ભારત સરકાર પર નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો, જેને ભારતે ફગાવી દીધા હતા.કેનેડાના આરોપો બાદ ભારતે ત્યાંના લોકો માટે વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી હતી. 41 કેનેડિયન ડિપ્લોમેટ્સને પણ હાંકી કાઢ્યા હતા. જોકે બાદમાં રાજદ્વારી સ્તરે વાટાઘાટો થઈ હતી.

### દુબઈથી 25 કિલો સોનું લઈને મુંબઈ આવી, કપડામાં સોનું સંતાડ્યું હતું

# ભારતમાં સોનાની દાણચોરી કરતા અફઘાનિસ્તાની ડિપ્લોમેટ ઝડપાઈ

કાબુલ તા 04

ભારતમાં હાજર અફઘાનિસ્તાની ડિપ્લોમેટ્સ મુંબઈ એરપોર્ટ પરથી 25 કિલો સોનાની દાણચોરી કરતા ઝડપાઈ છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ પોતાના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. રિપોર્ટ અનુસાર અફઘાનિસ્તાનના કોન્સ્યુલ જનરલ ઝાકિયા વર્દાક દુબઈથી ભારતમાં 18.6 કરોડ રૂપિયાના સોનાની દાણચોરી કરવાની ફિરાકમાં હતી.તેણે પોતાના કપડામાં સોનાની લગડીઓ છુપાવી હતી. અફઘાનિસ્તાની ડિપ્લોમેટ્સને 25 એપ્રિલે એરપોર્ટ પરથી ઝડપી લેવામાં આવી હતી. જો કે હવે તેની માહિતી સામે આવી છે. વર્દાક સામે કેસ નોંધવામાં આવ્યો છે અને સોનું જપ્ત કરવામાં આવ્યું છે.ડિપ્લોમેટિકના કારણે ધરપકડ થઈ નથી રિપોર્ટ અનુસાર, કસ્ટમ્સ એક્ટ 1962 હેઠળ, જો કોઈ વ્યક્તિ પાસેથી જપ્ત




કરાયેલા સોનાની કિંમત 1 કરોડ રૂપિયાથી વધુ હોય, તો તેની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે છે અને ફોજદારી કેસ નોંધવામાં આવે છે. જો કે, વર્દાક પાસે અફઘાનિસ્તાન દ્વારા જારી કરાયેલ ડિપ્લોમેટિક પાસપોર્ટ છે. ડિપ્લોમેટિકને કારણે હાલ તેની ધરપકડ કરવામાં આવી નથી.ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા વર્દાકે કહ્યું, 'આ આરોપો સાંભળીને હું ચોંકી ગઈ છું.

હું અફઘાનિસ્તાનની કોન્સ્યુલેટ ઓફિસમાં કામ કરું છું. હાલમાં, હું મેડિકલ જરૂરિયાતોને કારણે મુંબઈમાં નથી.' રિપોર્ટ અનુસાર, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ને તેના સૂત્રો દ્વારા આ મામલાની માહિતી મળી હતી. તેમને પકડવા માટે ડઝનબંધ પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા હતા.

25મી એપ્રિલે DRIએ એરપોર્ટના ગેટ પરથી પકડી 58 વર્ષીય ઝાકિયા 25 એપ્રિલે સાંજે ફ્લાઈટમાં પુત્ર સાથે મુંબઈ પરત ફરી હતી. બંનેએ એરપોર્ટની બહાર નીકળવા માટે ગ્રીન ચેનલનો ઉપયોગ કર્યો હતો. આનો અર્થ એ થયો કે તેમની પાસે એવો કોઈ માલ નથી કે જેને કસ્ટમ વિભાગ દ્વારા તપાસવાની જરૂર હોય. DRIના અધિકારીઓએ તેમને એક્ઝિટ ગેટ પર રોક્યા હતા.ઝાકિયા અને તેના પુત્ર પાસે 5 ટ્રોલી બેગ, એક હેન્ડ બેગ, સ્લિંગ બેગ હતી. ડિપ્લોમેટ હોવાને કારણે તેના સામાન પર કોઈ ટેગ કે નિશાન નહોતું. ડીઆરઆઈના અધિકારીઓએ તેમને બેગમાં સોનું હોવા અંગે પ્રશ્નો પૂછ્યા હતા. પરંતુ, બંનેએ આ દાવાઓને નકારી કાઢ્યા હતા. આ પછી તેની બેગની તપાસ કરવામાં આવી તો તેમાં સોનું મળ્યું ન હતું.

# વિદેશથી ફરી દુઃખદ સમાચાર, કેનેડામાં ચોરને લીધે અનેક વાહનો વચ્ચે અકસ્માત

કેનેડા તા 04

કેનેડામાં ઓંટારિયો પોલીસની એક કાર દારૂની એક દુકાનમાંથી ચોરી કરનાર ચોરને પકડવા માટે રોંગ સાઈડ પર આવી જતાં અનેક કારો ટકરાઈ હતી જેમાં કેનેડા ફરવા ગયેલા ભારતીય દંપતિ અને તેમના ત્રણ મહિનાના પૌત્ર સહિત ચાર લોકોનાં મોત થયા હતાં. ટોરેન્ટોથી 50 કિમી પૂર્વમાં વ્હાઈટબાયમાં હાઈવે નં. 401 પર થયેલા અકસ્માતમાં અનેક વાહનો ક્ષતિગ્રસ્ત થવાની સાથે ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતાં તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

ઓન્ટારિયોના સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન યુનિટ (એસઆઈયુ)એ જણાવ્યું હતું કે ક અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં 60 વર્ષીય પુરુષ, 55 વર્ષીય મહિલા પણ સામેલ છે જે ભારતથી આવ્યા હતાં.મૃતકોની ઓળખ મણિવન્નન અને તેમની પત્ની મહાલક્ષ્મી અને તેમના પ્રપૌત્ર તરીકે થઇ હતી. ટોરેન્ટોમાં આવેલા કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયાએ આ માહિતી આપી પણ આ અકસ્માતમાં મોત થયું છે. આ અકસ્માત પછી કલાકો સુધી હાઈવે નં. 401 બંધ રહ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે બાળકના 33 વર્ષીય પિતા અને 27 વર્ષીય માતાની કારને પણ આ અકસ્માત નડ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત, ઈન્દોર બાદ પુરીથી કોંગ્રેસને ઝટકો, ઉમેદવારે ચૂંટણી લડવા ઈનકાર કર્યો, આપ્યું આ કારણ

સુરત, ઈન્દોર બાદ કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસ (Congress)ના ઉમેદવાર સુચારિતા મોહંતી (Sucharita Mohanty)એ ઓડિશાના પુરીમાં ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે. મોહંતીએ આરોપ લગાવ્યો છે કે પાર્ટી કોઈપણ પ્રકારની આર્થિક મદદ કરી



રહી નથી. સુચારિતા મોહંતીએ કહ્યું કે પાર્ટી ફંડિંગ વિના ચૂંટણી પ્રચાર કરવો મારા માટે શક્ય નથી, તેથી મેં ચૂંટણી લડવાની ના પાડી છે. હું ટિકિટ પરત કરું છું. ઉલ્લેખનીય છે કે સંબિત પાત્રા અહીંથી ભાજપના ઉમેદવાર છે.કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલને લખેલા પત્રમાં સુચારિતાએ કહ્યું કે, પુરી સંસદીય ક્ષેત્રમાં આપણું અભિયાન ખરાબ રીતે પ્રભાવિત થયું છે કારણ કે પાર્ટીએ મને ફંડ આપવાનો ઈનકાર કર્યો છે. જ્યારે મેં આ વિશે ઓડિશા (Odisha) કોંગ્રેસના પ્રભારી ડૉ. અજોય કુમારને કહ્યું તો તેમણે કહ્યું કે તમે જાતે જ વ્યવસ્થા કરો.

### દેશભરમાં ભીષણ ગરમીનો પ્રકોપ, લૂના કારણે સાત રાજ્યોમાં સ્કૂલો કરાઈ બંધ

(એજન્સી) નવી દિલ્હી | તા 04

દેશભરના ઘણા વિસ્તારોમાં ભીષણ ગરમીની સ્થિતિ યથાવત છે. ઘણા રાજ્યોમાં તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ભીષણ ગરમીના પ્રકોપના કારણે ઘણી રાજ્ય સરકારો પણ વિવિધ પગલાઓ ઉઠાવી રહી છે. આ ઉપરાંત સાત રાજ્યોમાં સ્થિતિ એવી વણસી છે કે, રાજ્ય સરકારોએ અસહ્ય ગરમીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સુરક્ષાને ધ્યાને રાખી તુરંત સ્કૂલો બંધ કરવાનો અને સમયમાં ફેરફાર કરવાનો આદેશ આપી દીધો છે. પટણા જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ બાદ પટણાની પ્રી-સ્કૂલ, આંગણવાડી કેન્દ્રો અને સ્કૂલોમાં 10.30 કલાકથી સાંજે ચાર કલાક સુધી સ્કૂલો બંધ રાખવા આદેશ અપાયો છે. આ આદેશ પહેલી મેથી આઠ મે સુધી લાગુ રહેશે. જ્યારે છત્તીસગઢમાં 22 એપ્રિલથી 15 જૂન સુધી ઉનાળાની રજાઓઓ જાહેર કરાઈ છે. આ ઉપરાંત ઝારખંડ રાજ્યના સ્કૂલ શિક્ષણ વિભાગ અને સાક્ષરતા વિભાગે ધોરણ-8 સુધીના તમામ સ્કુલો બંધ રાખવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ધોરણ-9થી 12ના વિદ્યાર્થીઓ માટે સવારે 7.00થી 11.30 કલાક સુધી શૈક્ષણિક આયોજન કરવા આદેશ આપ્યો છે. આ ઉપરાંત રમત-ગમત અને બહારની પ્રવૃત્તિઓ પણ હાલપુરતી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.મહારાષ્ટ્રની સ્કૂલોમાં 15 જૂન સુધી રજાઓ, મેઘાલયમાં સ્કૂલનો સમય બદલાયોમહારાષ્ટ્ર સરકારે તમામ શાળાઓ માટે પ્રારંભિક ઉનાળાના વેકેશનની જાહેરાત અગાઉથી જ કરી છે. કાળઝાળ ગરમી દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને 22 એપ્રિલથી 15 જૂન સુધી રજાઓ રાખવા જાહેરાત કરાઈ છે. સામાન્ય રીતે મહારાષ્ટ્રમાં પહેલી મેથી ઉનાળાનું વેકેશન શરૂ થાય છે.

### અમિત શાહના ડીપફેક વીડિયો મામલે કોંગ્રેસ નેતા અરૂણ રેડ્ડીની ધરપકડ, નકલી વીડિયો બનાવવાનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ગૃહમંત્રી અમિત શાહના ડીપફેક વીડિયો મામલે દિલ્હી પોલીસે કોંગ્રેસ નેતા અરૂણ રેડ્ડીની ધરપકડ કરી છે. અરૂણ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના સોશિયલ મીડિયા સેના નેશનલ કોર્ડિનેટર છે અને તેમના ચેરપર્સન સુપ્રિયા શ્રીનેત છે. પોલીસના સૂત્રોના અનુસાર, અરૂણ રેડ્ડીનો રોલ વીડિયો બનાવવા અને તેને વાયરલ કરવાનો છે. જણાવાય રહ્યું છે કે, રેડ્ડીએ મોબાઈલથી પૂરાવાનો નાશ કરવાનો પ્રયાસ પણ કર્યો. પોલીસે તેમનો ફોન જપ્ત કરીને ફોરેન્સિક તપાસમાં મોકલી દીધો છે.અરૂણ રેડ્ડીની ધરપકડ દિલ્હીથી કરવામાં આવી છે. શનિવારે તેમને કોર્ટમાં રજૂ કરાશે. દિલ્હી પોલીસ કોર્ટમાં જ અમિત શાહના એડિટેડ વીડિયો મામલે અરૂણ રેડ્ડીના રોલને લઈને ખુલાસો કરશે. સાથે જ તેમની કસ્ટડીની પણ માંગ કરશે.હૈદરાબાદ પોલીસે શુક્રવારે તેલંગાણા કોંગ્રેસ પાર્ટીના પાંચ સોશિયલ મીડિયા કાર્યકર્તાઓની ધરપકડ કરી હતી. ત્યારબાદ તમામને 10-10 હજાર રૂપિયાના દંડની સાથે એક સ્થાનિક કોર્ટે જામીન આપ્યા હતા. સાથે જ આગામી આદેશ સુધી તપાસ અધિકારીની સામે રજૂ થવાના આદેશ પણ આપ્યા હતા.

### પદ્મશ્રી દર્શનમ મોગિલૈયા મજૂરી કરતા જોવા મળ્યા : આર્થિક સ્થિતિ લથડી; મહિને દવાનો ખર્ચ 7 હજાર

(એજન્સી) નવી દિલ્હી | તા 04

દુર્લભ સંગીતના સાધન 'કિન્નરા'ના શોધક પદ્મશ્રી દર્શનમ મોગીલૈયા આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં તે હૈદરાબાદમાં એક કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂર તરીકે કામ કરતા જોવા મળ્યા હતા. 73 વર્ષીય દર્શનમને વર્ષ 2022માં તત્કાલિન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.


દર્શનમે કહ્યું કે સરકાર તરફથી દર મહિને મળતા રૂપિયા 10,000 બંધ થઈ ગયા છે. તેમની અને તેમના પુત્રની દવાઓનો ખર્ચ મહિને 7,000 છે. પરિવારની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમણે કિન્નરા વગાડવાનું છોડી દીધું છે.

TOIના અહેવાલ મુજબ, કર્ણાટક સરકારે તેમને સન્માન તરીકે 1 કરોડ રૂપિયા પણ આપ્યા હતા, જે તેમના બાળકોના લગ્ન અને અન્ય જરૂરિયાતો પર ખર્ચવામાં આવ્યા હતા. થોડા દિવસો પહેલા તેમણે હૈદરાબાદની બહાર એક પ્લોટ ખરીદ્યો હતો. તેના પર ઘરનું બાંધકામ પણ શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ પૈસાના અભાવે આ કામ અટકી ગયું હતું. 9 બાળકોના પિતા દર્શનમની પત્નીનું 4 વર્ષ પહેલા અવસાન થયું હતું. દર્શનમે કહ્યું- તેમણે કામ માટે ઘણા લોકોનો સંપર્ક કર્યો. આના પર કેટલાક લોકોએ તેમના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી.

# ગોવા ટુરીઝમ ગ્રેટ ઈન્ડિયન ટ્રાવેલ બજાર (GITB)ની 13મી આવૃત્તિમાં ભાગ લેશે

(એજન્સી) ગોવા | તા. 04

ગોવા સરકારના પ્રવાસન વિભાગને 5મી મેથી 7મી મે 2024 દરમિયાન રાજસ્થાનના જયપુર, જેઈસીસી ખાતે આયોજિત થનારી પ્રતિષ્ઠિત ગ્રેટ ઈન્ડિયન ટ્રાવેલ બઝાર (GITB)ની 13મી આવૃત્તિમાં તેની સહભાગિતાની જાહેરાત કરતાં આનંદ થાય છે..ગોવા તેના અનન્ય પ્રવાસન તકોને દર્શાવવા અને વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષવા માટે આ પ્લેટફોર્મનો લાભ લેશે. જળ રમતો, ઐતિહાસિક સ્થળો અને તહેવારો સહિત વિવિધ પ્રકારના અનુભવો સાથે, તે દરેક પ્રવાસી માટે અવિસ્મરણીય અનુભવનું વચન આપે છે. GITB ખાતેનો ગોવા પ્રવાસન કોરિડોર પુનઃજીવિત પ્રવાસન અભિગમ હેઠળ ટકાઉ પહેલોને સરળ બનાવશે, જેમાં અંતરિયાળ વિસ્તારોની શોધખોળ, કુદરતી અને સાંસ્કૃતિક અસ્કયામતોની પુનઃસ્થાપના અને પુનર્જીવિત અને આધ્યાત્મિક પ્રવાસન તરફની મુસાફરી જેવા સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. મુલાકાતીઓને અગિયારમી યાત્રાધામ સર્કિટનું અન્વેષણ કરવાની તક મળશે, જેમાં 11 મંદિરોનો સમાવેશ થાય છે અને 21 નવેમ્બર, 2024 થી જાન્યુઆરી 5, 2025 દરમિયાન યોજાનાર બોમ જીસસના બેસિલિકામાં સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરનું પ્રદર્શન જોવાની તક મળશે. ગોવા દાલાનમાં, મુલાકાતીઓ પર્યટન અને ટકાઉપણું વચ્ચેના સહજીવન સંબંધને પ્રકાશિત કરતા ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો, આકર્ષક ચર્ચાઓ અને નિમજ્જન અનુભવોના ગતિશીલ મિશ્રણમાં ડૂબી જાય છે. ગોવા ટુરિઝમના પ્રદર્શનના કેન્દ્રમાં પુનર્જીવિત પ્રવાસનનો ગ્રાઉન્ડબ્રેકિંગ ખ્યાલ છે - એક અભિગમ જે સ્થાનિક સમુદાયોની સુખાકારીને પ્રોત્સાહન આપતી વખતે કુદરતી અને સાંસ્કૃતિક સંપત્તિઓને સક્રિય રીતે પુનર્જીવિત કરવા અને ફરી ભરવા માટે માત્ર સંરક્ષણથી આગળ વધે છે. પર્યટન મંત્રાલય, રાજસ્થાન પર્યટન અને FICCIના સહયોગી પ્રયાસ, 5 મે, 2024 ના રોજ 'ધ વેડ ઈન ઈન્ડિયા એક્સ્પો' તરીકે જયપુરમાં ગ્લોબલ ટૂરિઝમ ઈનોવેશન સમિટ (GITB) 2024 વચ્ચે ગોવા ચમકવા માટે તૈયાર છે. આ પહેલનો હેતુ ભારતને શ્રેષ્ઠ લગ્ન સ્થળ તરીકે સ્થાપિત કરવાનો છે. 6 થી 7 મે દરમિયાન પ્રતિષ્ઠિત ગ્રેટ ઈન્ડિયન ટ્રાવેલ બઝાર સાથે, આ એક્સ્પો ભારતના અસંખ્ય લગ્ન સ્થળો અને અનુભવોને રજૂ કરશે. રાજ્ય પ્રવાસન સંસ્થાઓ, અનુભવી લગ્ન આયોજકો, પ્રતિષ્ઠિત હોટેલીયર્સ, ડાયનેમિક ટૂર ઓપરેટર્સ અને પારંગત ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ સહિત લગભગ 250 સહભાગીઓના પ્રભાવશાળી મેળાવડા સાથે, આ એક્સ્પો માહિતીપ્રદ સત્રો અને આકર્ષક રાઉન્ડ ટેબલ ચર્ચાઓનું આયોજન કરશે. આ કેલિડોસ્કોપિક ઈવેન્ટ વિકાસલક્ષી નીતિઓને સાકાર કરવા માટે સંવાદને પોષતી વખતે ભારતના લગ્ન પ્રવાસન ક્ષેત્રની સમૃદ્ધિને પ્રકાશિત કરવાનું વચન આપે છે. આ દૃશ્યમાં, ગોવા એક અગ્રણી વેડિંગ ડેસ્ટિનેશન તરીકે ઉભરી આવે છે, જે ધ વેડ ઈન ઈન્ડિયા એક્સપોમાં ઓફરિંગમાં ચમકવા માટે તૈયાર છે. આ અનોખું પ્લેટફોર્મ તેના વશીકરણ, તેની નયનરમ્યતા અને



તેની ઉષ્માભરી આતિથ્ય સાથે ગોવાના હૃદયને મોહિત કરવાની અનન્ય તક રજૂ કરે છે. ગોવાના દાલાનની હાજરી તેના વધતા લગ્ન અને MICE (મીટિંગ્સ, પ્રોત્સાહનો, પરિષદો અને પ્રદર્શનો) પર્યટન ક્ષેત્રોને વધુ પ્રોત્સાહન આપે છે. વૈશ્વિક સ્તરે લગ્નના ટોચના સ્થળોમાંના એક તરીકે નિશ્ચિતપણે સ્થાપિત થયેલું, ગોવા તેના લેન્ડસ્કેપ્સ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા વચ્ચે શપથની આપ-લે કરવા માટે વિશ્વભરના યુગલોને આકર્ષે છે. અમારી કેન્દ્રિત ભાગીદારી માત્ર અવિસ્મરણીય અનુભવો જ નહીં પરંતુ સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા અને નાના વ્યવસાયોને ટેકો આપવાની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ સાથે, અમે ગોવામાં MICE (મીટિંગ્સ, ઈન્સેન્ટિવ્સ, કોન્ફરન્સ અને એક્ઝિબિશન્સ) પર્યટનના વિકાસને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છીએ. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કાલાતીત આકર્ષણના મિશ્રણ સાથે, ગોવા કોર્પોરેટ ઈવેન્ટ્સ, કોન્ફરન્સ અને પ્રદર્શનોનું આયોજન કરવા માટે એક આદર્શ સ્થાન રજૂ કરે છે. વ્યૂહાત્મક પહેલ અને ભાગીદારી દ્વારા, અમે MICE (મીટિંગ્સ, ઈન્સેન્ટિવ્સ, કોન્ફરન્સ અને એક્ઝિબિશન્સ) ને વધારવાનું લક્ષ્ય રાખીએ છીએ જ્યારે વ્યવસાયિક પ્રવાસીઓ અને ઈવેન્ટ આયોજકોની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સીમલેસ લોજિસ્ટિક્સ, વિશ્વ-વર્ગની સુવિધાઓ અને અપ્રતિમ આતિથ્યની ખાતરી કરીએ છીએ. 'GITB 2024 માં ગોવા ટુરિઝમની સહભાગિતા માત્ર આપણા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ખજાનાને દર્શાવવા માટે નથી પરંતુ તે પર્યાવરણ અને સ્થાનિક સમુદાયો બંનેને ફાયદાકારક ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે પણ છે,' ગોવા ટુરીઝમના ડિરેક્ટર અને GTDC ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુનીલ અચીપાકાએ જણાવ્યું હતું. IAS, જણાવ્યું હતું. 'અમારી ભાગીદારી દ્વારા, અમારો ઉદ્દેશ્ય પ્રવાસીઓને સભાન પસંદગીઓ કરવા માટે પ્રેરિત કરવાનો છે જે જવાબદાર પ્રવાસનને સમર્થન આપે અને આપણા ગ્રહની લાંબા ગાળાની સુખાકારીમાં યોગદાન આપે.' શ્રી સંજીવ આહુજા, IAS, સેક્રેટરી ટુરીઝમ, ગોવા સરકારએ જણાવ્યું હતું કે, "GITB ગોવાને ઉદ્યોગના હિતધારકો સાથે જોડાવા, ભાગીદારી બનાવવા અને અમારા ગંતવ્ય સ્થાનની પ્રોફાઈલ વધારવા માટે એક અનન્ય પ્લેટફોર્મ પૂરું પાડે છે.

# 'ધીરજ, એકબીજા પ્રત્યે માન સારા લગ્ન જીવનનો પાયો..' દહેજ ઉત્પીડન મામલે સુપ્રીમ કોર્ટની અગત્યની ટિપ્પણી

■ સામાન્ય વાતનો પહાડ બનાવીને પહેલો વિચાર પોલીસનો કરે છે, જાણે પોલીસ જ તમામ વિવાદનો ઉકેલ હોય

■ પતિ-પત્નીના વિવાદનો મામલો પોલીસ પાસે પહોંચે પછી સંબંધમાં સુધારાની જે શક્યતાઓ બચી હોય તે પણ નાશ પામે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 04

એક મહિલાએ પોતાના પતિ સામે કરેલા દહેજ ઉત્પીડનના કેસનો નિકાલ કરતી વેળાએ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ધીરજ, એકબીજા પ્રત્યે આદર કે માન સન્માન અને સમાયોજન એ સારા લગ્ન જીવનનો પાયો છે. ક્યારેક મહિલાના માતા પિતા કે સગા સંબંધીઓ એક સામાન્ય વાતનો પહાડ બનાવી દેતા હોય છે. જેને પગલે સંબંધનો સુધારવાના પ્રયાસ કરવાના બદલે તેમાં વધુ મુશ્કેલીઓ પેદા થતી હોય છે.



ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચે કહ્યું હતું કે સૌથી પહેલા મહિલા અને તેના પરિવારના મગજમાં આવે છે પોલીસ, જાણે પોલીસ દરેક સમસ્યાનું સમાધાન હોય તેમ પહેલા તેને જ યાદ કરતા હોય છે. પોલીસ પાસે મામલો પહોંચ્યા બાદ સંબંધોમાં સુધારાની જે શક્યતાઓ બચી હોય તે પણ પુરી થઈ જાય છે. કોઈ પણ સારા લગ્ન જીવન માટે જરૂરી છે ધીરજ, એકબીજાનું માન સન્માન જાળવવું. લગ્ન સંબંધોના વિવાદોમાં સૌથી વધુ અસર બાળકો પર થાય છે. પતિ અને પત્ની જ્યારે ઝઘડા કરીને છૂટા પડવાનું વિચારે છે ત્યારે એ કેમ નથી વિચારતા કે તેમના બાળકોનું શું થશે? છૂટાછેડાની પણ બાળકો પર અસર થતી હોય છે.

પંજાબમાં એક પત્નીએ પોતાના પતિ સામે દહેજ ઉત્પીડનની ફરિયાદ કરી હતી, જેની સામે પતિ દ્વારા પંજાબ-હરિયાણા હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી અને ફરિયાદ રદ કરવાની માગણી કરવામાં આવી હતી. જોકે હાઈકોર્ટે આ માગણીને ફગાવી દેતા બાદમાં પતિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પતિની દલીલોને માન્ય રાખી હતી અને દહેજ ઉત્પીડનની ફરિયાદ રદ કરી હતી. ફરિયાદમાં મહિલાએ દાવો કર્યો હતો કે લગ્ન થયાના થોડા જ સમય બાદ પતિ અને તેના માતા પિતા દ્વારા મારા પર એવા આરોપો લગાવવામાં આવ્યા કે હું પત્ની તરીકે નિષ્ફળ છું, બાદમાં મારી પાસે દહેજની માગણી કરવા લાગ્યા.

લગ્ન સમયે મારા પરિવારે મોટો ખરચો કર્યો હતો. જોકે સુપ્રીમ કોર્ટે મહિલાની ફરિયાદ અને ચાર્જશીટને ધ્યાનમાં રાખીને નોંધ્યું હતું કે ફરિયાદમાં એવી કોઈ જ સ્પષ્ટતા નથી કે ગુનો ક્યારે થયો શું ગુનો કરવામાં આવ્યો તેનો પણ કોઈ ઉલ્લેખ નથી. પોલીસની તપાસ પણ કહે છે કે પતિના પરિવારના લોકો સામેના આરોપો રદ કરવાને લાયક છે.

### આરોપો રાજકીય કાવતરું : રાજ્યપાલનો જવાબ

## પ.બંગાળના રાજ્યપાલ સામે આરોપ, રાજભવનની મહિલા સ્ટાફે શારીરિક શોષણનો કેસ કર્યો

(એજન્સી) કોલકાતા | તા 04

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ સામે રાજભવનની એક મહિલા કર્મચારીએ સતામણીનો આરોપ લગાવ્યો હતો. આ આરોપોથી વિફરેલા રાજ્યપાલે રાજભવનમાં પશ્ચિમ બંગાળ પોલીસ અને નાણા મંત્રીના પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો હતો. પશ્ચિમ બંગાળની પોલીસે મહિલાના આરોપો બાદ સમગ્ર મામલાની તપાસ માટે ટીમનું ગઠન કર્યું હતું, જોકે પોલીસ કોઈ પૂછપરછ કરવા આવે તે પહેલા જ રાજ્યપાલે રાજભવનમાં પોલીસની એન્ટ્રી પર પ્રતિબંધ મુકી દીધો હતો.આ પહેલા રાજ્યપાલના રાજભવનમાં કામ કરતી એક મહિલાએ કોલકાતાની પોલીસને લેખીતમાં ફરિયાદ આપી હતી, જેમાં તેણે આરોપ લગાવ્યો હતો કે રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે મારું શારીરિક શોષણ કર્યું છે, પહેલુ શોષણ ૨૪મી માર્ચ અને બીજુ શોષણ ૨ મેના રોજ થયું હતું. મને રાજ્યપાલે કાયમી સરકારી નોકરીનું કહીને તેમની ચેમ્બરમાં બોલાવી હતી. આ આરોપોને કારણે પશ્ચિમ બંગાળનું રાજકારણ ગરમાયું છે. બીજી તરફ આ આરોપો સામે આવ્યા બાદ રાજ્યપાલ બંગાળ છોડીને પોતાના વતન કેરળ જતા રહ્યા હતા. સાથે જ તેમણે એક નિવેદન પણ જાહેર કર્યું હતું, જેમાં તેમણે દાવો કર્યો હતો કે મારી સામેની આ ફરિયાદ રાજકીય કાવતરું છે. સાથે જ તેમણે રાજભવનમાં કોઈ પણ પ્રકારની તપાસ માટે આવનારી પોલીસના પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો હતો. કોલકાતાના ડેપ્યુ. પોલીસ કમિશનર ઈંદિરા મુખરજીએ કહ્યું હતું કે રાજ્યપાલ સામેની ફરિયાદ અત્યંત ગંભીર છે, ફરિયાદી મહિલાએ ઘટનાઓની તારીખ પણ આપી છે. મહિલા અમારી પાસે ફરિયાદ માટે આવી હતી, ફરિયાદના આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે ફરિયાદ દાખલ કરી છે જોકે તેમાં રાજ્યપાલને આરોપી બનાવવામાં નથી આવ્યા, બંધારણના આર્ટિકલ ૩૬૧ હેઠળ રાજ્યપાલને કાર્યવાહી સામે બંધારણીય સુરક્ષા મળી હોવાથી તેમનું નામ સામેલ નથી કરી શકી.

## '...તો આ કારણે સિદ્ધુ મૂસેવાલાની હત્યા થઈ', પંજાબ સરકારની સુપ્રીમકોર્ટમાં મહત્ત્વપૂર્ણ કબૂલાત

(એજન્સી) નવી દિલ્હી | તા 04

સુપ્રીમ કોર્ટમાં પંજાબ સરકારે સ્વીકાર્યું છે કે પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા સુરક્ષામાં ઘટાડો કરવાને લીધે થઈ હતી. પંજાબ સરકારના વકીલ એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંહ ગેરીએ સુપ્રીમકોર્ટમાં દાખલ સોગંદનામામાં આ વાત સ્વીકારી હતી. ટોચની કોર્ટમાં કબૂલાતનામા બાદ મૂસેવાલાના પિતા બલકૌર સિંહે સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. શિરોમણી અકાલી દળે પણ સિંગરની હત્યા મામલે સરકારને ઘેરી હતી. અહેવાલ અનુસાર મૂસેવાલાના પિતા બલકૌર સિંહે કહ્યું કે સરકારે તેના કબૂલાતનામા બાદ એ લોકો સામે એફઆઈઆર કરવી જોઈએ જેમના કારણે સુરક્ષામાં ઘટાડો કરાયો હતો. આ મામલે સિદ્ધુ મૂસેવાલાના પિતા બલકૌર સિંહે કહ્યું કે જવાબદાર લોકો સામે કાર્યવાહી થવી જોઈએ. સત્ય તો સામે આવી જ જાય છે. આ હત્યામાં આરોપીઓની ભૂમિકાથી વધુ પંજાબ સરકારનો રોલ વધુ જણાય છે. લોરેન્સ બિશ્નોઈએ જેલથી દોઢ વર્ષ પહેલા ઈન્ટરવ્યૂ આપ્યો પણ સરકાર હજુ સુધી આ મામલે કંઈ શોધી શકી નથી. શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા બિક્રમ સિંહ મજિઠિયાએ કહ્યું કે મૂસેવાલાની હત્યા મામલે સરકાર વિરુદ્ધ કેસ નોંધવો જોઈએ. સુરક્ષા કવર પાછો ખેંચ્યાના બે દિવસમાં જ સિંગરની હત્યા કરી દેવામાં આવી હતી. મૂસેવાલાના પરિજનો પણ આ જ વાત કહી રહ્યા હતા. તેમણે કહ્યું કે સરકારે ન ફક્ત સિંગરની સુરક્ષા ઘટાડી પણ બિશ્નોઈને જેલથી ઈન્ટરવ્યૂ આપવાની છૂટ પણ આપી હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં પંજાબમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અત્યંત દયનીય થઈ ચૂકી છે.



## અમેઠીમાં કોંગ્રેસના કે. એલ. શર્મા આપશે સ્મૃતિ ઈરાનીને ટક્કર, જાણો આ નિર્ણયનું રાજકીય ગણિત

(એજન્સી) નવી દિલ્હી | તા 04

ઉત્તર પ્રદેશની સૌથી મહત્ત્વપૂર્ણ લોકસભા બેઠક અમેઠી અને રાયબરેલીથી કોંગ્રેસે ઉમેદવારો જાહેર કરી દીધા છે. કોંગ્રેસે અમેઠીથી કિશોરી લાલ શર્માને ટિકિટ આપી છે. જ્યારે રાયબરેલીથી રાહુલ ગાંધી ચૂંટણી મેદાન છે. આ બંને બેઠકો ગાંધી પરિવારનો ગઢ માનવામાં આવે છે. સોનિયા ગાંધી સતત ચાર વખત રાયબરેલીથી ચૂંટણી જીતીને લોકસભા પહોંચ્યા હતા. રાહુલ ગાંધી 2004માં પહેલીવાર અમેઠીથી સાંસદ બન્યા હતા. જો કે, હવે કોંગ્રેસે અમેઠી બેઠકથી ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે કે.એલ. શર્માને મેદાને ઉતાર્યા છે. અમેઠી બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર કિશોરી લાલ શર્મા મૂળ પંજાબના લુધિયાણાના છે. કે.એલ. શર્માએ લાંબા સમય સુધી રાયબરેલીમાં સોનિયા ગાંધીના પ્રતિનિધિ તરીકે કામ કર્યું છે. તેઓ રાયબરેલીમાં આખું કામ સંભાળતા હતા. કે.એલ. શર્માને ગાંધી પરિવારના નજીકના માનવામાં આવે છે. કે.એલ. શર્મા બિહારના પ્રભારી અને પંજાબ કોંગ્રેસ સમિતિના સભ્ય પણ છે. તેમને ચૂંટણી સંચાલનનો પણ ઘણો અનુભવ છે.

## 55 હજાર રોકડ, ભાગીદારીમાં જમીન, કાર-ફ્લેટ નથી... રાહુલ ગાંધીની સંપત્તિ અંગે સોંગદનામાથી ખુલાસો

(એજન્સી) નવી દિલ્હી | તા 04

લોકસભા 2024ની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનને હવે ત્રણ દિવસ જેટલો સમય બાકી છે. તે પહેલા રાહુલ ગાંધીએ શુક્રવારે રાયબરેલી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે રાયબરેલીથી રાહુલ ગાંધીને ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા. અહીં રાહુલ ગાંધીએ સોંગદનામાં પોતાની સંપત્તિની સંપૂર્ણ વિગતો આપી હતી. સોંગદનામાં મુજબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને રાયબરેલી બેઠકના ઉમેદવાર રાહુલ ગાંધી પાસે 9.24 કરોડ રૂપિયાની જંગમ અને 11.15 કરોડ રૂપિયાની સ્થાવર મિલકત છે. તેઓ કુલ રૂપિયા 20 કરોડના માલિક છે. આ ઉપરાંત સોંગદનામાં અનુસાર તેમની પાસે કોઈ વાહન કે ફ્લેટ નથી. તેમજ માત્ર રૂપિયા 55 હજાર રોકડા અને રૂપિયા 26.25 લાખ બેન્કમાં જમા છે. આ સિવાય રાહુલ ગાંધીના નામે રૂપિયા 4.33 કરોડના શેર અને રૂપિયા 15.21 લાખના ગોલ્ડ બોન્ડ છે. કોંગ્રેસ નેતા પાસે 4.20 લાખ રૂપિયાની જ્વેલરી અને 3.81 કરોડ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડ છે.આ ઉપરાંત રાહુલ ગાંધીએ સોંગદનામાં આપેલી માહિતી અનુસાર તેમની પાસે દિલ્હીના મહરૌલીમાં ખેતીની જમીન છે. જેમાં બહેન પ્રિયંકા ગાંધી અને રોબર્ટ વાડ્રા પણ તેમાં ભાગીદારી છે. ગુરુગ્રામમાં તેમના નામે એક ઓફિસ પણ છે, જેની કિંમત 9 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. ખેતીની જમીનને વારસાગત મિલકત તરીકે વર્ણવવામાં આવી છે. ગાંધીએ સોગંદનામામાં તેમની સામે પોલીસ દ્વારા નોંધાયેલા કેસનો પણ ઉલ્લેખ કર્યો છે.

## કોંગ્રેસ છોડીને ગયેલા નેતાઓ જ રાહુલ ગાંધી માટે બનશે માથાનો દુઃખાવો?

(એજન્સી) નવી દિલ્હી | તા 04

દેશમાં લોકસભા ચૂંટણીનું બ્યુગલ ફુંકાયું ત્યારથી આખા દેશની નજર ઉત્તર પ્રદેશની હાઈપ્રોફાઈલ બે બેઠકો અમેઠી અને રાયબરેલી પર હતી. કારણ કે, કોંગ્રેસે અંતિમ દિવસ સુધી આ બેઠકો પર ઉમેદવારો જાહેર નહોતા કર્યા. જોકે, હવે આ સસ્પેન્સનો અંત આવી ગયો છે. સોનિયા ગાંધી રાજસ્થાનમાંથી રાજ્યસભામાં પહોંચતા રાયબરેલી પર રાહુલ ગાંધી લડશે કે પ્રિયંકા ગાંધી વાડ્રા ચૂંટણી મેદાનમાં ઉતરશે તેવી અટકળોએ જોર પકડ્યુ હતું. જોકે, બંને બેઠક પર ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે શુક્રવારે રાહુલ ગાંધીએ રાયબરેલી પરથી ઉમેદવારી નોંધાવી છે જ્યારે અમેઠી બેઠક પર કોંગ્રેસે ગાંધી પરિવારના વિશ્વાસુ કિશોરી લાલ શર્માને મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને છેલ્લી ચૂંટણીમાં અમેઠીમાં હરાવ્યા બાદ હવે ભાજપ તેમના નવા મતવિસ્તાર રાયબરેલીમાં તેમને ઘેરવામાં વ્યસ્ત છે. ભાજપે અહીંના સ્થાનિક નેતા અને રાજ્ય સરકારના પૂર્વ મંત્રી દિનેશ પ્રતાપ સિંહને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. અત્યાર સુધી જાતિ સમીકરણો અહીં બહુ અસરકારક નથી રહ્યા. પરંતુ આ વખતે ભાજપ રાહુલ ગાંધીને ઘેરવા માટે તેમના પર વધુ ભાર આપી રહી છે.

કોંગ્રેસને ગઢ ગણાતી રાયબરેલી બેઠક પર પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીના બદલે આ વખતે રાહુલ ગાંધી ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. રાહુલ ગાંધી કેરળની વાયનાડ બેઠક પરથી પણ ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે રાહુલ ગાંધી સામે સ્થાનિક ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહ પર દાવ લગાવ્યો છે. છેલ્લી ચૂંટણીમાં પણ ભાજપે દિનેશ પ્રતાપ સિંહને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. જોકે, તેઓ સોનિયા ગાંધી સામે હારી ગયા હતા. ત્યારબાદ ભાજપે તેમને ઉત્તર પ્રદેશ સરકારમાં મંત્રી બનાવ્યા હતા.

ઉત્તર મધ્ય રેલવે

ટેન્ડર નોટિસ નંબર :- 1720242025/35-37 તારીખ :- 02-05-2024

ઈ-ટેન્ડર સૂચના

ડિવિઝનલ રેલ્વે મેનેજર (એન્જિનિયરિંગ)/ઉત્તર મધ્ય રેલવે/પ્રયાગરાજ ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામો માટે 24-05-2024ના રોજ 13:30 કલાક સુધી નીચેના ઈ-ટેન્ડરને નિયત ફોર્મ પર આમંત્રિત કરે છે. ટેન્ડરોની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ક્રમ નંબર :- 01 | ટેન્ડર નંબર :- 35 | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) :- રૂ:- 88,08,647.50 |
| કાર્યનું નામ :- ADEN/Line/CNB હેઠળના વિભાગમાં સેસમાંથી જંગલની સફાઈ અને નીંદણ અને છોડો દૂર કરવા. | | |
| ક્રમ નંબર :- 02 | ટેન્ડર નંબર :- 36 | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) :- રૂ: 74,67,948.85 |
| કાર્યનું નામ :- ADEN/HQ-II/CNB હેઠળ કાનપુર ખાતે વિવિધ સ્થળોએ કૉલમ અને બીમ વગેરે સહિત RCC ઓવરહેડ ટાંકીનું માળખાકીય સમારકામ | | |
| ક્રમ નંબર :- 03 | ટેન્ડર નંબર :- 37 | કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં) :- રૂ: 11,89,992.21 |
| કાર્યનું નામ :- ADEN L/line/CNB હેઠળ પંકીધામ સ્ટેશન પર BPCL સાઈડિંગની જાળવણી | | |

અર્નેસ્ટ મની (રૂ માં) :- ક્રમ નં 01: રૂ: 1,76,200.00, ક્રમ નં 02: રૂ: 1,49,400.00 ક્રમ નં 03: રૂ: 23,800.00, કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- ક્રમ નં 01: 06 મહિના, ક્રમ નં 02: 06 મહિના, ક્રમ નં 03: 02 મહિના, ટેન્ડર ખુલવાની તારીખ :- બધા ટેન્ડર માટે 24-05-2024, પાત્રતા માપદંડ માટે સમાન કાર્ય:- ક્રમ નં 01: પી વે કાર્ય, ક્રમ નં 02: બાંધકામ/રિપેરીંગ/ ઓવરહેડ આરસીસી ટાંકીનુ સમારકામ ક્રમ નં 03: - શૂન્ય નોંધ :- 1. ટેન્ડર 24-05-2024 ના રોજ 13:30 કલાક સુધી ઓનલાઈન સબમિટ કરી શકાશે . 2. ઉપરોક્ત ઈ-ટેન્ડર વિશેની સંપૂર્ણ માહિતી ટેન્ડર દસ્તાવેજો સાથેની વેબસાઈટ www.ireps.gov.in પર ટેન્ડર ખુલવાની તારીખ 24-05-2024 એ 13:30 સુધી ઉપલબ્ધ રહેશે .

790/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

ઉત્તર મધ્ય રેલવે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :-E.T.D./C.N.B./2024-25/04 તારીખ :- 03-05-2024

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

ભારતના રાષ્ટ્રપતિ વતી, વરિષ્ઠ સામગ્રી મેનેજર, ETD/KANPUR નીચેના ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડરને આમંત્રણ આપે છે.

| ટેન્ડર નંબર | વર્ણન | જથ્થો |
|---|---|---|
| 57241094બી | M/s LANDERT મેક મોટર્સ (DESIDE/ND SIDE) માટે MCP, TM બ્લોઅર બ્લોઅર અને OCB માટે બેરિંગ 6312 ZRC3. નોંધ :- ટેન્ડર ચોક્કસ OEM અધિકૃતતા પ્રમાણપત્ર સાથે નવીનતમ RDSO સપ્લાયર સૂચિમાંથી ખરીદવાની આઈટમ. | 280 નંગ |

ટેન્ડર ખુલવાની તારીખ :- 13-05-2024 ઈએમડી :- શૂન્ય નોંધ :- 1. ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટની સંપૂર્ણ માહિતી વેબસાઈટ http://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 793/24(K)

@CPRONCR @northcentralrailway North central railways www.ncr.indianrailways.gov.in

ઉત્તર મધ્ય રેલવે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :-24/49 તારીખ :- 03-05-2024

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

ભારતના રાષ્ટ્રપતિ વતી, પ્રિન્સિપલ ચીફ મટિરિયલ મેનેજર, નોર્થ સેન્ટ્રલ રેલવે પ્રયાગરાજ (ISO 9001:2015 પ્રમાણિત એકમ) નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | ટેન્ડર નંબર | ટૂંકું વર્ણન | જથ્થો | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 63245012 | RDSO ડ્રોઈંગ નંબર T-3912 માટે ગેલ્વેનાઈઝ્ડ પ્લેટ સ્ક્રૂ. | 180755 નંગ | 30.05.2024 |
| 2 | 63245131 | 60 કિગ્રા રેલ થી RDSO ડ્રોઈંગ નંબર T-3740 માટે કોંક્રિટ સ્લીપર પર ERC MK-3 ફ્લેટ ટો સાથે ઉપયોગ માટે મેટલ લાઈનર | 2589775 નંગ | 03.06.2024 |
| 3 | 64245091એ | ઈમરજન્સી હેન્ડ પંપ | 31 નંગ | 29.05.2024 |
| 4 | 64245007એ | ટેમ્પિંગ આર્મા | 48 નંગ | 21.05.2024 |
| 5 | 30243204એ | AAR મંજૂર કારતૂસ ટેપર્ડ રોલર બેરિંગ્સ વર્ગ 'K'. | 800 નંગ | 27.05.2024 |
| 6 | 38241513 | નટ સાથે કી બોલ્ટ. | 142000 નંગ | 30.05.2024 |
| 7 | 38241218 | આંતરિક સ્પ્રિંગ બોલ્સ્ટર | 2000 નંગ | 30.05.2024 |
| 8 | 30242724 | 140 KN - એર સ્પ્રિંગ એસેમ્બલી. | 09 નંગ | 30.05.2024 |
| 9 | 30233055એ | માઉન્ટિંગ વ્યવસ્થાનો એક કોચ સેટ. | 04 સેટ | 30.05.2024 |
| 10 | 40235053બી | સંપર્ક વાયર સમાંતર. | 27472 નંગ | 27.05.2024 |
| 11 | 20243739 | સ્પીડ સેન્સર 5-પિન અને 3-પિન ડબલ કપ્લર. | 04 નંગ | 21.05.2024 |
| 12 | 20233678 | એક્સ્ટ્રીમ પ્રેશર લુબ્રિકન્ટ પેસ્ટ. | 14 કિલોગ્રામ | 29.05.2024 |
| 13 | 20243536 | બેરિંગ 6312 ZRC3. | 500 નંગ | 29.05.2024 |
| 14 | 30244285 | KE-1 ડિસ્ટ્રીબ્યુટર વાલ્વ માટે POH કિટ. | 417 સેટ | 11.06.2024 |
| 15 | 30242603 | GSGN માટે ડેન્સિફાઈડ થર્મલી બોન્ડેડ બ્લોક્સનો સમૂહ. | 45 સેટ | 11.06.2024 |
| 16 | 20243352 | મેગ્નેટ વાલ્વ/EP વાલ્વ એસેમ્બલી. | 10 નંગ | 27.05.2024 |
| 17 | 70231592બી | રોલર ટેપર સેગમેન્ટ W 5.4. | 16 સેટ | 22.05.2024 |
| 18 | 20233686સી | હોસ કપલિંગ 1(MR EP) LH. | 40 નંગ | 30.05.2024 |
| 19 | 20242612બી | પ્રાથમિક વસંત (આઈનર). | 142 નંગ | 27.05.2024 |
| 20 | 20233465ડી | પ્રેશર રેગ્યુલેટર માટે કીટ. | 38 સેટ | 27.05.2024 |
| 21 | 20231513 | O રિંગ ચાર મેગ્નેટ વાલ્વનો સેટ. | 385 સેટ | 04.06.2024 |
| 22 | 38241473 | બ્રેક સિલિન્ડર 355 mm, | 415 નંગ | 03.06.2024 |
| 23 | 30232887એ | બોડી સાઈડ એરેન્જમેન્ટ. | 18 નંગ | 03.06.2024 |

નોંધ :- ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટની સંપૂર્ણ માહિતી IREPS ની વેબસાઈટ http://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે . ટેન્ડરમાં કોઈપણ ફેરફારો/શુદ્ધિપત્ર માટે કૃપા કરીને નિયમિતપણે આ વેબસાઈટની મુલાકાત લો . અખબારમાં કોઈ અલગ શુદ્ધિપત્ર પ્રકાશિત કરવામાં આવશે નહીં.

791/24(A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

સિટી એક્સપ્રેસ

SUNDAY 05 MAY-2024

AHMEDABAD






# 'તમારા મોદી તો શહેનશાહ છે': 'ચૂંટણી છે ભારતમાં, વાત કરે છે પાકિસ્તાનની

## 55 વર્ષ કોંગ્રેસની સરકાર હતી, કોની ભેંસની ચોરી કરી?; પ્રિયંકાના મોદી પર પ્રહાર

(એજન્સી) પાલનપુર, તા.04

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં 7 મેના રોજ ગુજરાતમાં મતદાન થવાનું છે. એને પગલે કોંગ્રેસ અને ભાજપના નેતાઓ ઠેર-ઠેર પ્રચાર કરી રહ્યા છે. ઉમેદવારોને જિતાડવા માટે સ્ટાર પ્રચારકો સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે આજે પ્રિયંકા ગાંધી ફરી એકવાર ગુજરાતમાં પ્રચાર કરવા આવ્યાં છે. બનાસકાંઠા અને પાટણ લોકસભા બેઠક પર લાખણીમાં આજે પ્રિયંકા ગાંધીએ જાહેરસભા સંબોધી હતી. આ તકે તેમણે વડાપ્રધાન મોદી અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા તેમજ વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધીને શેહઝાદા કહ્યા હતા એનો પણ જવાબ આપ્યો હતો અને મોદીને શહેનશાહ કહી દીધા હતા. કોંગ્રેસ ભેંસની પણ ચોરી કરી લેશેના મોદીના નિવદેનનો પણ જવાબ આપીને કહ્યું હતું કે 55 વર્ષ કોંગ્રેસની સરકાર હતી બતાવો, અમે કોની ભેંસ ચોરી કરી?.



### એક જમાનામાં ચોરી છુપીથી ભષ્ટ્રાચાર થતો, આજે ખુલ્લેઆમ ભષ્ટ્રાચાર થઈ રહ્યો છે

તમે બધાએ વેક્સિન લગાવી છે ને. સર્ટીફિકેટ પણ મળ્યુ છે આ સર્ટીફિકેટમાં શહેનસાહનો ચહેરો હતો. આ વેક્સિનને એક કંપનીએ બનાવી હતી અને તે કંપની પાસે પણ ફંડ લીધુ હતું. આજે રિપોર્ટમાં સામે આવ્યું છે કે વેક્સિન ના કારણે કેટલાક લોકોને હાર્ટ એટેક આવી શકે છે, એક બે વર્ષમાં કેટલાય લોકોને હાર્ટ એટેક આવ્યા છે. જે કંપનીઓમાં તેઓએ રેડ પાડી હતી તેની પાસેથી પણ ફંડ લીધુ છે અને રેડ બંધ કરી છે. કેસ કર્યા છે ફંડ લીધુ અને કેસ બંધ કર્યા. ગૌ માસ સપ્લાય કંપની પાસેથી પણ ફંડ લીધુ છે. આ ભષ્ટ્રાચાર જ કહેવાય ને. એક જમાનામાં ચોરી છુપીથી ભષ્ટ્રાચાર થતો હતો આજે ખુલ્લેઆમ સ્કિમ હેઠળ ભષ્ટ્રાચાર થઈ રહ્યો છે. અરે કહે છે કે ખુદ ઈમાનદાર છે બાકી બધા નેતા ભષ્ટ્ર છે.

### કોઈ રાજનીતીક પાર્ટીને ફંડ આપશે તેનું નામ ગુપ્ત રખાશે આવી સ્કિમ તેઓ લાવ્યાં

ચાલો આજે હું તેમના પર આરોપ લગાવી દવ. મોદીજી એક સ્કિમ લાવ્યા હતા, તે સ્કિમનું નામ હતુ ઈલેક્ટોરેલ બન્ડ. જે પણ કોઈ રાજનીતીક પાર્ટીને ફંડ આપશે તેનું નામ ગુપ્ત રાખવામાં આવશે આ સ્કિમ હતી. કોઈને ખબર ન પડવી જોઈએ કે અદાણી અને અંબાણીએ કેટલુ ફંડ આપ્યું છે. હવે આ મામલે કોઈએ કેસ કર્યો હતો. જેથી સુપ્રિમ કોર્ટમાં કેસ આવ્યો અને જજે આ કેસ જોયો તો કહ્યું કે, આ તો બોવ ખોટી સ્કિમ છે. રાજનીતીક પાર્ટી જનતાની સેવા કરે છે અને તેને જેઓએ ફંડ આપ્યું હોય તે જનતાને ખબર હોવી જોઈએ. મોદીજીની સરકારે સૌથી પહેલા તો કહ્યું કે લીસ્ટ અમને નથી મળતું. બહુત મુશ્કિલ છે લીસ્ટ કાધવું. પણ ન્યાયાધીશે ખખડાવ્યા તે બાદ લીસ્ટ આવ્યું હતુ. અને લીસ્ટમાં ઘણાના નામ આવ્યું, ગુજરાતમાં જે બ્રિજ ધરાશાયી થયો હતો તે બ્રિજ બનાવવા વારા પાસે પણ ફંડ લીધુ હતું.

### 55 વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી, શું અમે કોઈની ભેંસની ચોરી કરી હતી

હમણા તેઓ ગુજરાતમાં આવ્યા હતા, ચૂંટણી ભારતમાં છે અને તેઓ વાત કરી રહ્યા છે પાકિસ્તાનની. તમને કહેવામાં આવી રહ્યું છે કે, સાવધાન રહો કોંગ્રેસ એક એક્સરેની મશીન લઈ આવી રહી છે, આ મશીનથી તમારા ઘરમાંથી મંગલસૂત્ર લઈ લેશે, તમારૂ સોનું લઈ લેશે. વડાપ્રધાન થઈને આવી વાતુ કરી રહ્યા છે. પહેલા ખોટુ જ બોલતા હતા અને હવે તો અજીબઅજીબ વાતો કરી રહ્યા છે કે, તમારી બે ભેંસો છે તો એક ભેંસ કોંગ્રેસ ચોરી લેશે. 55 વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી આ દેશમાં તમે બતાવો શું ક્યારેય અમે કોઈની ભેંસની ચોરી કરી હતી, કોઈના દાગીનાની ચોરી કરી હતી શું. સબકા સાથ સબકા વિકાસની વાતો કરે છે, પણ કોઈનો વિકાસ થયો છે. બસ મોટા મોટા ઈવેન્ટ કરી રહ્યા છે.

---

**CRIME NEWS**

## વાડજમાં પરિવાર રાત્રે ધાબે સુવા ગયો અને ચોરોએ ઘરમાંથી 1.96 લાખનો હાથફેરો કર્યો

અમદાવાદ | અમદાવાદના વાડજમાં પરિવાર રાત્રે ધાબે સુવા ગયો હતો અને ચોરોએ ઘરમાં ઘૂસીને રોકડા રૂપિયા અને સોનાના દાગીનાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતાં. મળતી માહિતી અનુસાર મનોજ પંચાલ મિસ્ત્રી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના મકાનની ઉપર ભાડુઆત રહે છે. બે દિવસ પહેલાં રાત્રે પરિવારના સભ્યો પરવારીને ઘર બંધ કરીને ધાબે સુવા માટે ગયા હતાં. બીજા દિવસે સવારે છ વાગ્યાની આસપાસ ફરિયાદીની માતા જાગીને નીચે આવ્યા ત્યારે ઘરના દરવાજાનો નકુચો તૂટેલો હતો. ફરિયાદીના જણાવ્યા પ્રમાણે મારી માતાએ મને જગાડીને વાત કરી અને મેં નીચે આવી જોયેલું તો મારા ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલ હતો અને દરવાજો ખુલ્લો હતો. મેં ઘરમાં પ્રવેશ કરી જોતા મારા પ્રથમ રૂમમાં ટી.વી ટેબલ ઉપર મુકેલ મારુ પાકીટ જોતા તેમાંથી ચાર હજાર રોકડા હતા નહીં. મારા અંદરના બીજા નંબરના રૂમમાં પ્રવેશ કરી જોતા તેમાં પડેલી તિજોરીનું લોક તુટેલ હતો.

## ચાંદલોડિયા પાસે બે મિત્ર પર 5 લુખ્ખા તત્વોનો હુમલો, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ઘરે પરત જઈ રહેલા બે મિત્રોની કાર પર ચાંદલોડિયા ગરનાળા પાસે કેટલાક લુખ્ખા તત્વોએ જોરથી મુક્કો માર્યો હતો, ત્યારબાદ ગાડીના ચાલકે તેમને મુક્કો કેમ માર્યો તેમ સવાલ કરતાં જ હુમલો કરી દીધો હતો. છરીથી નાક અને અન્ય ભાગો પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બધાએ ભેગા થઈને ગાડીમાં રહેલા બે મિત્રોને માર માર્યો હતો. તેની પોલીસ ફરિયાદ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. શું છે સમગ્ર મામલો : મળતી માહિતી અનુસાર પ્રયાગ પટેલે સોલા હાઈકોર્ટમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 2 મેના રોજ હું અને મારો મિત્ર દેવ રાઠોડ રાણીપ અમારા મિત્ર વિવેકના બર્થ-ડેમાં ગયા બાદ રાત્રીના મોડેથી ઘરે પરત જવા નીકળ્યા હતા. ચાંદલોડીયાના દુર્ગા સ્કૂલ પાસેના ગરનાળાથી પસાર થતા હતા. તે દરમિયાન ગરનાળાથી થોડે દુર રોડ પાસે કોઈ પાર્લર જેવુ છે. ત્યાં 6 જેટલા શખસ હાજર હતા.

## અમદાવાદમાં મુંબઈથી ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવવામાં આવેલો બિયરનો જથ્થો સાથે 1ની અટકાયત

અમદાવાદ | અમદાવાદમાં લોકસભાની ચૂંટણી ટાણે દારૂની હેરાફેરી અટકાવવા માટે પોલીસ સક્રિય થઈ ગઈ છે. શહેરમાં ટ્રાન્સપોર્ટ મારફતે મંગાવવામાં આવેલો બિયરના જથ્થા સાથે એક શખસની ક્રાઈમ બ્રાંચે અટકાયત કરી છે. ક્રાઈમ બ્રાંચે ટ્રાન્સપોર્ટમાં આવેલા બિયરના 168 ટીન સહિત કુલ 28 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. કેવી રીતે બિયરનો જથ્થો ઝડપ્યો મળતી માહિતી અનુસાર અમદાવાદમાં લોકસભાની ચૂંટણી ટાણે દારૂની હેરાફેરીને રોકવા માટે પોલીસે ચારેબાજુ ચોકી ગોઠવી દીધી છે. તે છતાં શહેરમાં દારૂની હેરાફેરી થઈ રહી છે. શહેરના કાલુપુર ચોખા બજાર પાસે ગુજરાત ગુડ્સ ટ્રાન્સપોર્ટ પાસેથી ક્રાઈમ બ્રાંચે બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, ટ્રાન્સપોર્ટમાં બિયરનો જથ્થો આવ્યો છે અને તેને લેવા માટે દિપક રાજપૂત નામનો વ્યક્તિ આવેલો છે.

---

# ચિકન સેન્ડવીચ ખાધી, 50 લાખનું વળતર માગ્યું



## અમદાવાદની યુવતીએ ઓનલાઇન પનીર ટિક્કા સેન્ડવીચ ઓર્ડર કરી, ફૂડ ખાતા બાદ શંકાસ્પદ લાગતા ફરિયાદ કરી

(એજન્સી) અમદાવાદ, તા.04

ઓનલાઈન મંગાવેલા ફૂડમાં અવારનવાર જીવાત નીકળતી હોવાના બનાવો સામે આવતા રહ્યા છે, પરંતુ આ વખતે એક યુવતીએ પનીર ટિક્કા સેન્ડવીચનો ઓર્ડર કરી અને ચિકન સેન્ડવીચ આપવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદની એક રેસ્ટોરન્ટમાંથી યુવતીએ પનીર ટિક્કા સેન્ડવીચ ઓર્ડર કરી જેની સામે ચિકન સેન્ડવીચ આપવામાં આવી હતી. યુવતીએ જ્યારે સેન્ડવીચ ખાધી ત્યારે તેને ખબર પડી કે, આ નોનવેજ સેન્ડવીચ આપવામાં આવી છે. જે અંગે યુવતીએ કોર્પોરેશનના હેલ્થ વિભાગમાં લેખિતમાં ફરિયાદ કરી છે. તેમજ બહુ ખરાબ અનુભવ થતાં 50 લાખના વળતરની માગ પણ કરી છે.

### વેજીટેબલ સેન્ડવીચના ઓર્ડર પર ચિકન મળ્યું

નિરાલી પરમાર નામની યુવતીએ AMCના ડેપ્યુટી હેલ્થ ઓફિસરને ફરિયાદ કરી છે કે, વેજિટેરિયન ફૂડ ઝોમેટો એપ્લિકેશન પરથી ઓર્ડર કર્યો હતો, પરંતુ તેને નોનવેજ ફૂડ આપવામાં આવ્યું છે. 3 મેના રોજ યુવતી પોતાની સાયન્સ સિટી ખાતેની ઓફિસે હાજર હતી, ત્યારે તેણે પીક અપ મિલ્સ બાય ટેરા નામની ફૂડ ચેનમાંથી પનીર ટિક્કા સેન્ડવીચ ઓર્ડર કરી હતી. જેની સામે યુવતીને ચિકન સેન્ડવીચ આપવામાં આવી હતી. સેન્ડવીચ આવી ત્યારે યુવતીને ખબર ના પડી પરંતુ જ્યારે તેણે ખાધી ત્યારે તેને શંકાસ્પદ લાગ્યું હતું. પનીર થોડું કઠણ હોય તેવું લાગ્યું હતું. જેથી યુવતીએ ચેક કર્યું તો તેને ચિકન સેન્ડવીચ આપવામાં આવી હતી. યુવતીએ થોડી સેન્ડવીચ ખાઈ પણ લીધી હતી.

### ફૂડ વિભાગના અધિકારીએ કહ્યું તપાસ થશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના આરોગ્ય અધિકારી ડો. ભાવિન જોશીએ જણાવ્યું હતું કે, વેજિટેરિયન સેન્ડવીચમાં નોન વેજિટેરિયન આપવામાં આવી હોવા અંગેની ફરિયાદ મળી છે. આ મામલે ટીમને તપાસ કરવા માટે મોકલવામાં આવી છે.

# RTO સર્વર ચાલુ-બંધની સમસ્યા યથાવત

## સુભાષબ્રિજ RTOમાં ટેસ્ટિંગ ટ્રેક સર્વરના કારણે બપોર સુધી બંધ, 100થી વધુ લોકો ટેસ્ટ આપી શક્યા નહી

(એજન્સી) અમદાવાદ, તા.04

અમદાવાદના સુભાષબ્રિજ RTOમાં ટેસ્ટિંગ ટ્રેક ફરી એકવાર બંધ રહેતા લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સર્વર બંધ હોવાના કારણે બપોર સુધી ટેસ્ટિંગ ટ્રેક બંધ હતો, જેથી એપોઈન્ટમેન્ટ લઈને આવેલા લોકોએ પણ પરત જવું પડ્યું હતું. અંદાજિત 100 જેટલા લોકોએ ટેસ્ટિંગ ટ્રેક બંધ હોવાથી પરત જવું પડ્યું હતું. મહત્વનું એ છે કે, બે દિવસથી RTOમાં સર્વરની સમસ્યા છે. 100થી વધુ લોકોએ ધક્કા ખાવા પડ્યા હતા અમદાવાદ સુભાષબ્રિજ RTOમાં ટેસ્ટિંગ ટ્રેકમાં અનેક વખત સર્વર ડાઉન હોવાની અથવા તો સર્વર બંધ થવાની સમસ્યા ઊભી થાય છે. છેલ્લા બે દિવસથી RTOમાં ટ્રેકમાં સર્વરની સમસ્યા છે. આજે પણ બપોર સુધી સર્વર બંધ હતું, જેથી કોઈપણ વ્યક્તિ બપોર સુધી ટેસ્ટ આપી શક્યા નથી. 100થી વધુ




લોકોએ ટ્રેક બંધ હોવાને કારણે ધક્કા ખાવા પાડયા હતા. જોકે, RTO દ્વારા આ પ્રકારના લોકો માટે બીજા દિવસે પણ ટેસ્ટ આપી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

## વેકેશનમાં સેંકડો મુસાફરોની અવર-જવર વચ્ચે અમદાવાદ એરપોર્ટ પર વીજળી ગૂલ

(એજન્સી) અમદાવાદ, તા.04

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ગઈકાલે વહેલી સવારે 45 મિનિટ સુધી વીજ પૂરવઠો ખોરવાતાં મુસાફરોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ ઉનાળાના વેકેશનને પગલે અમદાવાદ એરપોર્ટમાં ગઈકાલે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં મુસાફરો ઉમટવાનું શરૂ થઈ ગયું હતું. સવારે પાંચ વાગે ડોમેસ્ટિક ટર્મિનલમાં વીજળી ગૂલ થઈ ગઈ હતી. જેના પગલે એક્સ રે મશીન સહિતના સાધનો બંધ થતાં મુસાફરોનો જમાવડો થઈ ગયો હતો. લાઈનમાં સતત વધારો થઈ રહ્યો હતો અને ફ્લાઈટનો સમય નજીક આવી રહ્યો હતો. જેના કારણે મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. મુસાફરોના હોબાળા બાદ આખરે સીઆઈએસએફનો વધારે સ્ટાફ મૂકીને મેન્યુઅલી કામગીરી કરવામાં આવી હતી. અમદાવાદ એરપોર્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, ટેક્નિકલ ખામીને પગલે વીજળી ગૂલ થઈ હતી. આમે છતાં મુસાફરોને કોઈ પરેશાનીનો સામનો કરવો પડે નહીં તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

## આજે રિવરફ્રન્ટ પર રન ફોર વોટ કેમ્પેઈનનું આયોજન

### હરીહરાનંદ સર્કલથી આંબેડકર બ્રિજ નીચે જતો રસ્તો વાહનોની અવરજવર માટે બંધ

(એજન્સી) અમદાવાદ, તા.04

લોકસભાની ચૂંટણીને લઈને આવતીકાલે સવારે રિવરફ્રન્ટ પર રન ફોર વોટ કેમ્પિયનનું આયોજન કરવામાં આવ્યું છે.જેને લઈને મોટી સંખ્યામાં લોકો રિવરફ્રન્ટ ખાતે મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાશે.જેથી આવતીકાલે સવારે 5 વાગ્યાથી કાર્યક્રમ પૂરો ના થાય ત્યાં સુધી સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચિમમાં હરીહરાનંદ સર્કલથી આંબેડકર બ્રિજ નીચે જતો રસ્તો વાહનોની અવરજવર માટે બંધ રહેશે. રન ફોન વોટ કાર્યક્રમનું આયોજન મતદાન જાગૃતિ અંગે રન ફોન વોટ ચેમ્પિયનનું સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેશે.વહેલી સવારે આયોજન કરવાનું હોવાથી સવારે 5 વાગ્યાથી સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચિમમાં આવેલ હરીહરાનંદ સર્કલથી આંબેડકર બ્રિજ સુધીનો રસ્તો વાહનોની અવરજવર માટે બંધ રહેશે. જેની સામે વાહન ચાલકો હરિહરાનંદ સર્કલથી ટાઉનહોલ ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તાથી મહાલક્ષ્મી ચાર રસ્તાથી અંજલિ ઓવરબ્રિજના મધ્ય ભાગે થઈ આશ્રમ રોડ તરફ જઈ શકશે.કાર્યક્રમ પૂરો ન થાય ત્યાં સુધી વાહનચાલકો માટે રસ્તો બંધ રહેશે.

# ક્ષત્રિય સમાજને ગુજરાત હાઈકોર્ટનો ઝટકો, અમદાવાદ પોલીસના જાહેરનામાને પડકારતી અરજી ફગાવી

(એજન્સી) અમદાવાદ, તા.04

કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય નેતા પુરૂષોત્તમ રૂપાલાના વિવાદીત નિવેદનને લઈ ક્ષત્રિય સમાજ અને રાજપૂત સમાજમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિને લઈ અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા કલમ-૧૪૪ હેઠળ જારી કરાયેલા જાહેરનામાને પડકારતી રાજપૂત સમાજ તરફથી કરાયેલી રિટ અરજી આજે જસ્ટિસ વૈભવી ડી.નાણાવટીએ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે અરજદારપક્ષને કોઈપણ રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે આજે આ કેસમાં પોતાનો ચુકાદો જાહેર કરતાં જણાવ્યું હતું કે, કલમ-૧૪૪નું જાહેરનામું એ શહેર પોલીસ કમિશનરની સત્તાક્ષેત્રમાં આવતી



બાબત છે અને ચૂંટણીઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તેવા જાહેર હિતમાં લેવાયેલો નિર્ણય છે. વળી, જાહેરનામાથી કોઈ વિરોધ કે દેખાવો તેમ જ રેલી-સભા પર પ્રતિબંધ નથી ફરમાવાયો પરંતુ માત્ર કાળા વાવટા અને ઉશ્કેરણીજનક ભાષણ જ પ્રતિબંધિત કરાયુ છે. સત્તાવાળાઓ દ્વારા અરજદારની કોઈ રેલી કે મીટીંગ કે સભા સંબંધી અરજી નામંજૂર કરાઈ નથી અને તેથી અરજદારની દાદ ગ્રાહ્ય રાખવા માટે કોઈ કારણ બનતુ નથી. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું કે, ચૂંટણી પ્રચારના સમયમાં કેટલાક લોકો અને જૂથો દ્વારા એક યા બીજા કારણસર કે વિરોધ હેઠળ કાળા વાવટા ફરકાવે, પ્લેકાર્ડ-બેનરો અને ઉશ્કેરણીજનક ભાષણ કે પ્રવચન, સૂત્રોચ્ચાર કરી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમમાં મૂકે ત્યારે તેનાથી તોફાનોની સ્થિતિ કે જનતાની સલામતી જોખમમાં મૂકાય તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે , તેથી નાગરિકોની સલામતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાના ભાગરૂપે આ જાહેરનામાથી કાળા વાવટા ફરકાવવા સહિતની બાબત પ્રતિબંધિત કરાઈ છે.